# શ્રી રમણ ગીતા



ગુજરાતી અનુવાદ :

**શ્રી ગોર**

શ્રી ગોર ધામ, નવા ઢુવા
તા. વાંકાનેર, જી. : રાજકોટ, પીન : ૩૬૩૬૨૨

# ॥ શ્રી રમણ ગીતા ॥

ગુજરાતી અનુવાદક :

શ્રી ગોર

શ્રી ગોર ધામ

નવા ઢુવા, તા : વાંકાનેર, જી : રાજકોટ.
પીન : ૩૬ ૩૬ ૨૨
ફોન : (૦૨૮૨૮) ૮૭૭૩૨

# ॥ प्रथमोऽध्यायः ॥
## પહેલો અધ્યાય

### उपासन प्राधान्य निरूपणम्
### ઉપાસનાની પ્રધાનતા

महर्षि रमणं नत्वा कार्तिकेयं नराकृतिम् ।
मतं तस्य प्रसन्नेन ग्रन्थेन उपनिबध्यते ॥ १ ॥

મહર્ષિ રમણે નામી માનવીરૂપ કાર્તિકે
તેમનો મત સંગ્રાહ્યો આ પ્રાસાદિક પુસ્તકે ૧

શિવના પુત્ર કાર્તિકેયના અવતાર શ્રી રમણ મહર્ષિને પ્રણામ કરીને એમનો ઉપદેશ આ ગ્રંથ દ્વારા હવે કહેવાશે.

ईशपुत्रशके रामभूमिनन्दधरामिते ।
एकोनत्रिंश दिवसे द्वादशे मासि शीतले ॥ २ ॥

उपविष्टेषु सर्वेषु शिष्येषु नियतात्मसु ।
भगवन्तम् ऋषिम् सोऽ हमपृच्छं निर्णयाप्तये ॥ ३ ॥

ઓગણીસો અને તેર ઇશુથી ચાલતા સને
શિયાળે બારમે માસે ઓગણત્રીસમે દિને. ૨

સંયમશીલ સહુ શિષ્યો બેઠા'તા ગુરૂ ઘેરીને
શંકા નિવારવા અર્થે પૂછ્યુ મેં ભગવંતને. ૩

ઈસવી સન ૧૯૧૩ માં શીતળ ડિસેમ્બરની ૨૯ મી તારીખે જ્યારે બધા શિષ્યો સંયમપૂર્વક બેઠા હતા ત્યારે નિશ્ચયમાટે, મેં ભગવાન મહર્ષિને નીચે પ્રમાણે પૂછ્યું.

## प्रथमः प्रश्नः
## પહેલો પ્રશ્ન

सत्य असत्य विवेकेन मुच्यते केवलेन किम् ।
उताहो बन्धहानाय विद्यते साधनान्तरम् ।। ४ ।।

સત્યાસત્યવિવેકે જ મુકિત પ્રાપ્ત કરાય શું ?
અથવા બંધમુકિતનું અન્યસાધન છે કશું ? ૪

કેવળ સત્ય અને અસત્યના વિવેકથી વિવેકી પુરુષો મુકત થઈ શકે અથવા બંધનના ત્યાગ માટે અન્ય કોઈ સાધન છે ?

## द्वितीयः प्रश्नः
## બીજો પ્રશ્ન

किं अलम् शास्त्रचर्चैव जिज्ञासूनां विमुक्तये ।
यथागुरूपदेशं किम् उपासनं अपेक्षते ।। ५ ।।

પર્યાપ્ત શાસ્ત્ર ચર્ચા જ મોક્ષ માટે મુમુક્ષુને ?
વળી તેને અપેક્ષા શું સેવના ગુરુબોધની ? ૫

જિજ્ઞાસુ ની મોક્ષ પ્રાપ્તિ માટે શાસ્ત્રચર્ચા જ પર્યાપ્ત છે અથવા ગુરુ ના ઉપદેશ અનુસાર ઉપાસનાની પણ જરુર છે ?

## तृतीयः प्रश्नः
## ત્રીજો પ્રશ્ન

स्थितप्रज्ञः स्थितप्रज्ञं आत्मानं किम् समर्थयेत् ।
विदित्वा परिपूर्णत्वं ज्ञानस्य उपरतेः उत ।। ६ ।।

પૂર્ણતાની પ્રતીતિમાં કે શું જ્ઞાનવિરામમાં
સ્થિતપ્રજ્ઞ પિછાણે શું પોતાની સ્થિતપ્રજ્ઞતા ? ૬

સ્થિતપ્રજ્ઞ પોતાને સ્થિતપ્રજ્ઞ કઈ રીતે જાણે છે ? પૂર્ણતાનાં બોધ વડે કે બાહ્યાભ્યંતર સમસ્ત જ્ઞેય પદાર્થોથી નિવૃત થઈને ?

## चतुर्थः प्रश्नः
## ચોથો પ્રશ્ન

ज्ञानिनं केन लिंगेन ज्ञातुं शक्ष्यन्ति कोविदाः ।

## पंचमः प्रश्नः
## પાંચમો પ્રશ્ન

ज्ञानाय एव समाधिः किं कामाय अपि उत कल्पते ।। ७ ।

જ્ઞાનીને પંડિતો કેમ પિછાણી શકતા હશે ?
સમાધિ જ્ઞાન માટે કે સાધવા અન્યકામના ? ૭

પંડિતજનો ક્યાં ચિહ્નોથી જ્ઞાનીને જાણી શકે ?
શું સમાધિ કેવળ જ્ઞાન માટે જ છે કે સમાધિ વડે સાંસારિક ઈચ્છાઓ પણ પૂરી થાયછે ?

## षष्ठः प्रश्नः
## છઠ્ઠો પ્રશ્ન

कामेन योगं अभ्यस्य स्थितप्रज्ञः भवेत् यदि ।
सकामः अमुष्य साफल्यं अधिगच्छति वा न वा ।। ८ ।।

યોગ જો કામનાર્થે કો સાધતાં જ્ઞાન મેળવે
મૂળની કામના તેની તોષાઈ કે અતૃપ્ત રહે ? ૮

કોઈ સાંસારિક કામના માટે યોગનો અભ્યાસ કરતો સાધક અગર સ્થિતપ્રજ્ઞ થઈ જાય, તો જે કામના માટે યોગાભ્યાસ કરતો હતો તે કામના પૂરી થાય અથવા નહીં ?

एवं मम गुरूः प्रश्नान् आकर्ण्य करूणानिधिः ।
अब्रवीत् संशयच्छेदी रमणो भगवान् ऋषिः ।। ९ ।।

સર્વ પ્રશ્નો સુણી મારા ગુરુ એ કરુણાનિધિ
સંશયો છેદતા બોલ્યા રમણ શ્રી મહામુનિ. ૯

મારા સંદેહને દૂર કરવાવાળા દયાનિધિ શ્રી રમણ ભગવાન મહર્ષિ આ પ્રમાણે મારા પ્રશ્નો સાંભળીને નીચે પ્રમાણે બોલ્યા :

## प्रथम प्रश्नस्य उत्तरम् :
## પહેલા પ્રશ્નનો ઉત્તર

मोचयेत् सकलान् बन्धान् आत्मनिष्ठैव केवलम् ।
सत्य असत्य विवेकं तु प्राहुः वैराग्य साधनम् ।। १० ।।

એકલી આત્મનિષ્ઠાથી બંધનો સહુ છૂટતાં
સત્યાસત્યવિવેકે તો વૈરાગ્યસિધ્ધ થાયછે. ૧૦

કેવળ આત્મામાં દ્રઢ નિષ્ઠા જ સર્વ બંધનોથી મુકત કરે છે. સત્ય- અસત્યનાં વિવેકને વૈરાગ્યનું સાધન કહેવામાં આવે છે.

सदा तिष्ठति गंभीरो ज्ञानी केवलं आत्मनि ।
न असत्यं चिन्तयेत् विश्वं न वा स्वस्य तदन्यताम्
।। ११ ।।

જ્ઞાની તો નિત્યગંભીર આત્મામાં સ્થિત હોયછે.
અસતના વિશ્વને લેખે ભિન્ન ના  નિજ આત્મને ૧૧

જ્ઞાની કેવળ નિજ મૂળ સ્વરૂપ આત્મામાં જ સદા ગંભીર રહે છે. તે વિશ્વને અસત્ય નથી માનતો - ન પોતાથી અલગ.

## द्वितीय प्रश्नस्य उत्तरम् :
## બીજા પ્રશ્નનો ઉત્તર :

न संसिद्धिः विजिज्ञासोः केवलं शास्त्र-चर्चया ।
उपासनं विना सिद्धिर्नैव स्यात् इति निर्णयः ।। १२ ।।

એકલી શાસ્ત્રચર્ચાથી ના પામે સિદ્ધિ સાધક
ઉપાસના વિના સિદ્ધિ મળે ના કદિ કોઈને. ૧૨

મુમુક્ષુને કેવળ શાસ્ત્રચર્ચાથી આત્મલાભ રૂપી સિદ્ધિ પ્રાપ્ત નથી થતી. ઉપાસના વગર આત્મજ્ઞાન થતું નથી એ સિદ્ધાંત છે.

अभ्यास काले सहजां स्थितिं प्राहुः उपासनम् ।
सिद्धिं स्थिरां यदा गच्छेत् सा एव ज्ञानं तदा उच्यते ।।१३।।

અભ્યાસે સહજે થાયે સ્થિતિ તે જ ઉપાસના
સિદ્ધિ જો સ્થિરતા પામે તે જ જ્ઞાન ગણાયછે. ૧૩

અભ્યાસ કાળ દરમ્યાન સહજ સ્થિતિને ઉપાસના કહે છે. ઉપાસક જ્યારે સ્થિર સિદ્ધિને પ્રાપ્ત થાયછે ત્યારે એ જ જ્ઞાન કહેવાયછે.

विषयान् संपरित्यज्य स्वस्वभावेन संस्थितिः ।
ज्ञानज्वालाकृतिः प्रोक्ता सहजा स्थितिः आत्मनः ।।१४।।

વિષયો સર્વથા ત્યાગી સ્વરુપે નિજમાં સ્થિતિ
જ્ઞાનજવાલાકૃતિ કે છે આત્માની સહજસ્થિતિ. ૧૪

વિષયોને યોગ્યરીતે ત્યજીને પોતાના સ્વરૂપમાં સ્થિતિ એ જ સહજ સ્થિતિ છે, જે જ્ઞાનની જવાળા રૂપે છે.

## तृतीय प्रश्नस्य उत्तरम्:
### ત્રીજા પ્રશ્નનો ઉત્તર :

निर्वासनेन मौनेन स्थिरायां सहज स्थितौ ।
ज्ञानी ज्ञानिनं आत्मानं निःसंदेहः समर्थयेत् ।। १५ ।।

આત્મસ્થિત થઈ મુકત મૌનથી પરિત્યાગથી
આપની જ્ઞાનિતા કેરી પ્રતીતિ જ્ઞાનીને થતી. ૧૫

વાસના રહિત મૌન વડે સહજ સ્થિતિમાં સુપ્રતિષ્ઠિત થયે જ્ઞાની પોતાને નિઃસંદેહ જ્ઞાની નિશ્ચિત કરે છે.

## चतुर्थ प्रश्नस्य उत्तरम्:
### ચોથા પ્રશ્નનો ઉત્તર :

सर्व भूतसमत्वेन लिंगेन ज्ञानं अह्यताम् ।

સમતા સર્વભૂતોમાં એ ચિન્હે જ્ઞાન ઓળખ

સર્વ પ્રાણીઓમાં સમતા રૂપી લક્ષણથી પંડિતજનો જ્ઞાનીને ઓળખી શકે છે.

## पंचम प्रश्नस्य उत्तरम्:
### પાંચમા પ્રશ્નનો ઉત્તર :

काम आरब्धः समाधिस्तु कामं फलति निश्चितम् ।।१६।।

યોગીની મૂળ ઈચ્છાઓ સમાધિથી ફળે નકી. ૧૬

કોઈ વિશેષ ઈચ્છાથી પ્રારંભ થયેલી સમાધિ તે ઈચ્છાને અવશ્ય પૂરી કરે છે.

## षष्ठ प्रश्नस्य उतरम्ः
## છઠ્ઠા પ્રશ્નનો ઉત્તર :

कामेन योगं अभ्यस्य स्थितप्रज्ञो भवेत् यदि ।
स कामोऽमुष्य साफल्यं गच्छन् अपि न हर्षयेत् ।। १७ ।।

કામાર્થે યોગ સાધી કો સ્થિત પ્રજ્ઞબને કદી
ભલે કામ ફળે એનો હર્ષ એને ન એ થકી. ૧૭

**કોઈ સાંસારિક કામના માટે યોગનો અભ્યાસ કરતો સાધક સ્થિતપ્રજ્ઞ થઈ જાય તો એ કામના પૂરી થાય તો પણ એથી એને હર્ષ થતો નથી.**

इति श्री रमण गीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे
रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे उपासन प्राधान्य
निरूपणं नाम प्रथमोऽध्यायः

# द्वितीयोऽध्यायः
## બીજો અધ્યાય

### मार्गत्रयकथनम्
### *ત્રણે માર્ગોનું નિરૂપણ.*

ईशपुत्र शके बाण भूमिनंद धरा मिते ।
चातुर्मास्ये जगौ सारं संगृह्य भगवानृषिः ।। १ ।।

એક હજાર ને નૌસો પંદરે ઈશુના સને
ચોમાસે ભગવંતે આ ગાયો સાર પ્રબોધનો. ૧

ઈસવી સન ૧૯૧૫ ના ચાતુર્માસ માં ભગવાન શ્રી રમણ મહર્ષિએ એમના સમગ્ર ઉપદેશનો સાર નીચેના એક શ્લોકમાં કહી સંભળાવ્યો.

हृदयकुहरमध्ये केवलं ब्रह्ममात्रं
हि अहंअहंइति साक्षात् आत्मरूपेण भाति ।
हृदि विश मनसा स्वं चिन्वता मज्जता वा
पवनचलन रोधात् आत्मनिष्ठो भव त्वम् ।। २ ।।

હૃદયકુહર મધ્યે તત્વ જે બ્રહ્મમાત્ર
અહમહમરૂપે તે આત્મરુપે પ્રકાશે
સ્થિર મન થકી શોધ્યે પ્રાણરોધ્યે નિમજ્જયે
હૃદયમહિ પ્રવેશો થાવ ને આત્મનિષ્ઠ. ૨

હૃદયરૂપી ગુફામાં કેવળ બ્રહ્મ માત્ર જ હું હું એ પ્રમાણે આત્મા રૂપે પ્રકાશે છે. હૃદયમાં મન દ્વારા પોતાને શોધતા શોધતા અથવા હૃદયમાં ડૂબકી લગાવીને અથવા પ્રાણનો નિરોધ કરી આત્મનિષ્ઠ થાઓ.

श्लोकं भगवतो वक्त्रात् महर्षेः इमम् उदगतम् ।
श्रुत्यन्तसारं यो वेद संशयो नास्य जातुचित् ।। ३ ।।

મહર્ષિ મુખેથી આ શ્લોક ઉદ્‌ગમ પામિયો
શ્રુતિસાર સમો તેને જાણ્યે છેદાયસંશયો. ૩

ભગવાન મહર્ષિનાં શ્રી મુખેથી નીકળેલા વેદાંતના સારરૂપ આ શ્લોકને જે જાણે છે તેને ક્યારેય કોઈ સંશય પેદા થતો નથી.

अत्र श्लोके भगवता पूर्वार्धे स्थानं ईरितम् ।
शारीरकस्य दृश्ये अस्मिन् शरीरे पाँचभौतिके ।। ४ ।।

પંચભૂત શરીરે આ આત્માનું સ્થાન હોયક્યાં
ભગવંતે બતાવ્યું તે શ્લોક પૂર્વાધને વિષે. ૪

આ શ્લોક ના પૂર્વાર્ધમાં શ્રી રમણ મહર્ષિ દ્વારા પંચભૂતથી બનેલા આ શરીરમાં આત્માનું સ્થાન બતાવવામાં આવ્યું છે.

तत्र एव लक्षणं च उक्तम् द्वैतं ईशा च वारितम्
उक्तं च अपि अपरोक्षत्वं नाना लिंग निबर्हणम् ।। ५ ।।

પછી લક્ષણ વર્ણવ્યું નિવાર્યુ દ્વૈત ઇશ્વરે
પ્રત્યક્ષત્વ વળી બોધ્યું અનેકત્વ ઉવેખીને. ૫

પૂર્વાર્ધમાં જ આત્માનું લક્ષણ કહેવામાં આવ્યું છે અને ઈશ્વરથી આત્માના દ્વૈતનું નિવારણ પણ કરવામાં આવ્યું છે. આત્માનું અપરોક્ષત્વ, જે અનેક પ્રકારનાં લિંગ ભેદોને દૂર કરે છે, તે પણ શ્લોકનાં પૂર્વાર્ધમાં કહેવામાં આવ્યું છે.

उपदेशो द्वितियार्धे शिष्याभ्यासकृते कृतः ।
त्रेधा भिन्नेन मार्गेण तत्वात् ऐक्यं समीयुषा ।। ६ ।।

દ્વિતીયાર્ધે કર્યો બોધ અભ્યાસાર્થે જ શિષ્યના।
ભિન્ન માર્ગ ત્રણે પૈકી એકથી મુક્તિ સાધવા. ૬

શ્લોકનાં ઉત્તરાર્ધમાં ત્રણ જુદા જુદા પણ એક જ જગ્યાએ પહોંચાડવા વાળા માર્ગોનો ઉપદેશ શિષ્યોના અભ્યાસ માટે દર્શાવાયો છે.

उपायो मार्गणाभिख्यः प्रथमः सम्प्रकीर्तितः ।
द्वितीयो मज्जनाभिख्यः प्राणरोधः तृतीयकः ।। ७ ।।

આત્મશોધ પહેલો છે માર્ગ જે અહિં વર્ણવ્યો
આત્મમજ્જન છે બીજો. ત્રીજો છે પ્રાણરોધન. ૭

અન્વેષણ નામનો પ્રથમ ઉપાય કહેવામાં આવ્યો છે. મજ્જન નામનો બીજો ઉપાય છે અને ત્રીજો ઉપાય પ્રાણનિરોધ છે.

इति श्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे
रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे
मार्गत्रयकथनं नाम द्वितीयोऽध्यायः ।

## ।। तृतीयोऽध्यायः ।।
## ત્રીજો અધ્યાય

### मुख्य कर्तव्य निरूपणम् ।
મુખ્ય કર્તવ્યનું નિરૂપણ

दैवरातस्य संवादम् आचार्य रमणस्य च ।
निबध्नीमः तृतीये अस्मिन् अध्याये विदुषां मुदे ।। १ ।।

રમણાચાર્ય સાથેનો સંવાદ દૈવરાતનો
ત્રીજા અધ્યાયમાં આંહિ મુમુક્ષુ સારુ સાંકળ્યો. ૧

આ ત્રીજા અધ્યાયમાં દૈવરાત અને આચાર્ય શ્રી રમણ મહર્ષિનો સંવાદ, પંડિતોનાં આનંદ માટે રચ્યો છે.

दैवरात उवाचः
દૈવરાત બોલ્યા :

किं कर्तव्यं मनुष्यस्य प्रधानम् इह संसृतौ ।
एकं निर्धार्य भगवान् तत् मे व्याख्यातुमर्हति ।। २ ।।

સંસારે આ મનુષ્યોનું મુખ્ય કર્તવ્ય શું હશે ?
કૃપાળુ દાખવો આપ આપનો મત નિશ્ચિત. ૨

આ સંસારમાં મનુષ્યનું પ્રધાન કર્તવ્ય કયું છે ?
એ ભગવાન શ્રી રમણ મહર્ષિ એક નિર્ણય કરીને મને કહેવા કૃપા કરે.

भगवानुवाच
ભગવાન શ્રી રમણ બોલ્યા :

स्वस्य स्वरूपं विज्ञेयं प्रधानं महत् इच्छता ।
प्रतिष्ठा यत्र सर्वेषां फलानामुत कर्मणाम् ।। ३ ।।

કર્મો તથા ફળો સૌનો જયાંહિ આધાર હોયતે
સ્વસ્વરૂપ તણું જ્ઞાન મુખ્યકાર્ય મનુષ્યનું. ૩

મહત્ત્વ ઈચ્છતા જિજ્ઞાસુ માટે પોતાના સ્વરૂપને બરાબર જાણવું એ જ મુખ્ય કર્તવ્ય છે. સ્વરૂપમાં જ સર્વ કર્મ અને સર્વ ફળની પ્રતિષ્ઠા છે.

दैवरात उवाच :
દૈવરાતે પૂછ્યું :

स्वस्य स्वरूपविज्ञाने साधनं किं समासतः ।
सिध्येत् केन प्रयत्नेन प्रत्यग्दृष्टिः महीयसी ।। ४ ।।

પ્રીછવા નિજનું રુપ કયું સાધન સુતરું ?
દિવ્યઆંતરદૃષ્ટિ તે સધાયે શા પ્રયત્નથી ? ૪

પોતાના સ્વરૂપને જાણવાનું ટૂંકમાં સાધન કયું છે ?
કેવા પ્રયત્નોથી મહાન અંતર્દષ્ટિ સિદ્ધ થાય છે ?

भगवानुवाचः
ભગવાન શ્રી રમણ બોલ્યા :

विषयेभ्यः परावृत्य वृतीः सर्वाः प्रयत्नतः ।
विमर्शे केवलं तिष्ठेत् अचले निरूपाधिके ।। ५ ।।

સર્વ વૃતિ પ્રયત્નોથી વાળીને વિષયો થકી
ઉપાધિહીન ને સ્થિર માત્ર જે શોધમાં રમે. ૫

વિષયોથી સમસ્ત વૃત્તિઓ પ્રયત્નપૂર્વક પાછી વાળીને સ્થિર ઉપાધિરહિત આત્મવિચારમાં જ લાગ્યા રહેવું .

स्वस्य स्वरूप विज्ञाने साधनं तत् समासतः ।
सिध्येत् तेन एव यत्नेन प्रत्यग्दृष्टिर्महीयसी ।। ६ ।।

પ્રીછવા નિજનું રુપ તે જ સાધન સુતરું,
તેજ યત્ને થતી સિદ્ધ દિવ્યઆંતરદષ્ટિ યે. ૬

આ જ ટૂંકમાં પોતાના સ્વરૂપને જાણવાનું સાધન છે. આ પ્રયત્નથી જ મહાન અંતર્દષ્ટિ સિદ્ધ થાય છે.

दैवरात उवाच :
દૈવરાતે પૂછ્યું :

यावत् सिद्धिः भवेत् नृणां योगस्य मुनिकुंजर ।
तावन्तं नियमाः कालं किं यत्नं उपकुर्वते ।। ७ ।।

યોગાભ્યાસ વિષે સિદ્ધિ પ્રાપ્ત થાય ન ત્યાં સુધી
નિયમો યોગના થાયે, મુનિશ્રેષ્ઠ ! સહાયક ? ૭

હે મુનિઓમાં શ્રેષ્ઠ ! જ્યાં સુધી મનુષ્યને યોગની સિદ્ધિ નથી થતી, ત્યાં સુધી સંયમ વગેરે નિયમો એની સાધનામાં મદદરૂપ થાયછે ?

भगवानुवाच :
ભગવાન શ્રી રમણ બોલ્યા :

प्रयत्नं उपकुर्वन्ति नियमा युज्जतां सताम् ।
सिद्धानां कृतकृत्यानां गलन्ति नियमाः स्वयम् ।। ८ ।।

યોગસાધકના યત્ને નિયમો સા'યરૂપ છે
સિદ્ધિ પ્રાપ્ત થતાં સ્હેજે નિયમો આપ ઓસરે. ૮

યોગાભ્યાસ કરવા વાળા સાધકોને સંયમ ઈત્યાદિ નિયમો એની સાધનામાં સહાયક થાય છે, પરંતુ કૃતકૃત્ય સિદ્ધો માટે નિયમો આપમેળે ખરી પડે છે.

दैवरात उवाच :
દૈવરાતે પૂછ્યું :

केवलेन विमर्शेन स्थिरेण निरूपाधिना ।
यथा सिद्धिः तथा मंत्रैः जप्तैः सिध्धिर्भवेन्न वा ।। ९ ।।

ઉપાધિ રહિત કેવળ સ્થિર આત્મવિચાર થી જેવી સિદ્ધિ પ્રાપ્ત થાયછે, તેવી સિદ્ધિ મંત્ર - જપથી પણ થાયછે કે નહીં ?

भगवानुवाचः
ભગવાન શ્રી રમણ બોલ્યા :

अचंचलेन मनसा मन्त्रैर्जप्तैर्निरन्तरम् ।
सिद्धिः स्यात् श्रद्धधानानाम् जप्तेन प्रणवेन वा ।। १० ।।

એકચિતે જપે નિત્યે મંત્રો કે મંત્ર ૐ તણો
શ્રદ્ધાળુ સાધકો તેવા પામતા સિદ્ધિ નિશ્ચિત. ૧૦

સ્થિર મનથી નિરંતર જપેલા મંત્રોથી અથવા પ્રણવથી,
શ્રદ્ધાપૂર્વક જપ કરવાવાળાને સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

वृत्तिः जपेन मंत्राणां शुद्धस्य प्रणवस्य वा ।
विषयेभ्यः परावृत्ता स्वस्वरूपात्मिका भवेत् ।। ११ ।।

શુદ્ધ પ્રણવના જાપે. મંત્રો નિત્યજપ્યા થકી
પરાવૃત થતી વૃતિ સ્વરૂપાત્મક થાયછે. ૧૧

મંત્રોના જપથી અથવા શુદ્ધ ૐ ના જપથી વિષયોમાંથી પાછી
ફરેલી વૃત્તિ આત્માના આકારવાળી થઈ જાયછે.

ईशपुत्रशके शैलभूमिनन्दधरामिते ।
सप्तमे सप्तमे सोऽयं संवादोऽभवदद्भुतः ।। १२ ।।

એક હજાર ને નૌસો સતરે ઈશુના સને
મહિને સાત તારીખે થયો સંવાદ દિવ્યઆ. ૧૨

આવો અદ્ભૂત સંવાદ ઈસવી સન ૧૯૧૭ ના જુલાઈ મહિનાની
સાતમી તારીખે થયો.

इति श्री रमणगीतासु ब्रह्मविद्यायां
योगशास्त्रे रमणान्तेवासिनो वासिष्ठस्य
गणपतेरूपनिबन्धे मुख्य कर्तव्य निरूपणं
नाम तृतीयोऽध्यायः ।

## चतुर्थोऽध्यायः
## ચોથો અધ્યાયઃ

ज्ञान स्वरूपकथनम्
જ્ઞાનના સ્વરૂપનું કથન.

प्रथमः प्रश्नः
પહેલો પ્રશ્ન

अहं ब्रह्मास्मीति वृतिः किं ज्ञानं मुनिकुंजर ।
उत ब्रह्माहमिति धीर्धीरहं सर्वमित्युत ।। १ ।।
अथवा सकलं चैतद्ब्रह्मेति ज्ञानं उच्यते ।
अस्माद् वृतिचतुष्कात् वा किं नु ज्ञानं विलक्षणम्
।। २ ।।

'હું જ છું બ્રહ્મ' એ વૃતિ, 'બ્રહ્મ એ હું જ' ની મતિ,
'સર્વ હું છું'નું મંતવ્ય, એમાં જ્ઞાન કયું મુનિ ? ૧

અથવા સર્વ છે બ્રહ્મ જ્ઞાન તે જ ગણાયકે ?
કે પછી જ્ઞાન બીજું કૈં ચારે આ વૃતિઓ થકી ? ૨

હે મુનિરાજ ! હું બ્રહ્મ છું એવી વૃત્તિ જ્ઞાન છે અથવા બ્રહ્મ હું છું એ વૃત્તિ જ્ઞાન છે અથવા હું જ આ સર્વ છું એવી બુદ્ધિ જ્ઞાન છે ? અથવા બધું બ્રહ્મ છે એવી વૃત્તિ જ્ઞાન કહેવાયછે કે જ્ઞાન આ ચારેયવૃત્તિઓથી કાંઈક અલગ જ વસ્તુ છે ?

अस्योत्तरम् :
આનો ઉત્તર :

इमं मम गुरूः प्रश्नं अन्तेवासिन आदरात् ।
आकर्ण्य रमणो वाक्यमुवाच भगवान्मुनिः ।। ३ ।।

શિષ્યના પ્રશ્નને પ્રેમે સાંભળી ગુરુએ મમ
મુનિ શ્રી રમણે ત્યારે વળતાં વેણ આ કહ્યાં : ૩

શિષ્યનો પ્રશ્ન આદરપૂર્વક સાંભળીને મારા ગુરુ ભગવાન શ્રી રમણ મુનિએ નીચે પ્રમાણે વચન કહ્યાંઃ

वृत्तयो भावना एव सर्वा एता न संशयः ।
स्वरूप अवस्थितिम् शुद्धां ज्ञानं आहुः मनीषिणः।। ४ ।।

સર્વ આ વૃતિઓ તો છે ભાવનામાત્ર નિશ્ચયે
સ્થિતિ શુદ્ધ સ્વરૂપે તે જ્ઞાન વિદ્વાનના મતે. ૪

આ સમસ્ત વૃત્તિઓ ભાવના માત્ર છે એમાં સંશય નથી.
બુદ્ધિમાન પુરુષો આત્મસ્વરૂપમાં નિષ્ઠાને જ જ્ઞાન કહે છે.

गुरोर्वचस्तदाकर्ण्य संशयच्छेदकारकम् ।
अपृच्छं पुनरेवाहमन्यं संशयं उद्गतम् ।। ५ ।।

શંકાને છેદનારાં એ વાક્યશ્રીગુરુનાં સુણી
અન્યશંકા થઈ તેથી પૂછયું મેં મુનિને ફરી. ૫

સંશયને નષ્ટ કરવાવાળા શ્રી ગુરૂદેવનાં વચનો સાંભળીને અન્ય ઉત્પન્ન સંશય અંગે પૂછ્યું :

द्वितीयः प्रश्नः
બીજો પ્રશ્ન

वृत्ति व्याप्यं भवेद्ब्रह्म न वा नाथ तपस्विनाम् ।
इमं मे हृदि संजातम् संशयं छेतुं अर्हसि ।। ६ ।।

વૃતિગમ્યથતું કે ના બ્રહ્મ હે તાપસેશ્વર ?
આ શંકા જે હૃદે ઉઠી નિવારો તે કૃપાધર ? ૬

હે તપસ્વિઓના નાથ ! શું બ્રહ્મ વૃત્તિ દ્વારા સમજી શકાયછે ? મારા હૃદયમાં ઉત્પન્ન આ સંશયનો નાશ કરવા આપ સમર્થ છો.

तमिमं प्रश्नमाकर्ण्य मित्रं अङ्घ्रिजुषाम् ऋषि :
अभिषिच्य कटाक्षेण मामिदं वाक्यमब्रवीत् ।। ७ ।।

પદાશ્રિત પરે જેના સદા આશિષ વર્ષતા
પ્રશ્ન આ સાંભળી બોલ્યા વાકયઆ કરીને કૃપા. ૭

પોતાના ચરણકમળોનો આશ્રય લેવાવાળાનાં મિત્ર એવા મહર્ષિએ મારો આ પ્રશ્ન સાંભળીને કરુણા યુકત નેત્રોથી જોતાં મને આ વચન કહ્યાં

अस्योतरम्
આનો ઉત્તર :

स्वात्मभूतं यदि ब्रह्म ज्ञातुं वृत्तिः प्रवर्तते ।
स्वात्माकारा तदा भूत्वा न पृथक् प्रतितिष्ठति ।। ८ ।।

બ્રહ્મ એ સ્વાત્મ છે તેને પીછવા વૃતિ જો વળે
સ્વાત્માકાર થતી વૃતિ, લેશ ના ભિન્નતા ટકે. ૮

વૃત્તિ ભાવનારૂપ હોવા છતાં પણ અગર બ્રહ્મ ને જાણવામાં પ્રવૃત્ત થાય છે ત્યારે તે વૃત્તિ સ્વયં આત્મરૂપ થઈને પોતાનું અલગ અસ્તિત્વ ખોઈ દે છે.

अयं प्रागुक्त एवश्चाब्दे सप्तमे त्वेकविंशके ।
अभवन्नौ मितग्रंथः संवादो रोमहर्षणः ।। ९ ।।

ત્રીજા અધ્યાયના વર્ષે એકવીશ જુલાઈએ
થયો આ લઘુ સંવાદ અમારો હર્ષદાયક. ૯

ઈસવીસન ૧૯૧૭ ના જુલાઈ માસની ૨૧મી તારીખે આ સંક્ષિપ્ત અને રોમ હર્ષક સંવાદ અમારા બંને વચ્ચે થયો.

इति श्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे
रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे
ज्ञानस्वरूप कथनं नाम चतुर्थोऽध्यायः ।

# पंचमोऽध्यायः
# પાંચમો અધ્યાય

## हृदयविद्या
## હૃદયવિદ્યા

प्रागुक्तेऽब्देऽष्टमे मासि नवमे दिवसे निशि ।
उपन्यसितवान् सम्यगुदिश्य हृदयं मुनिः ।। १ ।।

પૂર્વોકત વર્ષના માસે આઠમે નોમ રાત્રિએ
આપ્યો હૃદયઅંગેનો મુનિએ બોધ સુંદર. ૧

ઈસવીસન ૧૯૧૭ ની ૯મી ઓગષ્ટે રાત્રિ વેળાએ મહર્ષિએ હૃદયનાં વિષયની પૂરી વ્યાખ્યા કહી સંભળાવી :

निर्गच्छन्ति यतः सर्वा वृत्तयो देहधारिणाम् ।
हृदयं तत् समाख्यातं भावना आकृतिवर्णनम् ।। २ ।।

માનવી વૃતિઓ સર્વ થાયઉત્પન્ન જયાં થકી
હૃદયનામ છે તેનું રૂપકે વર્ણવાયતે. ૨

જયાંથી બધી વૃત્તિઓ નીકળે છે તેને હૃદય કહેવામાં આવે છે. હૃદયની આકૃતિનાં બધાં વર્ણન કેવળ માનસિક ધારણા છે.

अहंवृत्तिः समस्तानां वृत्तीनां मूलमुच्यते ।
निर्गच्छति यतः अहं धीः हृदयं तत्समासतः ।। ३ ।।

સર્વવૃતિ તણું મૂલ અહંવૃતિ ગણાયછે
અહંવૃતિ ઉઠે જયાંથી હૃદય ટૂંકમાં કહે. ૩

અહંવૃત્તિ બધી વૃત્તિઓનું મૂળ કહેવાય છે. જયાંથી અહંવૃત્તિ નીકળે છે, ટૂંકમાં તે જ હૃદયછે.

हृदयस्य यदि स्थानं भवेत् चक्रं अनाहतम् ।
मूलाधारं समारभ्य योगस्योपक्रमः कुतः ।। ४ ।।

હોયે હૃદયનું સ્થાન જો અનાહત ચક્રમાં,
મૂલાધાર થકી કેમ યોગ પ્રારંભ થાયછે ? ૪

હૃદયનું સ્થાન અગર અનાહત ચક્ર હોય, તો યોગાભ્યાસ નો પ્રારંભ મૂલાધાર ચક્રથી શું કામ કરવામાં આવે છે ?

अन्यदेव ततो रक्तपिंडात् हृदयं उच्चते ।
अयं हृदिति वृत्त्या तदात्मनो रूपमीरितम् ।। ५ ।।

સ્થૂલ હૃદયથી જૂદું આ છે હૃદયવેગળું
હૃદ્ અયમ્ તણા ભાવે આત્માનું રૂપ દાખવ્યું. ૫

હૃદય રક્તપિંડથી જુદું જ છે. "આ કેન્દ્ર છે" એવી હૃદયશબ્દનીવ્યુત્પત્તિ છે. આથી, હૃદયને આત્માનું રૂપ કહેવામાં આવ્યું છે.

तस्य दक्षिणतो धाम हृत् पीठे नैव वामतः ।
तस्मात्प्रवहति ज्योतिः सहस्त्रारं सुषुम्णया ।। ६ ।।

હૃદયસ્થાન ના ડાબે, જમણા પડખા વિષે
તેમાંનો જયોતિ મસ્તિષ્કે સુષુમ્ણા નાડીથી વહે. ૬

આ હૃદયનું સ્થાન છાતીમાં જમણી બાજુ છે - ડાબી બાજુ નહીં. આ હૃદયમાંથી સુષુમ્ણા નાડી દ્વારા જ્યોતિ સહસ્ત્રાર તરફ વહે છે.

सर्वं देहं सहस्त्राराात्तदा लोकानुभूतयः ।
ताः प्रपश्यन् विभेदेन संसारी मनुजो भवेत् ।। ७ ।।

સહસ્ત્રાર થકી જયોતિ દેહે અનુભવાય છે
એને ભિન્ન ગણે છે તે સંસાર ચક્રમાં પડે. ૭

આ જયોતિ સહસ્ત્રાર માંથી આખા દેહમાં વહે છે. આથી વિશ્વની અનુભૂતિ થાયછે. આ અનુભૂતિઓને ભેદ-બુદ્ધિ થી જોવાથી મનુષ્ય સંસારી ગણાયછે.

आत्मस्थस्य सहस्त्रारं शुद्धं ज्योतिर्मयं भवेत् ।
तत्र जीवेन्न संकल्पो यदि सांनिघ्यतः पतेत् ।। ८ ।।

આત્મસ્થ જનનું શીર્ષ શુદ્ધ જયોતિ સ્વરુપ છે
ત્યાં જીવે નહિ સંકલ્પ ઉઠે તો ભસ્મ થાયછે. ૮

આત્મ સ્વરૂપમાં સ્થિત જ્ઞાનીનું સહસ્ત્રાર કેન્દ્ર શુદ્ધ જયોતિર્મય હોય છે. તેની નજીક કોઈ સંકલ્પ પહોંચી જાય, તો તે સંકલ્પ જીવતો નથી રહેતો.

विज्ञायमानविषयं सन्निकर्षेण यद्यपि ।
न भवेत् योगभंगाय भेदस्य अग्रहणे मनः ।। ९ ।।

સંસારી વિષયો સર્વે આકર્ષે મનને યદિ
લેખે ના તેમને ભિન્ન તો યોગે ભંગ ના પડે. ૯

અગર ઈંદ્રિયોના વિષયો નજીકપણાને લીધે ગ્રહણ કરવામાં આવે તો પણ, જ્ઞાનીમાં ભેદ - દૃષ્ટિનો અભાવ હોવાથી મન યોગમાં અડચણ ઊભી નથી કરતું.

गृह्णतोऽपि स्थिरैका धीः सहजा स्थितिरूच्यते ।
निर्विकल्पः समाधिस्तु विषयासन्निधौ भवेत् ।। १० ।।

ભિન્ન લેખે છતાં સ્થિર બુદ્ધિ તે સહજ સ્થિતિ,
વેગળી વિષયોથી જે નિર્વિકલ્પ સમાધિ તે. ૧૦

ઈંદ્રિયોના વિષયોને ગ્રહણ કરવાવાળા જ્ઞાની પુરુષની સ્થિર બુદ્ધિને સહજ સ્થિતિ કહેવામાં આવે છે. પણ વિષયો ગ્રહણ ન કરે ત્યારે તે જ નિર્વિકલ્પ સમાધિ કહેવાય છે.

अण्डं वपुषि निःशेषं निःशेषं हृदये वपुः ।
तस्मात् अण्डस्य सर्वस्य हृदयं रूपसंग्रहः ।। ११ ।।

સમાયું વિશ્વ આ દેહે, દેહ આ હૃદયે વસે
સારા યે વિશ્વનું તેથી હૃદય રૂપ સંગ્રહ ૧૧

શરીરમાં સંપૂર્ણ બ્રહ્માંડ છે, અને શરીર હૃદયમાં છે.
આથી સમસ્ત બ્રહ્માંડનાં રૂપનું સંગ્રહાલય હૃદય જ છે.

भुवनं मनसो नान्यदन्यन्न हृदयान्मनः ।
अशेषा हृदये तस्मात्कथा परिसमाप्यते ।। १२ ।।

મનથી જગ ના જૂદું, હૃદયાભિન્ન છે મન
તેથી જ પૂર્ણતઃ સર્વ સમાયું હૃદયાન્તરે. ૧૨

સંસાર મનથી ભિન્ન નથી, ન મન હૃદયથી ભિન્ન છે.
આથી સમસ્ત વાર્તા હૃદયમાં જ સમાપ્ત થાયછે.

कीर्त्यते हृदयं पिंडे यथाण्डे भानुमंडलम् ।
मनः सहस्त्रारगतं बिम्बं चान्द्रमसं यथा ।। १३ ।।

પિંડે હૃદયછે તેમ બ્રહ્માંડે ભાનુ જે વિધે
સહસ્ત્રાર વિષે મન ચંદ્રનું બિંબ જેમ છે. ૧૩

જેવી રીતે બ્રહ્માંડમાં સૂર્ય મંડળ છે, એવી રીતે દેહમાં હૃદયછે. અને જેવી રીતે બ્રહ્માંડમાં ચંદ્રમા છે એવી રીતે આ દેહમાં સહસ્ત્રારની અંદર રહેવાવાળું મન છે.

यथा ददाति तपनस्तेजः कैरवबन्धवे ।
इदं वितरति ज्योतिर्हृदयं मनसे तथा ।। १४ ।।

જે રીતે ભાનુ પોતાનું આપે છ તે જ ચંદ્રને
આપે છે હૃદયજયોતિ મનને નિજ તે વિધે. ૧૪

જેવી રીતે સૂર્ય ચંદ્રમાને તેજ આપે છે, એ જ રીતે હૃદય મનને જયોતિ આપે છે.

हृद्यसन्निहितो मर्त्यो मनः केवलमीक्षते ।
असन्निकर्षे सूर्यस्य रात्रौ चंद्रे यथा महः ।। १५ ।।

હૃદયે લીન જે ના તે માનવી મન પેખતો
સૂર્યાભાવ વિષે જેમ રાત્રિએ ચન્દ્ર દીસતો. ૧૫

જેવી રીતે રાત્રિએ સૂર્ય અદશ્ય હોઈ મનુષ્ય ચંદ્રમામાં તેજ જુએ છે, એ રીતે હૃદયમાં સ્થિત ન હોવાથી મનુષ્ય કેવળ મનને જ જુએ છે.

अपश्यंस्तेजसो मूलं स्वरूपं सत्यमात्मनः ।
मनसा च पृथक् पश्यन्भावान्भ्राम्यति पामरः ।। १६ ।।

તેજનું મૂલ આત્માનું સત્યરૂપ ન પેખતો
અજ્ઞાની મનના તર્કે ભ્રમે વિશ્વ લહે જુદું ૧૬

આત્મા ના સત્યસ્વરૂપને, કે જે તેજનો મૂળ સ્ત્રોત છે, ન જોવાથી પામર મનુષ્ય મનથી પોતાથી અલગ પદાર્થો જોઈને વિચલિત થઈ જાયછે.

हृदि सन्निहितो ज्ञानी लीनं हृदयतेजसि ।
ईक्षते मानसं तेजो दिवा भानाविवैन्दवम् ।। १७ ।।

સાંનિધ્યહૃદયે જેનું તે તો માનસતેજને
હૃદયજયોતિમાં લીન પેખે ચન્દ્ર દિને જયમ. ૧૭

આત્મસ્થિત જ્ઞાની હૃદયતેજમાં લીન મનને સૂર્યમાં લીન ચંદ્ર - પ્રકાશ સમાન જુએ છે.

प्रज्ञानस्य प्रवेत्तारो वाच्यमर्थं मनो विदुः ।
अर्थं तु लक्ष्यं हृदयं हृदयान्नापरः परः ।। १८ ।।

જ્ઞાનીઓ મનને જાણે પ્રજ્ઞાન વાચ્યઅર્થમાં
જાણે હૃદય લક્ષ્યાર્થે જે ના ઈશ થકી પર. ૧૮

આત્મવેત્તા જ્ઞાની મનને પ્રજ્ઞાન નો વાચ્યાર્થ અને હૃદયને પ્રજ્ઞાનનો લક્ષ્યાર્થ જાણે છે. આત્મા હૃદયથી પૃથક્ નથી.

दृग्दृश्यभेदधीरेषा मनसि प्रतितिष्ठति ।
हृदये वर्तमानानां दृग्दृश्यं चैकतां व्रजेत् ।। १९ ।।

દૃષ્ટિ દર્શનનો ભેદ મનનું માત્ર લક્ષણ
હૃદયે તે સમાયે જો બેઉ તે એક થાયછે. ૧૯

દ્રષ્ટા અને દૃશ્યવચ્ચે ભેદ - બુદ્ધિ મનમાં હોયછે. હૃદયમાં રહેવા વાળા જ્ઞાનીઓનાં દ્રષ્ટા અને દૃશ્ય બંને એકતાને પ્રાપ્ત થઈ જાય છે.

मूर्च्छानिद्रातिसन्तोष शोकावेशभयादिभिः ।
निमित्तैराहता वृत्तिः स्वस्थानं हृदयं व्रजेत् ।। २० ।।

મૂર્છા, નિદ્રાતિસંતોષે, શોકાવેશ ભયાદિના
નિમિતો મળતાં વૃતિ સ્વસ્થાન હૃદયે જતી. ૨૦

મૂર્છા, નિદ્રા, અતિસંતોષ, શોક, ભય, વગેરે નિમિત્તોને લીધે વૃત્તિ પોતાના મૂળ સ્થાન હૃદયમાં ચાલી જાય છે.

तदा न ज्ञायते प्राप्तिः हृदयस्य शरीरिणा ।
विज्ञायते समाधौ तु नामभेदो निमित्ततः ।। २१ ।।

દશા આવી વિષે કોદિ હૃદયજાણ ના થતી
સમાધિમાં થતી નિશ્ચે નિમિતોનો જ ભેદ આ. ૨૧

પરંતુ ત્યારે (મૂર્છા વગેરે વખતે) પુરુષને હૃદયની પ્રાપ્તિ જાણવામાં નથી આવતી;પરંતુ સમાધિમાં હૃદયની પ્રાપ્તિ જાણવામાં આવે છે. એટલા માટે કારણ વિશેષથી જ નામભેદ છે.

इति श्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे
रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे
हृदयविद्या नाम पंचमोऽध्यायः ।

## षष्ठोऽध्यायः
## છઠ્ઠો અધ્યાય

मनोनिग्रहोपाय :
મનના નિગ્રહના ઉપાયો

निरूप्य हृदयस्य एवं तत्वं तत्वविदां वरः ।
मनसो निग्रहोपायम् अवदत् रमणो मुनिः ।। १ ।।

હૃદયતત્વ બોધીને તત્વ જ્ઞાન વિશારદ
મુનિ શ્રી રમણે માર્ગો મનોનિગ્રહના કહ્યા. ૧

તત્વજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ એવા શ્રી રમણ મહર્ષિએ આ પ્રકારે હૃદયના તત્વનું નિરૂપણ કરીને પછી મનના નિગ્રહ માટેના ઉપાયો કહ્યા.

नित्यवृत्तिमतां नृणां विषयासक्तचेतसाम् ।
वासनानां बलीयस्त्वात् मनः दुर्निग्रहं भवेत् ।। २ ।।

વિષયાસકત જંજાળી વ્યવહારે નિમગ્નને
વાસનાબલને લીધે મનોનિગ્રહ દુષ્કર. ૨

જેમનું ચિત્ત વિષયોમાં આસકત છે, જેમની સતત બહિર્વૃત્તિ હોય છે એવા મનુષ્યોની વાસના દઢ હોવાને કારણે એવા માણસોનાં મનનો બહુ મુશ્કેલીથી નિગ્રહ થાયછે.

चपलं तत् निगृह्णीयात् प्राणरोधेन मानवः ।
पाशबद्धो यथा जंतुः तथा चेतो न चेष्टते ।। ३ ।।

ત્યારે પ્રાણ નિરોધીને રોકવું મન ચંચલ,
મન સ્થિર રહે જેમ પાશબંધનમાં પશુ. ૩

મનુષ્ય આ ચપળચિત્તને પ્રાણાયામ દ્વારા રોકે. જેવી રીતે પાશમાં બંધાયેલ પશુ ચેષ્ટા નથી કરતું એ રીતે પ્રાણ નિરુદ્ધ થયે મન નિશ્ચેષ્ટ થઈ જાય છે.

प्राणरोधेन वृत्तीनां निरोधः साधितो भवेत् ।
वृत्तिरोधेन वृत्तीनां जन्मस्थाने स्थितो भवेत् ।। ४ ।।

વૃતિઓ વશમાં આવે પ્રાણને રોધવા થકી
વૃતિના રોધથી વૃતિ જન્મસ્થાને થતી સ્થિર. ૪

પ્રાણના નિરોધથી ચિત્ત વૃત્તિઓનો નિરોધ થાયછે. ચિત્તવૃત્તિઓના નિરોધથી ચિત્તવૃત્તિઓના જન્મસ્થાન એવા આત્મામાં સાધક સ્થિત થાય છે.

प्राणरोधश्च मनसा प्राणस्य प्रत्यवेक्षणम् ।
कुम्भकं सिध्यति हि एवं सततप्रत्यवेक्षणात् ।। ५ ।।

મનથી પ્રાણને નિત્યે પેખવો એ જ રોધન
એવી નિત્યનિરીક્ષાથી થાયછે સિદ્ધ કુંભક. ૫

પ્રાણ નિરોધનો અર્થ પ્રાણની ગતિનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ છે. આ રીતે સતત પ્રાણની ગતિનું નિરીક્ષણ કરવાથી કુંભક સિદ્ધ થાય છે.

येषां नैतेन विधिना शक्तिः कुम्भकसाधने ।
हठयोगविधानेन तेषां कुम्भकं इष्यते ।। ६ ।।

જેને આ વિધિથી સિદ્ધ થાયના કદિ કુંભક
હઠયોગ વિધાનેથી તેણે કુંભક સાધવો. ૬

જેઓ આ ક્રિયા વડે કુંભક સિદ્ધ કરવામાં શક્તિમાન નથી તેમના માટે હઠયોગ ની પ્રક્રિયા વડે કુંભક સાધ્ય છે.

एकदा रेचकं कुर्यात् कुर्यात् पूरकं अेकदा ।
कुम्भकं तु चतुर्वारं नाडीशुद्धिः भवेत् ततः ।। ७ ।।

રેચક એકદા કીધે, કર્યે પૂરક એકદા
કુંભક ચોગણો કીધે નાડીઓ શુદ્ધ થાયછે. ૭

રેચક એકવાર કરે, પૂરક એકવાર કરે પણ કુંભક ચાર વાર કરે. આ પ્રકારે રેચક, પૂરક અને કુંભકના અભ્યાસથી નાડી -શુદ્ધિ થાય છે.

(મહર્ષિએ પૂરક, કુંભક તથા રેચકનું પ્રમાણ ૧ : ૪ : ૧ નિર્દેશ્યું છે.)

प्राणो नाडीषु शुद्धासु निरूद्धः क्रमशो भवेत् ।
प्राणस्य सर्वथा रोधः शुद्धं कुम्भकं उच्यते ।। ८ ।।

નાડીઓ શુદ્ધ થાતામાં પ્રાણરોધ ક્રમેક્રમે
પ્રાણનો સર્વથા રોધ ગણાયો શુદ્ધ કુંભક. ૮

નાડીઓ શુદ્ધ થયે પ્રાણ ક્રમશઃ નિરુદ્ધ થઈ જાયછે. પ્રાણના સંપૂર્ણ નિરોધને શુદ્ધ કુંભક કહે છે.

त्यागं देहात्मभावस्य रेचकं ज्ञानिनः परे ।
पूरकं मार्गणं स्वस्य कुम्भकं सहजस्थितिम् ।। ९ ।।

દેહાત્મભાવનો ત્યાગ કહે વેદાંત રેચક
પૂરક સ્વાત્મની શોધ, કુંભક સહજસ્થિતિ. ૯

કોઈ જ્ઞાની પુરુષો દેહાત્મબુદ્ધિ ના ત્યાગને રેચક કહે છે, આત્માના અન્વેષણને પૂરક તથા સહજ સ્થિતિને કુંભક કહે છે.

जपेन वा अथ मन्त्राणां मनसो निग्रहो भवेत् ।
मानसेन तदा मन्त्र-प्राणयोः अेकता भवेत् ।। १० ।।

અથવા મંત્રજાપે યે મનોનિગ્રહ થાયછે
ત્યારે મંત્ર તથા પ્રાણ મનમાંહિ સમાયછે. ૧૦

અથવા મંત્રોના જપથી પણ મનનો નિગ્રહ થાય છે.
અહિં મંત્ર અને પ્રાણની મન સાથે એકતા થાય છે.

मन्त्राक्षराणां प्राणेन सायुज्यं ध्यानं उच्यते ।
सहजस्थितिये ध्यानं दृढभूमि प्रकल्पते ।। ११ ।।

મંત્રોને પ્રાણનું ઐકય ધ્યાન એ જ ગણાયછે
ધ્યાનની દઢતામાં થી ઉપજે સહજસ્થિતિ. ૧૧

મંત્રના અક્ષરોનો પ્રાણની સાથે મેળ બેસવો એને ધ્યાન કહે છે.
આવું દૃઢ ધ્યાન સહજ સ્થિતિ એ પહોંચાડવામાં સમર્થ છે.

सहवासेन महतां सतां आरूढ चेतसाम् ।
क्रियमाणेन वा नित्यं स्थाने लीनं मनो भवेत् ।। १२ ।।

દઢચિત મહાત્માનો સત્સંગ કરવો સદા
મન સત્સંગમાં રહેતાં સ્વસ્થાને લીન થાયછે. ૧૨

(અથવા) આત્મનિષ્ઠ મહાપુરુષોના નિત્યસહવાસથી મન
પોતાના મૂળ સ્થાન આત્મામાં લીન થઈ જાયછે.

इति श्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे
रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे
मनोनिग्रहोपायो नाम षष्ठोऽध्यायः ।

# सप्तमोऽध्यायः
## સાતમો અધ્યાય

आत्मविचार अधिकारी तत् अंग निरूपणम् ।
આત્મવિચારનાં અધિકારીનું તથા આત્મવિચારમાં અંગનું
નિરૂપણ

भारद्वाजस्य वै कार्ष्णेराचार्यरमणस्य च ।
अध्याये कथ्यते श्रेष्ठः संवाद इह सप्तमे ।। १ ।।

ભરદ્વાજ કુલોત્પન્ન કાર્ષ્ણિ ને ભગવંતનો
સપ્તમાધ્યાયમાં આંહિ શ્રેષ્ઠ સંવાદ વર્ણવ્યો. ૧

ભારદ્વાજ કાર્ષ્ણિ અને આચાર્ય રમણ વચ્ચેનો શ્રેષ્ઠ સંવાદ આ
સાતમા અધ્યાયમાં કહેવામાં આવ્યો છે.

कार्ष्णिरूवाच
કાર્ષ્ણિ બોલ્યા :

रूपं आत्मविचारस्य किं नु किं वा प्रयोजनम् ।
लभ्यात् आत्मविचारेण फलं भूयः अन्यतः अस्ति वा
।।२।।

આત્મવિચારનું રૂપ ને પ્રયોજન શું હશે ?
ને એના ફળથી બીજું અદકું અન્યથા મળે ? ૨

આત્મ વિચારનું સ્વરૂપ શું છે અને એનું પ્રયોજન શું છે ?
આત્મ વિચારથી મળતા ફળ થી અધિક મોટું ફળ બીજી કોઈ
સાધનાથી મળી શકે ?

भगवानुवाच
ભગવાન બોલ્યા :

सर्वासाम् अपि वृत्तीनां समष्टिः या समीरिता ।
अहंवृत्तेः अमुष्याः तु जन्मस्थानं विमृश्यताम् ।। ३ ।।

સર્વવૃતિ સમષ્ટિનું મૂળ જે ઓળખાય છે.
તે અહંકારવૃતિનું ઉત્પતિસ્થાન શોધવું. ૩

જેને સમસ્ત ચિત્તવૃત્તિઓનો કુલ સરવાળો કહેવામાં આવે છે તે
અહંવૃત્તિ ના ઉદ્ભવ સ્થાનનું શોધન કરવું જોઈએ.

एष आत्मविचारः स्यात् न शास्त्रपरिशीलनम् ।
अहंकारो विलीनः स्यात् मूलस्थानगवेषणे ।। ४ ।।

આત્મવિચાર તે આ છે ના શાસ્ત્ર પરિશીલન
અહંકાર થતો લીન શોધાયે મૂલસ્થાન જો. ૪

આ જ આત્મવિચાર છે, નહિં કે શાસ્ત્રોનું અદ્યયન,
અહંવૃત્તિનાં મૂળ સ્થાનની શોધ કરવાથી અહંકાર નષ્ટ થાય છે.

आत्माभासः तु अहंकार स यदा सम्प्रलीयते ।
आत्मा सत्यः अभितः पूर्णः केवलः परिशिष्यते ।। ५ ।।

આત્માભાસ અહંકાર યદિ એ લુપ્ત થાયતો
રહે તો છેવટે આત્મા શુદ્ધ કેવલ પૂર્ણ જે. ૫

આત્માનો આભાસ એ જ અહંકાર છે. એ અહંકાર જ્યારે
પૂર્ણતયા લીન થઈ જાય છે ત્યારે કેવળ સત્ય આત્મા રહે છે.

सर्वक्लेशनिवृत्तिः स्यात् फलं आत्मविचारतः ।
फलानां अवधिः सः अयम् अस्ति नेतोऽधिकं फलम् ।।६।।

નિવૃતિ સર્વ કલેશોની ફળ છે આત્મશોધનું
ફળોમાં એ જ છે ઉચ્ચ ન એથી અધિકું બીજું. ૬

આત્માવિચારથી સર્વ કલેશો નિવૃત્ત થાયછે. આ જ ફળની અવધિ છે. આનાથી કોઈ મોટું ફળ નથી.

अद्‌भुताः सिद्धयः साध्या उपायान्तरतः च याः ।
ताः प्राप्तोऽपि भवति अन्ते विचारेणैव निर्वृतः ।। ७ ।।

સિદ્ધિ અદભૂત હો સાધ્યઅન્યકોઈ ઉપાયથી
પ્રાપ્તિ તેની છતાં અંતે તૃપ્તિ છે આત્મચિંતને ૭

જે અદ્‌ભૂત સિદ્ધિઓ છે તે અન્યસાધનાથી પણ મેળવી શકાય. આવી સિદ્ધિઓ પ્રાપ્ત થાય તો પણ મનુષ્યને શાંતિ તો આત્મ વિચાર થી જ પ્રાપ્ત થાય છે.

कार्ष्णिरूवाच
કાર્ષ્ણિ બોલ્યા :

एतस्य आत्मविचारस्य प्राहुः कमधिकारिणम् ।
अधिकारस्य सम्पत्तिः किं ज्ञातुं शक्यते स्वयम् ।। ८ ।।

આત્મવિચારનો કોણ અધિકારી ગણાયછે ?
પ્રત્યેક આપમેળે શું યોગ્યતા નિજ પારખે ? ૮

આ આત્મવિચાર નો અધિકારી કોણ ? અધિકારની સંપત્તિની સાધકને પોતાને ખબર પડે ખરી ?

भगवानुवाच
ભગવાન બોલ્યા :

उपासना आदिभिः शुद्धं प्राग्जन्मसुकृतेन वा ।
दृष्ट दोषं मनो यस्य शरीरे विषयेषु च ।। ९ ।।

ભકિતથી જે થયો શુદ્ધ પૂવજન્મ સુકર્મથી,
શરીરે, વિષયે જેને થયું છે દોષદર્શન, ૯.

ઉપાસના આદિથી અથવા પૂર્વ જન્મોનાં પુણ્યોથી શુદ્ધ, તથા શરીર અને ઇંદ્રિયોના વિષયોમાં જેણે દોષ જોઈ લીધો છે એવું જેનું મન છે.

मनसा चरतो यस्य विषयेषु अरूचिः भृशम् ।
देहे च अनित्यता बुद्धिस्तं प्राहुः अधिकारिणम् ।। १० ।।

મન જે વાળતો માંહિ રૂચિ ના વિષયે જરી
દેહ નશ્વર માને જે, તે પૂરો અધિકારી છે. ૧૦

તથા જેની વિષયો પ્રત્યે અધિક અરૂચિ છે અને પોતાનો દેહ નાશવંત છે એવી જેની બુદ્ધિ છે તે આત્મવિચાર નો પૂરો અધિકારી છે.

देहे नश्वरताबुद्धेः वैराग्यात् विषयेषु च ।
एताभ्याम् एव लिंगाभ्यां ज्ञेया स्वस्याधिकारिता ।।११।।

દેહે નશ્વરતાબુદ્ધિ વૈરાગ્ય વિષયો પરે
તે જ લક્ષણથી જાણો પોતાના અધિકારને. ૧૧

દેહમાં નશ્વરબુદ્ધિ અને વિષયોમાં વૈરાગ્ય-
આ બે ચિન્હોનોથી સાધક પોતાનું અધિકારીપણું જાણી શકે.

कार्ष्णिरूवाच
કાર્ષ્ણિ બોલ્યા :

स्नानं संध्या जपो होमः स्वाध्यायो देवपूजनम् ।
संकीर्तनं तीर्थयात्रा यज्ञो दानं व्रतानि च ।। १२ ।।

विचारे साधिकारस्य वैराग्यात् च विवेकतः ।
किं वा प्रयोजनाय स्युरूत कालविधूतये ।। १३ ।।

સ્નાન, સંધ્યા, જપો, હોમો, સ્વાધ્યાય, દેવપૂજન,
સંકીર્તન તથા યાત્રા, યજ્ઞ, દાન, વ્રતો વળી,
વૈરાગ્યે ને વિવેકે જો આચર્યા હોય સાધકે
છે પ્રયોજન તેવું કે, છે તે દુર્વ્યય કાળનો ? (૧૨–૧૩)

સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, દેવપૂજન, સંકીર્તન, તીર્થયાત્રા, યજ્ઞ, દાન, વ્રત વગેરે વૈરાગ્ય અને વિવેકવાળા આત્મવિચારના અધિકારીને કાંઈ કામના ખરા કે ખાલી સમય વેડફ્યા બરાબર ?

भगवानुवाच
ભગવાન બોલ્યા :

आरम्भिणां क्षीयमाणरागाणाम् अधिकारिणाम् ।
कर्माण्येतानि सर्वाणि भूयस्यै चितशुद्धये ।। १४ ।।

ચિત શુદ્ધ થતું એથી અધિકારી નવીનનું,
જેના રાગાનુરાગોનું જોર ઓછું થતું જતું. ૧૪

આત્મવિચારનો આરંભ કરવાવાળા તથા જેમના રાગનો ક્ષય થઈ રહ્યો છે એવાઓને માટે આ સમસ્ત કર્મો ચિત્તશુદ્ધિ કરે છે.

यत् कर्म सुकृतम् प्रोक्तम् मनोवाक्कायसंभवम् ।
तत् तु कर्मान्तरम् हन्ति मनोवाक्कायसंभवम् ।। १५ ।।

કર્મો કેવાય જે પુણ્ય મનવાકકાયથી થતાં,
તેનાથી આગલાં બીજા કર્મોનો નાશ થાયછે. ૧૫

મન, વાણી તથા શરીરથી ઉત્પન્ન થયેલ જે કર્મ પુણ્યકહેવાયછે તે કર્મ મન,વાણી તથા શરીર દ્વારા કરેલા પાપ કર્મને નષ્ટ કરે છે.

अत्यन्त शुद्ध मनसाम् पक्वानाम् अधिकारिणाम् ।
इदम् लोक उपकाराय कर्मे जालम् भविष्यति ।। १६ ।।

અત્યંત શુદ્ધ વૃતિના પુખ્ત જે અધિકારી છે.
તેનાં કર્મો થકી શ્રેયસ થતું લોક સમસ્તનું ૧૬

જેનાં મન અત્યંત શુદ્ધ છે એવા પરિપકવ અધિકારીઓનાં આ સઘળાં કર્મો સંસાર માટે ઉપકારી થશે.

परेषाम् उपदेशाय क्षेमाय च मनीषिणः ।
पक्वाः च कर्म कुर्वन्ति भयात् न आदेश शास्त्रतः ।।१७।।

અન્યના ઉપદેશાર્થે, ક્ષેમાર્થે સ્થિરબુદ્ધિના,
કરે કર્મો, ન ભીતિથી, નવા શાસ્ત્રોપદેશથી. ૧૭

બુદ્ધિમાન સિદ્ધપુરુષો બીજાને ઉપદેશ તથા કલ્યાણ માટે કર્મ કરે છે, શાસ્ત્રના ભયથી નહીં.

विचार प्रतिकूलानि न पुण्यानि नरर्षभ ।
क्रियमाणानि असंगेन भेद बुद्धि उपमर्दिना ।। १८ ।।

અભેદજ્ઞ અસંગીનાં શુભ કર્મો, નરોતમ
આત્મવિચારની આડે આવતાં નહિ કો ક્ષણ. ૧૮

હે નરશ્રેષ્ઠ, જે પુણ્યકર્મો નિઃસંગતાપૂર્વક કરવામાં આવ્યાં હોય તે ભેદ-બુદ્ધિનો નાશ કરે છે. આવા કર્મો આત્મવિચારને પ્રતિકૂળ નથી.

न च अकृतानि पापाय पक्वस्य आत्मविमर्शिनः ।
स्वविमर्शः महत् पुण्यम् पावनानाम् हि पावनम् ।। १९ ।।

પુખ્ત શોધક દોષીના કર્મ એવાં ન આચર્યે,
સ્વશોધ પુણ્યછે મોટું પાવનોથીય પાવન. ૧૯

પરિપક્વ આત્મવિચારવાળા કર્તવ્ય- કર્મ ન કરે તો પણ પાપ નથી, કારણકે આત્મવિચાર પવિત્રમાં પવિત્ર હોવાથી પોતે જ મહાન પુણ્ય છે.

दृश्यते द्विविधा निष्ठा पक्वानाम् अधिकारिणाम् ।
त्याग एकान्तयोगाय परार्थम् च क्रिया आदरः ।। २० ।।

પ્રકારો બેઉ છે આવા સિદ્ધ પુખ્તાધિકારીના,
એકાંત યોગમાં ત્યાગ, પરાર્થે કર્મ આચરે. ૨૦

સિદ્ધ અધિકારીઓની જીંદગીમાં બે પ્રકારની નિષ્ઠા જોવા મળે છે એક - તો નિર્વિકલ્પ સમાધિ અર્થે કર્મોનો ત્યાગ અને બીજી લોકોનાં કલ્યાણ અર્થે કર્મોનું અનુષ્ઠાન.

कार्ष्णि उवाच
કાર્ષ્ણિ બોલ્યા :

निर्वाणाय अस्ति चेत् अन्यः मार्गः आत्म विचारतः ।
एकः वा विविधः तम् मे भगवान् वक्तुम् अर्हति ।। २१ ।।

આત્મવિચારથી ભિન્ન માર્ગ નિર્વાણપ્રાપ્તિના
હોયે એક અનેકે વા બતાવો કરુણા કરી. ૨૧

મોક્ષ માટે આત્મવિચાર સિવાય બીજો કોઈ ઉપાય હોયતો એક છે કે એકથી વધારે તે ભગવાન મને કહેવા કૃપા કરે

भगवान् उवाच
ભગવાન બોલ્યા :

एकः प्राप्तुम् प्रयतते परः प्राप्तारम् ऋच्छति ।
चिराय प्रथमः गच्छन् प्राप्नोति आत्मानम् अन्ततः ।। २२ ।।

પ્રાપ્તિકાજ મથે કોઇ. શોધે કો પામનારને,
લાંબા પ્રયાસથી પ્હેલો અંતે પામે સ્વરૂપને. ૨૨

એક પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. બીજો પ્રાપ્ત કરનાર ને શોધે
છે. પહેલો લાંબા સમયનાં અંતે આત્માને પ્રાપ્ત કરે છે.

एकस्य ध्यानतः चितम् एकाकृति भविष्यति ।
एकाकृतित्वं चितस्य स्वरूपे स्थितये भवेत् ।। २३ ।।

સતત ધ્યાનથી ચિત્ત એકાકાર બની રહે,
ચિત્તતાદાત્મ્યથી લાધે આત્મસ્વરુપની સ્થિતિ. ૨૩

એક ઉપર ધ્યાન કરવાથી ચિત્ત એકાગ્ર થાયછે.
ચિત્તની એકાગ્રતાથી આત્મસ્વરૂપમાં સ્થિર થવાયછે.

अनिच्छया अपि ध्यायन् विन्दति आत्मनि संस्थितिम् ।
विचारकः तु विज्ञाय भवेत् आत्मनि संस्थितः ।। २४ ।।

ઇચ્છયું ના હો છતાં ધ્યાની સ્વરૂપે થાયછે સ્થિત
આત્મામાં સ્થિત થાયે છે પામી જ્ઞાન વિચારક. ૨૪

ધ્યાની ઈચ્છા ન હોયતો પણ આત્મસ્વરૂપમાં સ્થિર થાયછે.
જ્યારે આત્મવિચારક, આત્માને જાણીને તેમાં સ્થિર થાયછે.

ध्यायतः देवतां मंत्रम् अन्यत् वा लक्ष्यम् उतमम् ।
ध्येयम् आत्म महाज्योतिषि अन्ततः लीनताम् व्रजेत् ।।२५ ।।

ધ્યાયે તે દેવતા, મંત્ર અથવા લક્ષ્યઉતમ,
સર્વએ ધ્યેયઆત્માના મહાજયોતિ વિષે ભળે. ૨૫

દેવતા, મંત્ર અથવા અન્ય ઉત્તમ લક્ષ્યપર ધ્યાન કરનારનું ધ્યેય યથાર્થમાં અંતે આત્માની મહાનજયોતિમાં લીન થઈ જાય છે.

गतिः एवम् द्वयोः एका ध्यातुः आत्मविमर्शिनः ।
ध्यायन् एकःप्रशान्तः स्यात् अन्यः विज्ञाय शाम्यति ।।२६।।

આત્મશોધક ને ધ્યાતા બેઉની ગતિ એક છે
એક ધ્યાને થતો શાંત, બીજો આત્મવિચારથી. ૨૬

આમ ધ્યાન કરવાવાળા અને આત્મવિચાર કરવાવાળા બંનેનું લક્ષ્ય એક જ છે. એક ધ્યાનના માર્ગે તો બીજો જ્ઞાનના માર્ગે શાંતિ પામે છે.

इति श्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे
रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे
आत्मविचाराधिकारी तत् अंग निरूपणं नाम सप्तमः
अध्यायः ।।

## अष्टमः अध्यायः
## આઠમો અધ્યાય

### आश्रम विचार
આશ્રમ વિચાર

कार्ष्णेः एव अपरम् प्रश्नम् निशम्य भगवान् मुनिः ।
चातुराश्रम्य सम्बद्धम् अधिकारम् न्यरूपयत् ।। १ ।।

કાર્ષ્ણિનો જ બીજો પ્રશ્ન સુણીને મુનિપુંગવે,
ચાર આશ્રમ અંગેના વર્ણવ્યા અધિકાર આ. ૧

કાર્ષ્ણિના જ બીજા પ્રશ્નના જવાબમાં ચાર આશ્રમ સંબંધી કર્તવ્યનો ઉત્તર આપતાં ભગવાન નીચે પ્રમાણે બોલ્યા :

ब्रह्मचारी गृही वा अपि वानप्रस्थः अथवा यतिः ।
नारी वा वृषलः वा अपि पक्वः ब्रह्म विचारयेत् ।। २ ।।

બ્રહ્મચારી ગૃહસ્થી કે વાનપ્રસ્થ અને યતિ,
સ્ત્રીઓ કે શૂદ્ર, જે યોગ્ય, બ્રહ્મજ્ઞાની થઇ શકે. ૨

બ્રહ્મચારી હોય કે ગૃહસ્થી, વાનપ્રસ્થ હોય કે સંન્યાસી, સ્ત્રી હોય કે શૂદ્ર જે કોઈ પરિપકવ હોય તે બ્રહ્મની ખોજ કરી શકે છે.

सोपानवत् परम् प्राप्तुम् भविष्यति आश्रमक्रमः ।
अत्यन्त पक्वचितस्य क्रमापेक्षा न विद्यते ।। ३ ।।

આશ્રમોના ક્રમો આ છે સોપાન બ્રહ્મશોધમાં,
ઉચ્ચજે અધિકારી છે તેને તેનું ન બંધન. ૩

આશ્રમો નો ક્રમ (બ્રહ્મચર્યાશ્રમ થી સંન્યાસાશ્રમ) બ્રહ્મની પ્રાપ્તિ માટે સીડીના પગથિયા જેવો છે. પરંતુ જેનું ચિત્ત પૂરેપુરું પરિપકવ છે તેને આ ક્રમ જરૂરી નથી.

गतये लोक कार्याणाम् आदिशन्ति आश्रमक्रमम् ।
आश्रमत्रय धर्माणाम् न ज्ञान प्रतिकूलता ।। ४ ।।

લોકના વ્યવહારાર્થે પ્રથા આશ્રમની કહી,
આશ્રમ ત્રણ પહેલા તે રોધે ના જ્ઞાનપ્રાપ્તિને. ૪

આપણા સંસારના વ્યાવહારિક કાર્યોની સરળતા માટે આશ્રમ-વ્યવસ્થાનું સૂચન કરાયું છે. આશ્રમ ધર્મોનું પાલન જ્ઞાનને નડતરરૂપ નથી.

संन्यासः निर्मलम् ज्ञानम् न काषायः न मुण्डनम् ।
प्रतिबंधक बाहुल्य वारणाय आश्रमः मतः ।। ५ ।।

સન્યાસ શુદ્ધ છે જ્ઞાન, ન કાષાય, ન મુંડન,
જૂવા અંતરાયોને વારવા આશ્રમો રચ્યા. ૫

સંન્યાસ એટલે નિર્મલ જ્ઞાન. માથે મુંડન કરવું કે ભગવા કપડાં પહેરવાં એ સંન્યાસ નથી. (બ્રહ્મ પ્રાપ્તિના) માર્ગમાં આવતા વિઘ્નોથી દૂર રહેવા સંન્યાસ આશ્રમનું વિધાન છે.

ब्रह्मचर्याश्रमे यस्य शक्तिः उज्जृम्भते व्रतैः ।
विद्यया ज्ञानवृद्धया च सः पश्चात् प्रज्वलिष्यति ।। ६ ।।

બ્રહ્મચર્યાશ્રમે શકિત વિકસે વ્રતપાલને,
વિદ્યા ને જ્ઞાનથી તેહ મહાજ્યોત બની રહે. ૬

જેની શકિત બ્રહ્મચર્ય અવસ્થામાં વ્રત, વિદ્યા અને જ્ઞાનવૃદ્ધિ થી વિકાસ પામી છે તે પાછલી અવસ્થામાં વધારે પ્રકાશે છે.

ब्रह्मचर्येण शुद्धेन गृहित्वे निर्मलः भवेत् ।
सर्वेषाम् उपकाराय गृहस्थाश्रम उच्यते ।। ७ ।।

બ્રહ્મચર્ય વિશુદ્ધિથી ગૃહસ્થાશ્રમ નિર્મલ
જગતકલ્યાણને સારુ ગૃહસ્થાશ્રમ જાણવો. ૭

બ્રહ્મચર્ય શુદ્ધ રહેવાથી ગૃહસ્થાશ્રમમાં નિર્મલ થવાય છે. ગૃહસ્થાશ્રમ બધા આશ્રમવાસીઓના ઉપકાર માટે છે અર્થાત બધાં આશ્રમો ગૃહસ્થાશ્રમ પર અવલંબિત છે.

सर्वथा वीतसंगस्य गृहस्थस्य अपि देहिनः।
पर म् प्रस्फुरति ज्योतिः तत्र न एव अस्ति संशयः ।। ८ ।।

સર્વથા વીતરાગી જે ગૃહસ્થી હોયતેહમાં,
આત્મજયોત મહાદિવ્યપ્રકાશે છે અસંશય. ૮

બધી આસક્તિથી મુકત એવા ગૃહસ્થને પણ આત્મ-જ્યોતિ સ્ફુરે છે એમાં કોઈ સંશય નથી.

तपसः तु आश्रमः प्रोक्तः तृतीयः पंडित उतमैः ।
अभार्यः वा सभार्यः वा तृतीय आश्रमभाक् भवेत् ।। ९ ।।

તપ આચરવા ત્રીજો આશ્રમ પંડિતે કહ્યો,
એકલા, પત્નીસંગે વા તૃતીયાશ્રમ પાળવો. ૯

જ્ઞાનીઓએ ત્રીજી - વાનપ્રસ્થ અવસ્થા - તપ કરવા માટે કહી છે. વાનપ્રસ્થ પત્ની સાથે અથવા એકલો રહી શકે.

तपसा दग्धपापस्य पक्वचितस्य योगिनः ।
चतुर्थ आश्रमः काले स्वयम् एव भविष्यति ।। १० ।।

પુખ્તચિત ધરાવે તે યોગી નિજ તપાગ્નિએ,
બાળતો પાપને સ્હેજે ચતુર્થાશ્રમ પાળતો. ૧૦

તપસ્યાથી જેના પાપ બળી ગયા છે અને જેનું ચિત્ત પરિપકવ થયેલ છે એવો યોગી સમયપાકયે સ્વતઃ ચોથા આશ્રમ (સંન્યાસ) માં પ્રવેશે છે.

एषः प्राक् उक्ते एव अब्दे अष्टमे द्वादशे पुनः ।
उपदेशः भगवतः सप्तम अष्टमयोः अभूत् ।। ११ ।।

પૂર્વોકત વર્ષના માસે આઠમે બારમે દિને,
સાતને આઠ અધ્યાયો પ્રબોધ્યા મુનિપુંગવે. ૧૧

સન ૧૯૧૭નાં ઓગષ્ટ માસની ૧૨ મી તારીખે ભગવાને સાતમા અને આઠમા અધ્યાયનો ઉપદેશ આપ્યો.

इति श्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे आश्रम-विचारो नाम अष्टमः अध्यायः ।।

# नवमः अध्याय :
## નવમો અધ્યાય

ग्रन्थिभेद कथनम्
ગ્રંથિભેદ વિષે

चतुर्दशे अष्टमे रात्रौ महर्षिम् पृष्टवान् अहम् ।
ग्रन्थिभेदम् समुद्दिश्य विदुषाम् यत्र संशयः ।। १ ।।

ચૌદ ઓગસ્ટની રાતે પૂછયું મેં ભગવાનને
ગ્રંથીભેદ વિષે જેમાં વિદ્વાનો સંશયો લહે. ૧

૧૪ મી ઓગષ્ટની રાત્રે ગ્રંથિ-ભેદના વિષયમાં મેં પ્રશ્ન પૂછ્યો.
વિદ્વાનોને પણ આ વિષયમાં સંશય છે.

तम् आकर्ण्य मम प्रश्नम् रमणः भगवान् ऋषिः ।
ध्यात्वा दिव्येन भावेन किंचित् आह महामहाः ।। २ ।।

મુનિશ્રી રમણાચાર્ય સુણીને મમ પ્રશ્ન આ
અલ્પ કાળ સુધી ધારી દિવ્યધ્યાન, પછી વધા. ૨

મારો આ પ્રશ્ન સાંભળીને મહામના ભગવાન શ્રી રમણ મહર્ષિએ
થોડીવાર ધ્યાન ધરી પછી દિવ્યભાવથી નીચે પ્રમાણે કહ્યું :

शरीरस्य आत्मन च अपि संबन्धः ग्रन्थिः उच्यते ।
सम्बन्धेन एव शारीरम् भवति ज्ञानम् आत्मनः ।। ३ ।।

શરીરે આત્મસંબંધ ગ્રંથી તેને જ છે કહી
સ્થૂલ આ દેહ સજ્ઞાન થાયે છે આત્મસંગથી. ૩

શરીર તથા આત્માના સંબંધને ગ્રંથિ કહેવામાં આવે છે.
આનાથી જ દેહમાં આત્મબુદ્ધિ થાયછે.

शरीरम् जडम् एतत् स्यात् आत्मा चैतन्यम् इष्यते ।
उभयोः अपि संबन्धः विज्ञानेन अनुमीयते ।। ४ ।।

દેહ છે જડ અક્રિય, આત્મા ચેતનવંત છે,
વિજ્ઞાનથી કળાયે છે સંબંધ બેઉ માંહિનો.૪

આ શરીર જડ છે તથા આત્મા ચેતન છે.
એ બંનેનો સંબંધ બુદ્ધિથી અનુમાનવામાં આવે છે.

चैतन्यच छायया आश्लिष्टम् शरीरम् तात चेष्टते ।
निद्रादौ ग्रहणाभावात् उह्यते स्थानम् आत्मनः ।। ५ ।।

ચૈતન્યછાંયવીંટયા આ શરીરે ચેતના વહે
નિદ્રાદિક અવસ્થામાં જડે છે સ્થાન આત્માનું. ૫

આ શરીર ચૈતન્યની છાયા સાથે આલિંગન લઈને સર્વ ચેષ્ટા કરે છે. નિદ્રા ઈત્યાદિમાં શરીર ચૈતન્યની છાયાને ગ્રહણ કરતું નથી. આથી આત્માના સ્થાનનું અનુમાન કરવામાં આવે છે.

सूक्ष्माणाम् विद्युदादीनाम् स्थूले तन्त्रि आदिके यथा ।
तथा कलवेरे नाडयां चैतन्य ज्योतिषः गतिः ।। ६ ।।

વીજળી સૂક્ષ્મ જે રીતે સ્થૂલ તારો વિશે સરે
તેમ ચૈતન્યનો જયોતિ દેહનાડી મહીં વહે. ૬

જેવી રીતે સૂક્ષ્મ વિદ્યુત ઈત્યાદિની સ્થૂળ તાર વગેરે માં ગતિ હોય છે એ રીતે આ શરીરમાં સ્થિત નાડીઓમાં ચૈતન્ય- જયોતિ વહે છે.

स्थलम् एकम् उपाश्रित्य चैतन्य ज्योतिः उज्ज्वलम् ।
सर्वं भासयते देहम् भास्करः भुवनम् यथा ।। ७ ।।

સ્થલે એક રહીને આ ચૈતન્યજ્યોતિ ઊજળી
ઉજાળે દેહ આખાને સૂર્ય બ્રહ્માંડને જયમ. ૭

સૂર્ય એક જગ્યાએ રહીને બધેય અજવાળું પાથરે છે. તેવી જ રીતે, ચૈતન્ય- જ્યોતિ એક સ્થળે આશ્રય લઈ સમસ્ત દેહને પ્રકાશે છે.

व्याप्तेन तत् प्रकाशेन शरीरे तु अनुभूतयः ।
स्थलम् तदेव हृदयम् सूरयस्सम्प्रचक्षते ।। ८ ।।

તેના પ્રકાશથી દેહ પામતો અનુભૂતિઓ
હૃદયજ્યોતિનું કેન્દ્ર કહે વિધાન પંડિતો. ૮

આ વ્યાપ્ત ચૈતન્યનાં પ્રકાશથી શરીરમાં અનુભૂતિ થાયછે. આત્મ વેત્તા આ સ્થળ, કે જેનો આશ્રય લઈ પ્રકાશ સમસ્ત શરીરમાં ફેલાયછે તેને હૃદય કહે છે.

नाडी शक्ति विलासेन चैतन्यांशु गतिः मता ।
देहस्य शक्तयः सर्वाः पृथक् नाडीः उपाश्रिताः ।। ९ ।।

ચૈતન્યકિરણો ઘૂમે નાડીશકિતક્રિયા થકી
દેહની સર્વ શકિતઓ નાડી નિરનિરાળીએ. ૯

નાડીઓની શક્તિના વિલાસને લઈને ચૈતન્યકિરણની ગતિ કહેવામાં આવી છે. દેહની બધી શક્તિ વિભિન્ન નાડીઓના આશ્રયે છે.

चैतन्यं तु पृथक् नाडयाम् ताम् सुषुम्नाम् प्रचक्षते ।
आत्मनाडीम् पराम् एके परे तु अमृतनाडिकाम् ।। १० ।।

ચૈતન્ય ખાસ નાડીમાં સુષ્ણા જેહને કહે
આત્મનાડી, પરા, તેને કહે અમૃતનાડી કો. ૧૦

ચેતન્ય જે એક મુખ્યનાડીમાં કેન્દ્રિત છે, તે નાડી ને યોગીઓએ સુષુમ્ણા નાડી કહી છે. તેનાં બીજાં નામ આત્મનાડી, પરાનાડી અને અમૃતનાડી છે.

सर्वम् देहम् प्रकाशेन व्याप्तः जीवः अभिमानवान् ।
मन्यते देहम् आत्मानम् तेन भिन्नम् च विष्टपम् ।। ११ ।।

સ્વતેજે દેહમાં વ્યાપી જીવ દેહાભિમાની આ
માને છે દેહને આત્મા, ને એથી ભિન્ન વિશ્વને. ૧૧

અભિમાની જીવ સમસ્ત દેહ પ્રકાશથી વ્યાપ્ત હોવાને લીધે દેહને આત્મા (હું) માને છે, અને આ રીતે વિશ્વને પોતાથી અલગ સમજે છે.

अभिमानम् परित्यज्य देहे च आत्मधियं सुधीः ।
विचारयेत् चेत् एकाग्रः नाडीनाम् मथनम् भवेत् ।। १२ ।।

અભિમાન ત્યજી જ્ઞાની, ત્યજી દેહાત્મબુદ્ધિને
ચિંતવે એક ચિતે તો નાડીમંથન થાયછે. ૧૨

અભિમાન તથા દેહમાં આત્મબુદ્ધિ ત્યજી બુદ્ધિમાન પુરુષ એકાગ્રચિત્તે આત્મવિચાર કરે તો નાડીઓનું મંથન થાયછે.

नाडीनाम् मथनेन एवम् आत्मा ताभ्यः पृथक् कृतः ।
केवलाम् अमृतां नाडीम् आश्रित्य प्रज्वलिष्यति ।। १३ ।।

મંથને સર્વ નાડીથી આત્મા ભિન્ન થઇ જતો,
માત્ર અમૃતનાડીમાં રહીને જ પ્રકાશતો. ૧૩

આ રીતે નાડીઓનાં મંથનથી આત્મા અન્ય નાડીઓથી પૃથક્ થઈ કેવલ આત્મનાડીનો આશ્રય લઈ પ્રકાશે છે.

आत्मनाड्याम् यदा भाति चैतन्यज्योतिः उज्ज्वलम् ।
केवलायाम् तदा न अन्यत् आत्मनः सम्प्रभासते ।। १४ ।।

માત્ર અમૃતનાડીમાં ચૈતન્યજયોતિ ઉજજવલ,
પ્રકાશે જવ ના ત્યારે આત્માથી અન્યકૈં દીસે. ૧૪

જયારે ઉજજવળ ચૈતન્યજયોતિ કેવળ આત્મનાડીમાં પ્રકાશિત હોયછે, ત્યારે આત્માથી અન્ય એવા દેહ ઈત્યાદિનું ભાન નથી હોતું.

सान्निध्यात् भासमानम् वा न पृथक् प्रतिष्ठिति ।
जानाति स्पष्टम् आत्मानम् सः देहम् इव पामरः ।। १५ ।।

સાનિધ્યે જે પ્રકાશે છે રહે ના ભિન્ન તે કદિ.
જ્ઞાનીઓ આત્મને પેખે પામરો જેમ દેહને. ૧૫

આવા આત્મજ્ઞાનીને સાંન્નિધ્યને લીધે કશું ભાસે તો પણ એ આત્માથી પૃથક્ નથી લાગતું. જેવી રીતે પામરને દેહ સ્પષ્ટ ભાસે છે, એવી રીતે જ્ઞાની આત્માને સ્પષ્ટ જાણે છે.

आत्मा एव भासते यस्य बहिः अन्तःच सर्वतः ।
पामरस्य इव रूपादि सः भिन्नग्रन्थिः उच्यते ।। १६ ।।

આત્મા એક જ દેખાયે બાહ્ય અંતર સર્વમાં,
રૂપાદિ અજ્ઞને જેમ ગ્રંથીછેદન એ ગણ્યું. ૧૬

જેમ પામરને બધે રૂપ વગેરે પદાર્થ દેખાયછે તેમ જ્ઞાનીને અંદર-બહાર બધી જગ્યાએ આત્મા જ અનુભવાય છે. આવી વ્યક્તિની બધી ગાંઠો દૂર થઈ ગઈ હોવાથી નિર્ગ્રંથ કહેવાયછે.

नाडीबन्धः अभिमानः च द्वयम् ग्रन्थिः उदीर्यते ।
नाडीबन्धेन सूक्ष्मः अपि स्थूलम् सर्वम् प्रपश्यति ।। १७ ।।

ગ્રંથીના બે પ્રકારો છે અહંતા, નાડીબંધન,
આત્મા સૂક્ષ્મ છતાં પેખે સ્થૂલને નાડીબંધથી. ૧૭

નાડી-બંધ અને અભિમાન - આ બંનેને ગ્રંથિ કહેવામાં આવે છે. નાડીબંધ (એટલે કે આત્મનાડી સિવાયની નાડીઓમાં ચૈતન્ય--જ્યોતિનું વહેવું ) ને લઈને આત્મા સૂક્ષ્મ હોવાં છતા સંપૂર્ણ સ્થૂળ જગતને જુએ છે.

निवृत्तं सर्वनाडीभ्यः यदा एकाम् नाडीकाम् श्रितम् ।
भिन्नग्रन्थि तदा ज्योतिः आत्मभावाय कल्पते ।। १८ ।।

અન્યનાડી થકી મુકત થાયજો સ્થિત મુખ્યમાં,
ગ્રંથી મુકત થતાં જયોતિ આત્મજયોતિ બની રહે. ૧૮

જયારે ચૈતન્યજયોતિ સમસ્ત નાડીઓમાંથી નિવૃત થઈ એક આત્મ નાડીમાં જ આશ્રય લે છે, ત્યારે આ જયોતિ ગ્રંથિથી ભિન્ન થવાથી આત્મસ્વરૂપમાં સ્થિત થવા સમર્થ બને છે.

अग्नितप्तम् अयोगोलम् दृश्यते अग्निमयम् यथा ।
स्वविचाराग्नि संतप्तं तथा इदम् स्वमयम् भवेत् ।। १९ ।।

તપ્ત લોખંડનો ગોળો અગ્નિરૂપ જણા છે,
આત્મચિંતનથી તપ્ત દેહ આત્મસમો બને. ૧૯

અગ્નિમાં તપાવેલો લોખંડનો લાલચોળ ગોળો અગ્નિનો ગોળો હોય તેવો દેખાય છે. તે જ રીતે આ સમસ્ત જગત આત્મવિચાર રૂપી અગ્નિ થી સંતપ્ત થયે આત્મમય બની જાયછે.

शरीरादिजुषाम् पूर्ववासनानाम क्षयः तदा
~~[illegible]~~
कर्तृत्वम् आश्रिश्रा त्याग् न च्व लक्ष्य भविष्यति ॥२०॥

શરીર આદિની પૂર્વ વાસના ક્ષયપામતાં,
દેહનું ભાન ભૂલાતાં આત્મા કર્તૃત્વમુકત છે. ૨૦

આમ થયે શરીર ઈત્યાદિથી સંલગ્ન વાસનાઓનો ક્ષય થઈ જાયછે. આવા આત્મજ્ઞાનીને શરીર આત્માથી પૃથક ન લાગતું હોવાથી કર્તાપણાની ભાવના નથી રહેતી.

कर्तृत्व अभावतः कर्म विनाशः अस्य समीरितः ।
तस्य वस्तु अन्तर अभावात् संशयानाम् अनुद्भवः ।। २१ ।।

કર્તૃત્વાભાવમાં કર્મો ના સ્પર્શે, નાશ પામતાં,
ભાવના ભેદની જાતાં તેને સંશયના ઉઠે. ૨૧

કર્તા-પણાનો અભાવ હોવાને લીધે જ્ઞાનીનાં કર્મોનો પૂર્ણતયા નાશ થયો હોય છે એમ કહેવાય છે. જ્ઞાની માટે આત્મા સિવાય અન્ય કાંઈ છે જ નહીં આથી જ્ઞાનીને સંશય ઉદ્ભવતા નથી.

भविता न पुनः बद्धः विभिन्न ग्रन्थिः एकदा ।
सा स्थितिः परमा शक्तिः सा शान्तिः परमा मता ।। २२ ।।

એકદા ગ્રંથી ભેદાતાં, આત્મા બંધાય ના ફરી,
સ્થિતિ તે પરમા શકિત, શાંતિ તે પરમા કહી. ૨૨

એકવાર જેની ગ્રંથિ પૂર્ણતયા નાશ થઈ ચુકી છે એવો જ્ઞાની ફરી બંધાતો નથી. આવી આત્મસ્થિતિ જ પરમ-શક્તિ અને પરમ શાંતિ છે

इतिश्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे ग्रन्थिभेदकथनं नाम नवमोऽध्याय

ધ્યાય: ।।

# दशमः अध्यायः
## દશમો અધ્યાય

संघ विद्या
સંઘ વિષે

यतिनः योगनाथस्य महर्षि रमणस्य च ।
दशमे अत्र निबन्धीमः संवादं संघहर्षदम्।। १ ।।

રમણાચાર્ય સાથેનો યોગનાથ યતિ તણો
સંવાદ દશમાધ્યાયે અહિં સંઘહિતે ગૂંથ્યો. ૧

યતિ યોગનાથ અને મહર્ષિ રમણ વચ્ચે સંઘ બાબતમાં થયેલ સંવાદ આ દશમા અધ્યાયમાં કહેવામાં આવશે.

योगनाथ उवाच
યોગનાથ બોલ્યા :

सांघिकस्य च संघस्य कः सम्बन्धः महामुने ।
संघस्य श्रेयसे नाथ तम् एतम् वक्तुम् अर्हसि ।। २ ।।

સંઘનો સાંધિકો સાથે હોય સંબંધ શો મુનિ ?
સંઘકલ્યાણ અર્થે તે કહો, નાથ ! કૃપા કરી. ૨

મહામુનિજી, સંઘ અને સંઘના સદસ્ય વચ્ચે શું સંબંધ છે. સંઘના કલ્યાણ અર્થે આ વાત સમજાવો.

भगवान उवाच
ભગવાન બોલ્યા :

ज्ञेयः शरीरवत् संघः तद् तद् आचार शालिनाम् ।
अंगानि इव अत्र विज्ञेयाः सांघिकाः साधु सत्तम ।। ३ ।।

સંઘને દેહ શો જાણો સ્વાચારે વર્તનારના
સાધિકો અંગ શા જાણો, યોગી હે સાધુ ઉતમ ! ૩

સજ્જનશ્રોતા,
જુદા-જુદા આચારોનાં અનુયાયીઓનો સંઘ એ શરીર જેવો છે, અને સદસ્ય એ શરીરના અવયવો સમાન છે.

अंगं यथा शरीरस्य करोति उपकृतिम् यते ।
तथा उपकारम् संघस्य कुर्वन् जयति सांघिकः ।। ४ ।।

દેહોપયોગી થાતાં તે અંગો ઉત્કર્ષ સાધતાં
સંઘોપયોગમાં આવી સાંધિકો જયપામતાં. ૪

હે યતિ,
જે રીતે અંગો - અવયવો શરીરના ઉપકાર માટે છે એ રીતે સંઘનો સદસ્ય સંઘની સેવા કરતા કરતા ઊંચે ચડે છે.

संघस्य वाङ्मनः कायैः उपकारः यथा भवेत् ।
स्वयम् तथा आचरन् नित्यम् स्वकीयान् अपि बोधयेत्
।।५।।

સંઘકાર્યો મને, વાચે કર્મે જે ઉપયુકત છે
સદા તે તેમ વર્તે ને, બીજાને વર્તવા કહે. ૫

સંઘના સદસ્યે વાણી, મન અને શરીરથી સંઘની નિત્યસેવા કરવી અને સંઘના બીજા સદસ્યોને પણ આમ કરવા પ્રેરવા.

आनुकूल्येन संघस्य स्थापयित्वा निजम् कुलम् ।
संघस्य एव ततः भूत्यै कुर्यात् भूतियुतम् कुलम् ।। ६ ।।

અનુકૂલ રહી સંઘે સ્થાપવું કુલ આપનું
કુલ ઉત્કર્ષ પ્રાપ્તિથી સંઘનું શ્રેયસાધવું. ૬

સંઘને અનુકૂળ થવાય એ માટે સદસ્યે પોતાનું મંડળ રચી સંઘની ઉન્નતિ અર્થે મંડળને ઉન્નત બનાવવું.

योगनाथ उवाच
યોગનાથ બોલ્યા

शान्तिम् केचित् प्रशंसन्ति शक्तिम् केचिन् मनीषिणः ।
अनयोः कः गुणः ज्यायान् संघक्षेमकृते विभो ।। ७ ।।

વખાણે શાંતિને કોઈ શકિતને કોઈ, હે વિભો !
એ બેમાંથી કઈ વસ્તુ સંઘને વધુ ક્ષેમદા ? ૭

હે ભગવાન, કેટલાક વિદ્વાનો શાંતિની પ્રશંસા કરે છે તો અન્ય કેટલાક શક્તિની. આ બે ગુણોમાંથી કયો ગુણ સંઘ માટે વધુ કલ્યાણકારી છે.

भगवान् उवाच
ભગવાન બોલ્યા

स्वमनः शुद्धये शान्तिः शक्तिः संघस्य वृद्धये ।
शक्त्या संघं विधाय उच्चैः शान्तिम् संस्थापयेत् ततः
।। ८ ।।

શાંતિથી મનની શુદ્ધિ શકિતથી સંઘવર્ધના
શકિતથી સંઘ ઉત્કર્ષ સાધીને શાંતિ સ્થાપવી. ૮

શાંતિ મનની શુદ્ધિ માટે છે અને શક્તિ સંઘની વૃદ્ધિ માટે છે. પ્રથમ સંઘને શક્તિથી ઉન્નત બનાવી પછી શાંતિ સ્થાપવી.

योगनाथ उवाच
યોગનાથ બોલ્યા

सर्वस्य अपि च संघस्य नराणाम् ऋषिकुंजर ।
गन्तव्यं समुदायेन किम् परम् धरणीतले ।। ९ ।।

સંઘના સાંધિકો સર્વે, સર્વ માનવ વૃંદમાં
ધ્યેયઊંચુ કયું સાધે ભૂતલે ? મુનિકુંજર ! ૯

હે ઋષિ કુંજર, સમસ્ત પૃથ્વિનાં મનુષ્યોના સંઘનું સામુદાયિક રૂપે શું પરમ ગંતવ્ય છે ?

भगवान् उवाच
ભગવાન બોલ્યા

समुदायेन सर्वस्य संघस्य तनुधारिणाम् ।
सौभ्रात्रम् समभावेन गन्तव्यम् परम् उच्चते ।। १० ।।

સંઘના તનુધારીઓ સાંધિકો સમુદાયનું
સમભાવ થકી યુકત ભાતૃભાવ જ ધ્યેયછે. ૧૦

સર્વ પ્રત્યે સમભાવ દ્વારા ભાતૃભાવ રાખવો એ જ પરમ ગંતવ્યછે.

सौभ्रात्रेण परा शांतिः अन्योन्यम् देहधारिणाम् ।
तदेयं शोभते सर्वा भूमिः एकम् गृहम् यथा ।। ११ ।।

ભ્રાતૃભાવે પરાશાંતિ પરસ્પર મનુષ્યમાં
તેથી જ શોભતી સર્વ ભૂમિ એક કુટુંબશી. ૧૧

એક બીજા પ્રત્યે ભાતૃભાવથી પરમ શાંતિ પ્રગટશે ત્યારે સમસ્ત પૃથ્વી એક ઘરની જેમ શોભશે.

अभूत् पंचदशे धस्रे संवादः सः अयम् अष्टमे ।
योगनाथस्य यतिनः महर्षेः च सः दयावतः ।। १२ ।।

પંદરમે દિને માસ આઠમે વર્ષ આગલે
સંવાદ આ થયો દિવ્ય મુનિ ને યોગનાથનો. ૧૨

આ સંવાદ મુનિ યોગનાથ અને કરુણામૂર્તિ મહર્ષિ રમણ વચ્ચે ૧૫મી ઓગષ્ટના દિવસે થયો.

इतिश्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे संघविद्या नाम दशमः अध्यायः ।।

## एकादशः अध्यायः
## અગીયારમો અધ્યાય

### ज्ञानसिद्धि सामरस्य कथनम्
### જ્ઞાન અને સિદ્ધિ વિષે

षोडशे दिवसे रात्रौ विविक्ते मुनि-सत्तमम् ।
गुरूम् ब्रह्मविदां श्रेष्ठं नित्यम् आत्मनि संस्थितम् ।। १ ।।
उपगम्य महाभागं सः अहम् कैतवमानवम् ।
रमणं स्तुतवान् अस्मि दुर्लभज्ञानलब्धये ।। २ ।।

ઋષિઓમાં મહર્ષિ જે જ્ઞાનીમાં જ્ઞાનવાન છે
સદા આત્મા વિષે રહે જે શ્રીરમણ મુનીશ્વર
સોળમે દિવસે રાત્રે એકાંતે ગુરૂને સ્તવી
દુર્લભ જ્ઞાન લેવાને ગયો આચાર્ય ની કને. ૧-૨

ઋષિઓમાં પણ મહાન એવા આત્મસ્વરૂપમાં સ્થિત મહર્ષિ રમણ જ્યારે એકલા હતા ત્યારે ૧૬મી તારીખની રાત્રે હું તેમને મળ્યો અને માનવ માટે દુર્લભ એવા જ્ઞાનની પ્રાપ્તિ માટે સ્તુતિ કરી.

त्वयि एव परमा निष्ठा त्वयि एव विशदा मतिः ।
अम्भसां इव वाराशिः विज्ञानानाम् त्वम् आस्पदम् ।। ३ ।।

આપમાં છે પરા નિષ્ઠા, નિર્મળી મતિ આપમાં
આપ વિજ્ઞાનના રાશિ સમુદ્ર જયમ વારિનો. ૩

હે ભગવાન રમણ ! આપમાં જ પરમ નિષ્ઠા છે, આપમાં જ નિર્મળ અને વિશદ મતિ છે. જેવી રીતે સમુદ્ર સમસ્ત જલનો આશ્રય છે તેવી રીતે આપ જ સમસ્ત વિજ્ઞાનોના આશ્રય છો.

त्वम् तु सप्तदशे वर्षे बाल्ये एव महायशः ।
लब्धवान् असि विज्ञानं योगिनाम् अपि दुर्लभम् ।। ४ ।।

વર્ષે સતરમે આપે બાલ્યકાળે યશોધન
મેળવ્યું જ્ઞાન જેની છે યોગીને પ્રાપ્તિ દુર્લભ ૪

હે મહાયશસ્વી ! આપે સત્તર વર્ષની બાલ્યાવસ્થામાં જ
યોગીઓને પણ દુર્લભ એવો આત્મ-સાક્ષાત્કાર મેળવેલો છે.

सर्वे दृश्याः इमे भावाः यस्य छायामयाः तव ।
तस्य ते भगवन् निष्ठाम् कः नु वर्णायितुं क्षमः ।। ५ ।।

સર્વ આ દૃશ્ય ભાવો તે છાયા શા તવ દ્રષ્ટિમાં
એવી તે આપની નિષ્ઠા ગાઈ કોણ શકે વિભો ૫

હે ભગવાન ! આ સર્વે દૃશ્યપદાર્થો જેને માટે છાયા -માત્ર છે,
એવી આપની સ્થિતિનું વર્ણન કરવા કોણ સમર્થ છે ?

मज्जताम् घोरसंसारे व्यापृतानाम् इतः ततः ।
दुखम् महत् तितीर्षूणाम् त्वम् एका परमा गतिः ।। ६ ।।

ડૂબતા ઘોર સંસારે ભટકે ધ્યેયહીણ જે
છૂટવા દુઃખથી ઇચ્છે તે સૌની ગતિ આપ છો. ૬

ઘોર સંસારમાં ડૂબેલા અને જ્યાં ત્યાં ભટકતાં રહેતા તથા મહાન
દુઃખોથી છુટવાની ઈચ્છાવાળા પુરુષો માટે આપ જ પરમ ગતિ છો !

पश्यामि देवदत्तेन ज्ञानेन त्वाम् मुहुर्मुहुः ।
ब्रह्मण्यानां वरम् ब्रह्मन् सुब्रह्मण्यं नराकृतिम् ।। ७ ।।

દેવદીધેલ વિજ્ઞાને વારંવાર હું આપને
દેખતો શ્રેષ્ઠ જ્ઞાની શા સુબ્રહ્મણ્યમ્ મનુષ્યમાં. ૭

ભગવાન ! પ્રભુએ આપેલી જ્ઞાન દૃષ્ટિથી જોઉં છું તો મને વારંવાર દેખાય છે કે આપ બ્રહ્મદેવતાઓમાં શ્રેષ્ઠ એવા સ્કંદ માનવરૂપે પ્રગટ્યા છો.

न त्वं स्वामिगिरौ नाथ न त्वं क्षणिकपर्वते ।
न त्वम् वेंकटशैलाग्रे शोणाद्रौ असि वस्तुतः ।। ८ ।।

સ્વામિગિરિ વિશે છો ના, ના છો ક્ષણિકપર્વતે,
વેંકટશૈલપે છો ના, આપ છો અરૂણાચલે. ૮

ભગવાન ! આપ સ્વામીગિરિની પર્વતમાળાઓમાં કે ક્ષણિક પર્વત કે વેંકટપર્વતની ટોચે નહીં પણ હકીકતે હવે આપ અરૂણાચલ પર્વત પર છો.

भूमविद्याम् पुरा नाथ नारदाय महर्षये ।
भवान् शुश्रूषमाणाय रहस्याम् उपदिष्टवान ।। ९ ।।

પૂર્વે નારદસેવાથી પ્રસન્ન થઈને તમે
મહર્ષિને પ્રબોધ્યું તું ભૂમવિદ્યારહસ્યને. ૯

હે નાથ ! પૂર્વકાલમાં આપે જ સેવાપરાયણ મહર્ષિ નારદને ભૂમા વિદ્યાના રહસ્ય વિશે ઉપદેશ આપેલ હતો. (ભૂમા વિદ્યા અંગે વિશેષ માહિતી છાંદોગ્ય ઉપનિષદમાં છે.)

सनतकुमारम् ब्रह्मर्षिम् त्वाम् आहुः वेदवेदिनः ।
आगमानां तु वेत्तारः सुब्रह्मण्यम् सुरर्षभम् ।। १० ।।

સનત્કુમાર શા લેખે વેદજ્ઞો ઋષિ આપને,
સુબ્રહ્મણ્યસુરશ્રેષ્ઠ શાસ્ત્રજ્ઞો આપને લહે. ૧૦

વેદજ્ઞો આપને બ્રહ્મર્ષિ સનત્કુમાર કહે છે જયારે આગમવેત્તા આપને દેવોમાં શ્રેષ્ઠ એવા સુબ્રહ્મણ્યમ્ કહે છે.

केवलं नामभेदः अयम् व्यक्तिभेदः न विद्यते ।
सनत्कुमारः स्कन्दः च पर्यायौ तव तत्वतः ।। ११ ।।

કેવલ નામના ભેદો છે નાહિ વ્યકિતભેદ કૈં
સનત્કુમાર ને સ્કન્દ પર્યાયો સહુ આપના. ૧૧

આ માત્ર નામ-ભેદ છે, વ્યક્તિ-ભેદ નથી. વાસ્તવમાં સનત્કુમાર અને સ્કંદ આપના પર્યાય છે.

पुरा कुमारिलः नाम भूत्वा ब्राह्मणसत्तमः ।
धर्मम् वेदोदितम् नाथ त्वं संस्थापितवान् असि ।। १२ ।।

પૂર્વે થયા હતા આપ વિપ્રશ્રેષ્ઠ કુમારિલ
વેદોકત ધર્મને આપે સ્થાપ્યો નાથ ! ધરા વિષે. ૧૨

હે નાથ ! પૂર્વ કાલમાં આપે જ કુમારિલ ભટ્ટ નામે પ્રગટી વેદોકત ધર્મની સંસ્થાપના કરેલી.

जैनैः व्याकुलिते धर्मे भगवन् द्रविडेषु च ।
भूत्वा त्वं ज्ञानसंबन्धः भक्तिम् स्थापितवान् असि ।। १३ ।।

જૈનોથી ધર્મ ચૂંથાતાં પ્રભો ! દ્રાવિડ દેશમાં
જ્ઞાન સંબંધ થૈ આપે, ભકિત સ્થાપી ફરી અહિં. ૧૩

હે ભગવાન ! જૈનો દ્વારા ધર્મ વ્યાકુળ થતાં આપે જ જ્ઞાન સંબંધ નામે પ્રગટી ભકિતની સ્થાપના કરેલી.

अधुना त्वं महाभाग ब्रह्मज्ञानस्य गुप्तये ।
शास्त्रज्ञानेन संतृप्तैः निरूद्धस्य आगतः धराम् ।। ४ ।।

પોથીપંડિતથી અવરુદ્ધ થયેલા બ્રહ્મજ્ઞાનને
રક્ષવા આ સમે આપ વિભો આવ્યા ધરાતલે. ૧૪

હે મહાભાગ ! આપ આ વેળા કેવળ શાસ્ત્રજ્ઞાન થી તૃપ્તિ અનુભવતા પંડિતો દ્વારા નિરુદ્ધ બ્રહ્મજ્ઞાન ની રક્ષા માટે ફરી આ પૃથ્વી પર અવતર્યા છો !

संदेहाः बहवः नाथ शिष्याणाम् वारिताः त्वया ।
इमम् च मम संदेहम् निवारयितुम् अर्हसि ।। १५ ।।

ઘણા સંદેહ શિષ્યોના આપે નાથ ! નિવારીયા,
વળી સંદેહ આ મારો નિવારો કરીને કૃપા. ૧૫

હે પ્રભુ !આપે શિષ્યોની ઘણી - ઘણી શંકાઓનું નિરાકરણ કર્યું છે. હવે આપ મારી શંકાનું સમાધાન કરવા કરુણા કરો.

ज्ञानस्य च अपि सिद्धीनाम् विरोधः किम् परस्परम् ।
उताहो कः अपि संबन्धः वर्तते मुनिकुज्जर ।। १६ ।।

જ્ઞાનને સિદ્ધિમાં છે શું કે વિરોધ પરસ્પર ?
અથવા તેમનો છે શો સંબંધ મુનિકુંજર ? ૧૬

હે મુનિશ્રેષ્ઠ, શું જ્ઞાન અને સિદ્ધિ એકબીજાના વિરોધી છે કે એ બે વચ્ચે કોઈ સંબંધ છે ખરો ?

मया एवं भगवान् पृष्टो रमणः नुतिपूर्वकम् ।
गभीरया द्रशा वीक्ष्य माम् इदम् वाक्यम् अब्रवीत् ।। १७ ।।

સ્તુતિપૂર્વક મેં પૂછયો પ્રશ્ન એ ભગવંતને,
મારા પર કૃપાદષ્ટિ કરીને વાકયઉચ્ચર્યા. ૧૭

વિનંતિપૂર્વક પૂછાયેલા મારા આ પ્રશ્નથી ભગવાન શ્રી રમણ મારા તરફ ગંભીર નજરે જોઈ આ વાક્ય બોલ્યા :

सहजाम् स्थितिम् आरूढः स्वभावेन दिने दिने ।
तपः चरति दुर्धर्षम् न आलस्यम् सहज स्थितौ।। १८ ।।

સહજ સ્થિતિ પામેલો સ્વાભાવિક દિને દિને
આચરે તપ દુર્ધર્ષ, નથી આળસ તેહને. ૧૮

સહજ સ્થિતિમાં આરૂઢ જ્ઞાની પુરુષ પ્રતિદિન સ્વાભાવિક જ કઠિન તપશ્ચર્યા કરતો હોય છે. સહજસ્થિતિ અને આળસ એક નથી. સહજસ્થિતિ માં આળસ કદી હોતી નથી.

तपः तत् एव दर्धर्षम् या निष्ठा सहजा आत्मनि ।
तेन नित्येन तपसा भवेत् पाकः क्षणे क्षणे ।। १९ ।।

સહજસ્થિતિમાં નિષ્ઠા એ જ છે તપ ઉતમ,
આવા નિત્યતપાચારે થાયછે પુખ્ત સાધક. ૧૯

આત્મા માં સહજસ્થિતિ એ જ કઠિન તપસ્યા છે. આ નિત્ય તપથી પ્રતિક્ષણ પુણ્યનો પરિપાક થાય છે.

परिपाकेन काले स्युः सिद्धयः तात पश्यतः ।
प्रारब्धं यदि ताभिः स्यात् विहारः ज्ञानिनः अपि च ।।२० ।।

યથાકાળે મળે આવી સિદ્ધિઓ દષ્ટિવાનને
પ્રારબ્ધ હોયતો જ્ઞાની તેઓથી વિહરી શકે. ૨૦

આત્મદ્રષ્ટા જ્ઞાનીમાં આ પુણ્યના પરિપાકથી સમય આવ્યે સિદ્ધિઓ પ્રગટે છે. અગર પ્રારબ્ધમાં હોયતો આત્મજ્ઞાની પણ સિદ્ધિઓ સાથે વિહાર કરે છે.

यथा प्रपंचग्रहणे स्वरूपात् न इतरत् मुनेः ।
सिद्धयः क्रियमाणाः च स्वरूपात् न इतरत् तथा ।। २१ ।।

જ્ઞાની સંસારને જુદો આત્માથી નવ જાણતો
સિદ્ધિઓની ક્રિયાઓ તે તેમ ના ભિન્ન માનતો. ૨૧

જેવી રીતે પાંચવિષયોના ગ્રહણ વખતે આત્મજ્ઞાની માટે તે વિષયઆત્માથી પૃથક્ નથી હોતો તેવી રીતે આવી ક્રિયમાણ સિદ્ધિઓ પણ આત્મજ્ઞાની માટે આત્માથી પૃથક નથી.

भवेत् न यस्य प्रारब्धम् शक्तिपूर्ण अपि अयं मुनिः
अतरंग इव अम्भोधिः न किंचित् अपि चेष्टते ।। २२ ।।

જો ના પ્રારબ્ધ તેનું તો જ્ઞાની પૂર્ણ સમર્થ તે
અતરંગી અને શાંત રહે ગંભીર સિંધુ શો. ૨૨

જે આત્મજ્ઞાનીનું આવું પ્રારબ્ધ નથી હોતું તેવો મુનિ સર્વ શક્તિમાન હોવા છતાં તરંગ વિનાના સમુદ્રની જેમ કોઈ ચેષ્ટા કરતો નથી.

न अन्यम् मृगयते मार्गम् निसर्गात् आत्मनि स्थितः ।
सर्वासाम् अपि शक्तीनाम् समष्टिः स्वात्मनि स्थितिः ।।२३।।

સહજસ્થિતિ પામ્યો તે અન્યમાર્ગ ન શોધતો
સમષ્ટિ શકિતની એ જ સ્વાત્મસ્થિતિ ખરી. ૨૩

સ્વાભાવિક રીતે આત્મામાં સ્થિત જ્ઞાની આત્મા સિવાય અન્ય માર્ગ નથી ખોળતો કારણકે પોતાના આત્મામાં સ્થિતિ એ જ સમસ્ત શક્તિઓનો સંગ્રહ છે.

अप्रयत्नेन तु तपः सहजा स्थितिः उच्चते ।
सहजायाम् स्थितौ पाकात् शक्तिनाम् उद्भवः मतः ।। २४ ।।

તપ યત્ન વિના થાયે કહી તે સહજસ્થિતિ
સ્થિતિ એ પકવતા પામ્યે શકિતઓ સર્વ ઉદ્ભવે. ૨૪

પ્રયત્નરહિત તપ એ જ સહજ સ્થિતિ છે. સહજ સ્થિતિ પરિપક્વ થયે શક્તિઓની ઉત્પત્તિ થાયછે.

परीवृतः अपि बहुभिः नित्यम् आत्मनि संस्थितः ।
घोरम् तपः चरति एव न तस्य एकान्तकामिता ।। २५ ।।

ઘેરાયો જે અનેકોથી આત્મામાં સ્થિતિ ધારતો
કરતો તપ એ ઘોર, ના તે એકાંત વાંછતો. ૨૫

નિત્ય આત્મસ્વરૂપમાં સમ્યક્ રૂપે સ્થિત જ્ઞાની ઘણા બધા લોકોથી ઘેરાયેલો હોવા છતાં એની ઘોર તપસ્યા ચાલુ રહે છે અને તેને એકાંતવાસની કામના થતી નથી.

ज्ञानं शक्तेः अपेतम् यः मन्यते न एव वेद सः ।
सर्वशक्ते अभितः पूर्णे स्वस्वरूपे हि बोधवान् ।। २६ ।।

શકિતને જ્ઞાનથી ભિન્ન માને તે જાણતો નથી
પૂર્ણરૂપે બધી શકિત વિલોકે તે પ્રબુદ્ધ છે. ૨૬

જે આત્મજ્ઞાનને શક્તિરહિત માને છે, તે હજી આત્માને નથી જાણતો. જ્ઞાની સર્વ શક્તિમાન અને સર્વ વ્યાપક એવા પોતાના સ્વરૂપમાં જ સ્થિત હોય છે.

**इति श्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे ज्ञानसिद्धि सामरस्यकथनं नाम एकादशोऽध्यायः**

# द्वादश अध्यायः
## બારમો અધ્યાય

शक्तिविचारः
શક્તિ વિચાર

एकोनविंशे दिवसे भारद्वाजः महामनाः ।
कपाली कृतिषु ज्यायान् अपृच्छत् रमणम् गुरूम् ।। १ ।।

દિવસે ઓગણીસે તે જ્ઞાનિશ્રેષ્ઠ મહામના
ભારદ્વાજ કપાલીએ પૂછયું રમણદેવને. ૧

૧૯ મી ઓગષ્ટ ૧૯૧૭ ને દિવસે ભારદ્વાજ ગોત્રમાં જન્મેલા એવા મહાન પંડિત કપાલીએ ગુરુદેવ રમણ મહર્ષિને પૂછ્યું.

कपाली उवाच :
કપાલી બોલ્યા,

विषयी विषयः वृतिः इति इदं भगवन् त्रिकं ।
ज्ञानिनां पामराणां च लोकयात्रासु दृश्यते ।। २ ।।

વિષયી, વિષયો, વૃત્તિ, ત્રિપુટી ભગવંત ! એ
જ્ઞાની–પામર બંનેના જીવને વરતાયછે. ૨

હે ભગવન ! વિષયી, વિષય અને વૃત્તિ - આ ત્રિપુટી આત્મ-જ્ઞાની તેમજ પામરનાં રોજબરોજનાં જીવનમાં જોવામાં આવે છે.

अथ केन विशेषेण ज्ञानी पामरतः अधिकः ।
इमम् मे नाथ सन्देहं निवारयितुं अर्हसि ।। ३ ।।

ત્યારે પામર, જ્ઞાનીમાં ફેર શો ખાસ છે ગુરૂ ?
કૃપાળુ નાથ આ શંકા નિવારો નમ્ર શિષ્યની. ૩

- તો કઈ રીતે જ્ઞાની, પામર અજ્ઞાની કરતાં ચડિયાતો છે ? હે નાથ ! મારા સંદેહને નિવારવા આપ સમર્થ છો !

भगवान् उवाच
ભગવાન બોલ્યા,

अभिन्नः विषयी यस्य स्वरूपात् मनुजर्षभ ।
व्यापारविषयौ भातः तस्य अभिन्नौः स्वरूपतः ।। ४ ।।

સ્વરૂપ વિષયી એક પેખે જેઓ નરોતમ
તેને સ્વરૂપથી ભિન્ન વ્યાપાર વિષયો નહિ. ૪

હે નરશ્રેષ્ઠ ! વિષયી પોતાથી (આત્માથી) જુદો નથી તેને વિષય અને વિષયનાં વ્યાપાર પણ પોતાથી (આત્મતત્વથી) અલગ નથી.

विभिन्नः विषयी यस्य स्वरूपात् अभिमानिनः ।
व्यापारविषयौ भातः तस्य भिन्नौ स्वरूपतः ।। ५ ।।

સ્વરૂપ વિષયી ભિન્ન લેખે દેહાભિમાની જે
તેને સ્વરૂપથી જુદા વ્યાપારવિષયો દીસે. ૫

અભિમાની
જે ~~અજ્ઞાની~~ માટે વિષયી પોતાના સ્વરૂપથી ભિન્ન છે, તેને વિષય અને વિષયના વ્યાપાર બંને પોતાના સ્વરૂપથી ભિન્ન જણાય છે.

भेदाभासे विजानाति ज्ञानी अभेदम् तु तात्त्विकम् ।
भेदाभासवशं गत्वा पामरः तु विभिद्यते ।। ६ ।।

ભેદાભાસ છતાં જ્ઞાની સત્યપેખે અભેદને
ભેદાભાસે ફસાયેલા તે તો છે ભિન્ન પામરો. ૬

આત્મજ્ઞાની ભેદાભાસમાં કેવળ તાત્વિક અભેદને જાણે છે. આથી ઉલટું પામર અજ્ઞાની ભેદાભાસને આધીન થઈ પોતાને અલગ ગણે છે.

कपाली उवाच
કપાલી બોલ્યા,

नाथ यस्मिन् इमे भेदाः भासन्ते त्रिपुटीमया : ।
शक्तिमत् वा स्वरूपम् तत् उताहो शक्तिवर्जितम् ।। ७ ।।

ત્રિપુટીરૂપ ભેદોનો જેમાં આભાસ થાયછે
તે સ્વરૂપ વિષે શક્તિછે કે ના ? નાથ ! તે કહો. ૭

હે નાથ ! જેમાં આ ત્રિપુટીમય ભેદ પ્રાપ્ત થાય છે તે સ્વરૂપ શક્તિયુકત છે કે શક્તિરહિત ?

भगवान् उवाच
ભગવાન બોલ્યા,

वत्स यस्मिन् इमे भेदाः भासन्ते त्रिपुटीमयाः ।
सर्वशक्तम् स्वरूपम् तत् आहुः वेदान्तवेदिनः ।। ८ ।।

ત્રિપુટીમય ભેદોનો જેમાં આભાસ ભાસતો,
ભરી તેમાં જ સૌ શકિત, વત્સ ! વેદાંતીઓ કહે. ૮

હે વત્સ ! જેમાં આ ત્રિપુટીમય ભેદ ભાસે છે એ સ્વરૂપને વેદાંતવેત્તાઓ સર્વશક્તિમાન કહે છે.

कपाली उवाच
કપાલી બોલ્યા

ईश्वरस्य तु या शक्तिः गीता वेदान्तवेदिभिः ।
अस्ति वा चलनम् तस्याम् आहोस्वित् नाथ नास्ति वा ।।९ ।।

વેદાંત જાણનારાએ ઈશ્વરી શકિત ગાઇ તે
સક્રિય હોય કે નહિ ? કહો તે નાથ શિષ્યને. ૯

હે નાથ ! વેદાંતવેત્તાઓએ ઈશ્વરની શક્તિ કહી છે તે શક્તિ ચલ છે કે અચલ ?

भगवान् उवाच
ભગવાન બોલ્યા,

शक्तेः संचलनात् एव लोकानाम् तात सम्भवः ।
चलनस्य आश्रयः वस्तु न संचलति कर्हिचित् ।। १० ।।

શકિત સક્રિયતાથી જ ઉત્પન્ન થઇ સૃષ્ટિ આ
ક્રિયા આધાર જે વસ્તુ તેને ન્હોયકદી ક્રિયા. ૧૦

શક્તિના સંચલનથી જ સમસ્ત લોકોની ઉત્પત્તિ થાય છે. પરંતુ ચલનની આશ્રય સત્તા જે છે તે અચલ છે.

अचलस्य तु यत् शक्तेः चलनम् लोककारणम् ।
तां एव आचक्षते मायाम् अनिर्वाच्याम् विपश्चितेः ।। ११ ।।

અચલની શકિતના કાર્યે ઉત્પન્ન થઇ સૃષ્ટિ આ
તેને અવર્ણ્ય માયાના નામે વિદ્વાન ઓળખે. ૧૧

અચલ સત્તાની શક્તિની ગતિ સમસ્ત લોકની ઉત્પત્તિનું કારણ કહેવાય છે. વિદ્વાનો એને જ અનિર્વચનીય માયા કહે છે.

चंचलत्वम् विषयिणः यथार्थम् इव भासते ।
चलनम् न नरश्रेष्ठ स्वरूपस्य तु वस्तुतः ।। १२ ।।

વિષયીની ક્રિયા આ જ ભાસતી સત્ય વત્સ હે !
ક્રિયા છે નાહિ આત્મામાં સત્ય તે જાણ હે મુનિ ! ૧૨

હે નરશ્રેષ્ઠ ! વિષયીને ચંચલત્વ યથાર્થ હોય એમલાગે છે પરંતુ વાસ્તવમાં આત્મા અચલ છે.

ईश्वरस्य च शक्तेः च भेदः दृष्टि निमित्तकः ।
मिथुनम् तु इदम् एकम् स्यात् दृष्टिः चेत् उपसंहृता ।।१३ ।।

ઇશ્વર શકિતનો ભેદ દષ્ટિભેદ થકી થતો
દષ્ટિ જો અંતરે જાતી તો બન્ને એક દીસતાં. ૧૩

શિવ અને શકિત વચ્ચે ભેદ દ્વૈત-દ્રષ્ટિને લીધે છે. જો દ્વૈત-દ્રષ્ટિ પોતાના મૂળ સ્ત્રોતમાં પાછી આવી વિલીન થઈ જાયતો આ શિવ શકિતનું યુગલ એક થઈ જાય છે.

कपाली उवाच
કપાલી બોલ્યા,

व्यापार ईश्वरस्य अयम् दृश्य ब्रह्माण्ड कोटिकृत् ।
नित्यः किम् अथवा अनित्यः भगवान् वक्तुम् अर्हति ।।१४।।

કોટિ બ્રહ્માંડ જન્માવે વ્યાપાર ઇશનો, ગુરૂ !
નિત્ય કે નિત્ય ના છે એ ? કહો તે કરીને કૃપા. ૧૪

કોટી દ્રશ્ય બ્રહ્માંડોના કર્તા એવા ઈશ્વરનો આ વ્યાપાર નિત્ય છે કે અનિત્ય એ કહેવા, હે ભગવાન ! આપ સમર્થ છો.

भगवान् उवाच
ભગવાન બોલ્યા,

निजया परया शक्त्या चलन् अपि अचलः परः ।
केवलम् मुनिसंवेद्यम् रहस्य इदम् उत्तमम् ।। १५ ।।

પરા શકિત થકી ઇશ સક્રિય તોયઅક્રિય
રહસ્ય ઊંડું આ જાણે વિજ્ઞાની મુનિ એકલા. ૧૫

ઈશ્વર પોતાની પરાશક્તિથી ચલિત થવા છતાં પણ વાસ્તવમાં અચલ છે. આ ઉત્તમ રહસ્ય કેવળ મુનીઓ જ જાણી શકે.

चलत्वम् एव व्यापारः व्यापारः शक्तिः उच्यते ।
शक्त्या सर्वम् इदम् दृश्यम् ससर्ज परमः पुमान् ।। १६ ।।

સક્રિયતા જ વ્યાપાર, વ્યાપાર એ જ શકિત છે,
ઈશ્વરે શકિતથી સર્વ દશ્યઆ સૃષ્ટિ છે સ્ત્રજી. ૧૬

ગતિ એ જ વ્યાપાર (પ્રવૃત્તિ) છે અને વ્યાપાર એ જ શકિત કહેવાયછે. પુરુષોત્તમ ભગવાને શકિત વડે જ આ સર્વ દશ્ય જગત ઉત્પન્ન કર્યાં છે.

व्यापारः तु प्रवृतिः च निवृतिः इति च द्विधा ।
निवृतिस्था यत्र सर्वम् आत्मा एव अभूत् इति श्रुतिः ।।१७ ।।

વ્યાપારના પ્રકારો બે નામે પ્રવૃતિ નિવૃતિ
શ્રુતિમંત્ર સર્વમાત્મૈચાભૂતુ એ છે નિવૃતિનો. ૧૭

વ્યાપાર બે જાતના છે - પ્રવૃત્તિ અને નિવૃત્તિ. સર્વ જે કાંઈ થયું છે તે આત્મા જ છે એવું શ્રુતિવાક્ય નિવૃત્તિપરાયણ છે.

नानात्वम् द्वैतकालस्थम् गम्यते सर्वम् इति अतः ।
अभूत् इति पदेन अत्र व्यापारः कः अपि गम्यते ।। १८ ।।

સર્વમ્ એ પદથી જાણો વૈવિધ્ય દ્વૈતકાલનું,
અભૂત એ પદથી જાણો વ્યાપાર કોઈ જાતનો. ૧૮

'સર્વ' એ પદથી દ્વૈતકાળ દરમ્યાનનાં અનેકત્વનો બોધ થાય છે. વાક્યમાં ''થયું'' એ પદ વ્યાપાર (પ્રવૃત્તિ) નો બોધક છે.

आत्मा एव इति विनिर्देशात्  विशेषाणां समन्ततः ।
आत्मनि एव उपसंहारः तज्जातानां प्रकीर्तितः ।। १९ ।।

આત્મૈવ એ થકી બોધ્યું વૈવિધ્યે ઐક્યતત્વને
આપને આપમાં ખેંચી લાવવું ધ્યેય હોયછે. ૧૯

આત્મા જ છે એ પદથી આત્માથી ઉત્પન્ન સમસ્ત ભેદોનો આત્મામાં
જ લય છે એમ કહેવામાં આવ્યું છે.

विना शक्तिम् नरश्रेष्ठ स्वरूपम् न प्रतीयते ।
व्यापारः आश्रयः च इति द्विनामा शक्तिः उच्यते ।। २० ।।

વિના શકિત નરશ્રેષ્ઠ ન પ્રીછે કો સ્વરુપને
શકિતનાં નામ છે આ બે વ્યાપાર, બીજું આશ્રય. ૨૦

હે નરશ્રેષ્ઠ ! શક્તિ વિના સ્વરૂપ પ્રતીત થતું નથી.
શક્તિના બે નામ છે. - વ્યાપાર અને આશ્રય.

व्यापारः विश्वसर्गादि कार्यम् उक्तम् मनीषिभिः ।
आश्रयः द्विपदाम् श्रेष्ठ स्वरूपात् न अतिरिच्यते ।। २१ ।।

સર્જનાદિ પ્રવૃતિઓ વ્યાપાર કહી પંડિતે
ને આશ્રય, નરશ્રેષ્ઠ ! નથી જુદો સ્વરૂપથી. ૨૧

હે નરશ્રેષ્ઠ ! મનીષિઓએ વિશ્વ - સૃષ્ટિ ઈત્યાદિ કાર્યને વ્યાપાર
કહેલ છે. આશ્રય સ્વરૂપ થી અલગ નથી.

स्वरूपम् अन्यसापेक्षम् न एव सर्वात्मकत्वतः ।
शक्तिं वृतिं स्वरूपं च यः एवं वेद वेद सः ।। २२ ।।

સર્વાત્મકત્વને લીધે આત્મા સાપેક્ષ છે નહિ
શકિત, સ્વરૂપ વૃતિને, જાણે તે જાણતો ખરું. ૨૨

આત્મા સર્વાત્મક હોવાથી અન્ય વસ્તુ પર નિર્ભર નથી. જે
શક્તિને વૃત્તિ અને સ્વરૂપ એ રીતે જાણે છે તે જ વાસ્તવમાં જાણે છે.

वृत्तेः अभावे तु सतः नानाभावः न सिद्धयति
सत्ता शक्ति अतिरिक्ता चेत् वृत्तेः न एव समुद्भवः ।।२३।।

અભાવ વૃતિનો થાતાં, ભાવવૈવિધ્ય થાય ના
શકિતથી ભિન્ન જો સતા, વૃતિ તો સંભવે નહિ. ૨૩

વૃત્તિના અભાવમાં સત્નું નાનાત્વ (અનેકપણું) સિદ્ધ નથી થતું.
સત્તા અગર શક્તિથી અલગ થઈ જાય તો વૃત્તિ ની ઉત્પત્તિ પણ ન
થઈ શકે.

यदि कालेन भविता जगतः प्रलयः महान् ।
अभेदेन स्वरूपे अयम् व्यापारः लीनवत् भवेत् ।। २४ ।।

યદિ કાળબળે આવે મહાપ્રલયઆ જગે
અભેદે વિશ્વવ્યાપાર સ્વરૂપે લીન થાયછે. ૨૪

અગર કાળક્રમે વિશ્વનો નાશ થાય તો આ વ્યાપાર સ્વરૂપમાં
અભેદરૂપે લીન થઈ જશે.

सर्वः अपि व्यवहारः अयं न भवेत् शक्तिम् अन्तरा ।
न सृष्टिः न अपि विज्ञानम् यत् एतत् त्रिपुटीमयम् ।। २५ ।।

સર્વ વ્યાપાર પ્રવૃતિ સંભવે શકિત વિણ ના
તો પછી હોયના સૃષ્ટિ ત્રિપુટીમય જ્ઞાન વા. ૨૫

શક્તિ વિના આ બધો વ્યવહાર ન થઈ શકે. ન સૃષ્ટિ રહે, ન આ ત્રિપુટીમય વિજ્ઞાન !

स्वरूपम् आश्रयत्वेन व्यापारः सर्गकर्मणा ।
नामभ्याम् उच्यते द्वाभ्याम् शक्तिः एका परात्परा ।। २६ ।।

સ્વરૂપ આશ્રયાકારે વ્યાપાર સૃષ્ટિ કર્મથી :
શકિતનાં નામ એ બે છે એ જ છે, સર્વથી પર. ૨૬

પરાત્પર અદ્વિતિય શક્તિ જ સર્વ વસ્તુનો આશ્રય હોવાથી ''સ્વરૂપ'' અને સૃષ્ટિકાર્યને લીધે ''વ્યાપાર'' એમ બે નામે કહેવામાં આવે છે.

लक्षणम् चलनम् येषां शक्तेः तेषाम् तदाश्रयः ।
यत् किंचित् परमम् वस्तु वक्तव्यम् स्यात् नरर्षभ ।। २७ ।।

ગતિ એને જ શકિતનું માને લક્ષણ તેહને,
આશ્રય પરમ વસ્તુ જે ભાખવી તે નરોતમ ! ૨૭

હે નરશ્રેષ્ઠ ! જેઓ શકિતનું લક્ષણ ચલન (ગતિ) માને છે એમને એ માનવું પડશે કે એ શકિતનો આધાર કોઈ પરમ વસ્તુ છે.

तत् एकं परमं वस्तु शक्तिं एके प्रचक्षते ।
स्वरूपं के अपि विद्वांसः ब्रह्म अन्ये पुरूषं परे ।। २८।।

પરમ એ વસ્તુને કોઇ શકિતનું નામ આપતા
કહે સ્વરૂપ કો જ્ઞાની પુરૂષ, બ્રહ્મ કહે બીજા. ૨૮

એ પરમ વસ્તુને કોઈ શકિત કહે છે,
કોઈ વિદ્વાન સ્વરૂપ કહે છે, કોઈ બ્રહ્મ કહે છે, તો કોઈ પુરૂષ કહે છે.

वत्स सत्यं द्विधा गम्यम् लक्षणेन च वस्तुतः ।
लक्षणेन उच्यते सत्यं वस्तुतः तु अनुभूयते ।। २९ ।।

કળાયે સત્ય બે રીતે લક્ષણે, વસ્તુથી બંને
લક્ષણ વર્ણવે તેને, વસ્તુ અનુભવાયછે. ૨૯

હે વત્સ ! સત્ય બે રીતે જાણી શકાય : લક્ષણ તથા વસ્તુથી.
લક્ષણ થકી સત્ય કહેવામાં આવે છે અને વસ્તુત્વ થી અનુભવાય છે.

तस्मात् स्वरूपविज्ञानं व्यापारेण च वस्तुतः ।
ताटस्थ्येन च साक्षात् च द्विविधं सम्प्रचक्षते ।। ३० ।।

તેથી સ્વરૂપનું જ્ઞાન થાય વ્યાપાર, વસ્તુથી
ધાર્યે તટસ્થતા કિંવા સાક્ષાત્કાર ઉભે વિધે. ૩૦

આમ સ્વરૂપ-વિજ્ઞાન બે પ્રકારે જાણી શકાય છે : વ્યાપાર તથા
વસ્તુત્વથી. વ્યાપાર થકી તટસ્થ લક્ષણ દ્વારા અને વસ્તુત્વથી
અપરોક્ષ અનુભવ દ્વારા.

स्वरूपं आश्रयम् प्राहुः व्यापारं तात लक्षणम्
वृत्त्या विज्ञाय तन्मूलम् आश्रये प्रतितिष्ठति ।। ३१ ।।

આશ્રય એ જ છે આત્મા, વ્યાપાર તેનું લક્ષણ,
વ્યાપારમૂળ શોધ્યાથી આશ્રયે સ્થિતિ થાયછે. ૩૧

સ્વરૂપને આશ્રય કહે છે અને વ્યાપારને લક્ષણ. વૃત્તિથી વૃત્તિના મૂળ
સ્ત્રોતને જાણી સાધક આશ્રય(પુરુષ) માં પ્રતિષ્ઠિત થાય છે.

स्वरूपं लक्षणोपेतं लक्षणं च स्वरूपवत् ।
तादात्म्येन एव सम्बन्धः तु अनयोः सम्प्रकीर्तितः ।। ३१ ।

સ્વરૂપ લક્ષણે યુકત, સ્વરૂપે યુકત લક્ષણ
તાદાત્મ્યથી જ સંબંધ આ બન્નેનો કહે બુધો. ૩૨।

સ્વરૂપ લક્ષણથી યુકત છે અને લક્ષણ તો સ્વરૂપનાં જ છે.
આમ એ બંનેનો સંબંધ તાદાત્મ્યને લીધે જ છે.

तटस्थलक्षणेन एवम् व्यापाराख्येन मारिष ।
यतः लक्ष्यं स्वरूपं स्यात् नित्य व्यापारवत् ततः ।। ३३ ।।

વ્યાપાર નામ છે જેનું એવે તટસ્થ લક્ષણે
સ્વરૂપ થાયછે લક્ષ્યઃ તેથી વ્યાપારયુકત એ. ૩૩

આમ વ્યાપાર નામનાં તટસ્થ લક્ષણથી સ્વરૂપ જાણી શકાય છે આથી સ્વરૂપને નિત્ય વ્યાપારયુકત કહી શકાય.

व्यापारः वस्तुनः न अन्यः यदि पश्यसि तत्वतः ।
इदम् तु भेदविज्ञानं सर्व काल्पनिकं मतम् ।। ३४ ।।

વ્યાપાર વસ્તુ ના જૂદા યદિ તત્વ પિછાણવું
સર્વ આ ભેદનું જ્ઞાન કલ્પનાજન્યમાત્ર છે. ૩૪

અગર યથાર્થ રીતે જોવામાં આવે તો વ્યાપાર વસ્તુથી ભિન્ન નથી. આ સર્વ ભેદ-વિજ્ઞાન કેવળ કાલ્પનિક છે.

शक्ति उल्लास आह्वया सा इयम् सृष्टिः स्यात्
इशकल्पना ।
कल्पना इयं अतीता चेत् स्वरूपं अवशिष्यते ।। ३५ ।।

શકિતઉલ્લાસ નામે આ સૃષ્ટિ છે ઈશકલ્પના
કલ્પના એ વટાવી તો બાકી માત્ર સ્વરૂપ રહે. ૩૫

શક્તિના ઉલ્લાસરૂપ આ સૃષ્ટિ કેવળ ઈશ્વરની કલ્પના છે. કલ્પનાથી અતીત થયે કેવળ સ્વરૂપ જ રહે છે.

इति श्री रमणगीतासु ब्रहमविद्यायां योगशास्त्रे
रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे
शक्तिविचारःनाम द्वादशः अध्यायः ।।

## त्रयोदशः अध्यायः
## તેરમો અધ્યાય

संन्यासे स्त्रीपुरूषतुल्य अधिकार निरूपणम्
સંન્યાસ માટે સ્ત્રી - પુરુષના અધિકારનું નિરૂપણ

अत्रीणां अन्वय ज्योत्स्ना वसिष्ठानां कुलस्नुषा ।
महादेवस्य जननी धीरस्य ब्रह्मवेदिनः ।। १ ।।
प्रतिमानं पुरंध्रीणां लोकसेवाव्रते स्थिता ।
बिभ्राणा महतीं विद्यां ब्रह्मादि-विबुधस्तुताम् ।। २ ।।
दक्षिणे विन्ध्यतः शक्तेः तारिण्याः आदिमा गुरूः ।
तपः सखी मे दयिता विशालाक्षी यशस्विनी ।। ३ ।।
प्रश्नद्वयेन रमणाह्वयं विश्वहितं मुनिम् ।
अभ्यगच्छत् अदुष्टांगी निक्षिप्तेन मुखे मम ।। ४ ।।

અત્રિના કુળની જયોત્સ્ના વસિષ્ઠ કુળની વધુ
બ્રહ્મજ્ઞાની તથા ધીર મહાદેવની જન્મદા. ૧

આદર્શ ગૃહલક્ષ્મી એ લોકસેવાવ્રતે સ્થિત
બ્રહ્માદિકે વખાણેલી મહાવિદ્યાર્થી પૂર્ણ જે. ૨

વિંધ્યાચલની દક્ષિણે તારાવિદ્યાગુરુવરા
પત્ની મારી તપે સાથે વિશાલાક્ષી યશસ્વિની. ૩

મુજદ્વારા પુછાવીને બે પ્રશ્નો અકલંકિની
પામી એ મુનિનો બોધ જેમાં શ્રેય સમાજનું. ૪

આત્રેય કુળમાં જન્મેલ, વસિષ્ઠ કુળમાં પરણેલ, ધીર, બ્રહ્મને જાણનાર મહાદેવની માતા, આદર્શ સ્ત્રી, લોકસેવિકા, બ્રહ્માદિ દેવતાઓએ જેની સ્તુતિ કરી છે એવી મહાવિદ્યાને ધારણ કરનાર, વિંધ્યની દક્ષિણે તારા વિદ્યાની પ્રથમ ગુરૂ, તપમાં ભાગીદાર,

વિશાલાક્ષી, યશસ્વીની, કોમળ શરીરવાળી મારી પત્નીએ મારા દ્વારા જગતનું કલ્યાણ કરવાવાળા રમણ મુનિને બે પ્રશ્નો પૂછ્યા :

आत्मस्थितानां नारीणां अस्ति चेत् प्रतिबन्धकम् ।
गृहत्यागेन हंसीत्वं किमु स्यात् शास्त्रसम्मतम् ।। ५ ।।

આત્મસ્થિતા સ્ત્રીઓ માટે ઘર જો પ્રતિરોધક
તજીને ઘર, સંન્યાસ લેવો એ શાસ્ત્ર સંમત ? ૫

આત્મા માં સ્થિર થયેલી સ્ત્રીને ઘરમાં અંતરાય વિઘ્ન નડતા હોય તો તે ઘર છોડીને સંન્યાસીની બને તો તે શાસ્ત્ર સંમત છે ?

जीवन्त्याः एव मुक्तायाः देहपातः भवेत् यदि ।
दहनं वा समाधिः वा कार्यं युक्तम् अनंतरम् ।। ६ ।।

જીવને મુકત નારીનો યદિ દેહાન્ત થાયતો પછીનો વિધિ શો
યોગ્ય સમાધિ અગ્નિદાહ વા ? ૬

જીવન્મુકત સ્ત્રીનું મૃત્યુ થાય તો તેના મૃત શરીરને અગ્નિદાહ આપવો કે સમાધિ આપવી ? શું ઉચિત ગણાય?

प्रश्नद्वयं इदं श्रुत्वा भगवान् ऋषिसत्तमः ।
अवोचत् निर्णयं तत्र सर्व शास्त्रार्थ तत्ववित् ।। ७ ।।

સર્વ શાસ્ત્ર તણા જ્ઞાતા ભગવંત મુનીશ્વરે સુણીને પ્રશ્ન આ બેઉ
તત્કાલે નિર્ણયો કહ્યા. ૭

સમસ્ત શાસ્ત્રોનાં તાત્પર્ય ને જાણનારા ભગવાન શ્રી રમણ મહર્ષિએ આ બંને પ્રશ્નો સાંભળી પોતાનો નિર્ણયઆપ્યો :

स्वरूपे वर्तमानानां पक्वानां योषितां अपि
निवृत्तत्वात् निषेधस्य हंसीत्वं न एव दुष्यति ।। ८ ।।

સ્વરુપે સ્થિત ને પુખ્ત હોયજો કદિ નારી કો
નિષેધ ટકતો ના તો, દોષ સન્યાસમાં નથી, ૮

સ્વરૂપમાં સ્થિત પરિપક્વ સ્ત્રી, શાસ્ત્રમાં નિષેધ ન હોવાથી, સંન્યાસ લે તો એમાં કંઈ દોષ નથી.

मुक्तत्वस्य अविशिष्टत्वात् बोधस्य च वधूः अपि ।
जीवन्मुक्ता न दाह्या स्यात् तद्देहः हि सुरालयः ।। ९ ।।

સ્ત્રીયે છે જ્ઞાનમુકિતની અધિકારી અસંશય
જીવન્મુક્તા બળાયે ના દેહ એનો સુરાલય. ૯

મુક્તિ તથા બોધ સ્ત્રી -પુરુષ માટે સમાન હોઈ જીવન્મુકત સ્ત્રીના મૃતદેહને અગ્નિસંસ્કાર ન કરાય કેમ કે જીવન મુક્તોના દેહ દેવાલય છે.

ये दोषाः देहदहने पुंसः मुक्तस्य संस्मृताः ।
मुक्तायाः सन्ति ते सर्वे देहदाहे च योषितः ।। १० ।।

મુકત પુરૂષની કાયા બાળ્યે જે દોષ લાગતા
સઘળા દોષ તે લાગે મુકતાના દેહદાહથી. ૧૦

જીવનમુકત પુરુષના શરીરનાં અગ્નિસંસ્કાર માટે જે દોષ શાસ્ત્રમાં બતાવ્યા છે તે બધા દોષ જીવનમુકત સ્ત્રી ના અગ્નિસંસ્કારને પણ લાગુ પડે છે.

एकविंशे अह्नि गीतः अभूत् अयं अर्थः मनीषिणा ।
अधिकृत्य ज्ञानवतीं रमणेन महर्षिणा ।। ११ ।।

દિવસે એકવીશે આ અધિકારો વિદુષીના
ઉપદેશ્યા હતા દેવ પ્રજ્ઞાવાન મહર્ષિએ. ૧૧

૨૧ મી ઓગષ્ટ ૧૯૧૭નાં દિવસે ભગવાન શ્રી રમણ મહર્ષિએ
આત્મ-જ્ઞાની સ્ત્રી સંબંધી આ નિર્ણય આપ્યો.

इतिश्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे रमणान्तेवासिनो
वासिष्ठस्य गणपतेरूपनिबन्धे संन्यासे
स्त्रीपुरूषयोस्तुल्याधिकार
निरूपणं नाम त्रयोदशोऽध्यायः ।

# चतुर्दशः अध्यायः
# ચૌદમો અધ્યાય

जीवन्मुक्ति विचारः
જીવન્મુક્તિ વિચાર

निशायां एकविंशे अह्नि भारद्वाजः विदां वरः ।
प्रज्ञः शिवकुलोपाधिः वैदर्भः वदतां वरः ।। १ ।।
जीवन्मुक्तिं समुद्दिश्य महर्षिं परिपृष्टवान् ।
अथ सर्वेषु शृण्वत्सु महर्षिः वाक्यं अब्रवीत् ।। २ ।।

વિદ્વાનશ્રેષ્ઠને જ્ઞાની, વકતૃત્વે જે વિશારદ,
શિવવંશજ વૈદર્ભ ભારદ્વાજે મહર્ષિને. ૧

તે જ રાત્રે પૂછયો પ્રશ્ન જીવન્મુકિત વિષે અને
અમે સાંભળતા બેઠા મુનિ ઉત્તર ઓચર્યા. ૨

૨૧મી ઓગષ્ટ ૧૯૧૭ની રાત્રિએ ભારદ્વાજ ગોત્રમાં જન્મેલા બુદ્ધિશાળી ઉત્તમ વકતા વૈદર્ભ, કે જેમનું ઉપનામ "શિવકુલ" છે તેમણે જીવન્મુક્તિના વિષયમાં મહર્ષિને પ્રશ્ન પૂછ્યો, ત્યારે સૌ શ્રોતા સમક્ષ મહર્ષિએ નીચે પ્રમાણે ઉત્તર આપ્યો :

शास्त्रीयैः लोकिकैः च अपि प्रत्ययैः अविचालिता ।
स्वरूपे सुदृढा निष्ठा जीवन्मुक्तिः उदाहृता ।। ३ ।।

સ્વરૂપે દૃઢ નિષ્ઠા તે જીવન્મુકિતદશા કહી ચળે
ના શાસ્ત્રઅભ્યાસે અથવા લોકસંગથી. ૩

શાસ્ત્રીય અને લૌકિક જ્ઞાનથી અવિચલિત રહી પોતાના સ્વરૂપમાં જ અચલ નિષ્ઠા હોવી તે જીવન્મુક્તિ કહેવાય છે.

मुक्तिः एक विधा एव स्यात् प्रज्ञानस्य अविशेषतः ।
शरीरस्थं मुक्तबन्धं जीवन्मुक्तं प्रचक्षते ।। ४ ।।

પ્રજ્ઞાને ભેદ હોયે ના, તેથી ના ભેદ મુકિતમાં બંધમુકત સદેહે તે જીવન્મુકત ગણા છે. ૪

પ્રજ્ઞાન સર્વત્ર એક સમાન છે, તેથી મુક્તિ પણ એક જ પ્રકારની હોયછે. શરીર હોવા છતાં બંધનથી મુકત હોઈ જ્ઞાની જીવન્મુકત હોયછે.

ब्रह्मलोकगतः मुक्तः श्रूयते निगमेषु यः
अनुभूतौ न भेदः अस्ति जीवन्मुक्तस्य तस्य च ।। ५ ।।

શાસ્ત્રોએ મુકત લેખ્યો તે બ્રહ્મલોક વિશે જતા જીવન્મુકત અને
તેના છે સમાન અનુભવો. ૫

શાસ્ત્રની વાતો પ્રમાણે જે વ્યક્તિ બ્રહ્મલોકમાં જાયછે અને ત્યાં જઈ મુક્તિ પામે છે તેના અને અહીં જીવન્મુકત થયેલ વ્યક્તિની અનુભૂતિમાં કોઈ ભેદ નથી

प्राणाः समवलीयन्ते यस्य अत्र एव महात्मनः ।
तस्य अपि अनुभवः विद्वन् एतयोः उभयोः इव ।। ६ ।।

પ્રાણવ્હેણો થતાં લીન સ્વરૂપે જે મહાત્મનાં તેના અનુભવો યે છે
સમાન ઉપરોકત શા. ૬

જે મહાત્માના પ્રાણ શરીર છુટતી વેળાએ આત્મામાં એકરૂપ થઈ જાયછે તેની અનુભૂતિ પણ અહીં જ જીવન્મુકત અને બ્રહ્મલોકમાં મુક્તિ પામનાર જેવી જ હોય છે.

साम्यात् स्वरूपनिष्ठिायाः बन्धहानेः च साम्यतः ।
मुक्तिः एक विधा एव स्यात् भेदः तु परबुद्धिगः ।। ७ ।।

સામ્યસ્વરૂપનિષ્ઠામાં સામ્યછે બંધમુકિતમાં
મુકિતપ્રકાર છે એકઃ ગણે છે ભેદ પામરો. ૭

સ્વરૂપનિષ્ઠાની સમાનતાને લીધે અને બંધ - હાનિની સમાનતાને લીધે મુક્તિ એક જ પ્રકારની છે. ભેદ બીજાની બુદ્ધિ માં જ પ્રતીત થાયછે.

मुक्तः भवति जीवन् यः महात्मा आत्मनि संस्थितः ।
प्राणाः समवलीयन्ते तस्य एव अत्र नरर्षभ ।। ८ ।।

આત્મસ્થિત મહાત્મા તે મુક્ત છે જીવતો છતાં
સ્વરૂપે પ્રાણના વ્હેણો લીન થાય, નરોતમ ! ૮

હે નરશ્રેષ્ઠ ! જે મહાત્મા આત્મામાં સ્થિત થઈ જીવતા જ દેહ બંધનથી મુક્ત છે એવા જીવન્મુક્ત મહાત્માના પ્રાણ અહીં આત્મામાં જ લીન થઈ જાયછે. (અર્થાત મૃત્યુ સમયે પ્રાણ શરીર બહાર જતો નથી.)

जीवन्मुक्तस्य कालेन तपसः परिपाकतः ।
स्पर्श अभावः अपि सिद्धः स्यात् रूपे सत्यपि कुत्रचित्
।। ९ ।।

યથાકાળે તપોવૃદ્ધિ જીવન્મુક્ત તણી થતાં
રૂપ હોયછતાં સિદ્ધિ સ્પર્શાભાવ તણી મળે. ૯

ક્યારેક કોઈ જીવન્મુક્ત મહાત્મા તપનાં પરિપાક રૂપે સમય આવ્યે સશરીરી હોવા છતાં સ્પર્શાતીતપણાની સિદ્ધિને પામતા હોય છે.

भूयः च परिपाकेन रूप अभावः अपि सिध्यति ।
केवल चिन्मयः भूत्वा सः सिद्धः विहरिष्यति ।। १० ।।

વધુ વિકાસ થાતાં તે રૂપગોચરતા ટળે
માત્ર ચિન્મય થાયે એ સિદ્ધ શો જગમાં રહે. ૧૦

તપના પરિપાક રૂપે રૂપ-અભાવની (અદૃશ્યપણાની) સિદ્ધિ પણ પ્રાપ્ત થાય છે. આવા સિદ્ધ કેવળ ચિન્મયરૂપે વિહાર કરે છે.

शरीरसंश्रयं सिद्धयोः द्वयं एतत् नरोतम ।
अल्पेन अपि च कालेन देवता अनुग्रहात् भवेत् ।। ११ ।।

શરીરને વિષેની આ સિદ્ધિ બે નરપુંગવ
અલ્પકાલેય લાધે છે પ્રભુ થાય પ્રસન્ન જો. ૧૧

હે નરોત્તમ ! આ બન્ને શારીરિક સિદ્ધિઓ અલ્પકાળમાં જ દેવતાઓના અનુગ્રહથી પ્રાપ્ત થાય છે.

भेदं एतं पुरस्कृत्य तारतम्यं न सम्पदि ।
देहवान् अशरीरः वा मुक्तः आत्मनि संस्थितः ।। १२ ।।

પરંતુ જ્ઞાનસિદ્ધિને કારણે ભેદ ના કરે
સદેહે કે અદેહે હો સ્વરૂપેસ્થિત મુકત છે. ૧૨

આવી સિદ્ધિઓના ભેદને કારણે મુક્તિમાં ન્યૂનાધિકપણાનો ભેદ નથી હોતો. આત્મનિષ્ઠ ચાહે સશરીર હોય કે અશરીર સદા મુકત જ હોય છે.

नाडीद्वारा अर्चिराद्येन मार्गेण उर्ध्वगतिः नरः ।
तत्र उत्पन्नेन बोधेन सद्यः मुक्तः भविष्यति ।। १३ ।।

નાડીદ્વારા પથે ઉંચા ગતિ ઉર્ધ્વ કરે નર
પામીને જ્ઞાન તે ત્યાંથી, સદ્ય મુકત થઇ જશે. ૧૩

સુષુમ્ણા નાડી દ્વારા અર્ચરાદિ માર્ગે ઊર્ધ્વગતિમાન પુરુષ ત્યાં ઉત્પન્ન બોધને લીધે શીઘ્ર મુક્તિને પામે છે.

उपासकस्य सुतरां पकवचित्तस्य योगिनः ।
ईश्वरानुग्रहात् प्रोक्ता नाडीद्वारा उतमा गतिः ।। १४ ।।

પુખ્તચિત અને ભકત યોગી ઇશ કૃપા થકી
ઉતમા ગતિને પામે નાડીદ્વાર થકી ચઢી. ૧૪

પરિપક્વ ચિત્તવાળો યોગી ઉપાસક ઈશ્વર-અનુગ્રહથી સુષુમ્ણા નાડી દ્વારા ઉત્તમ ગતિને પામે છે.

सर्वेषु कामचारः अस्य लोकेषु परिकीर्तितः ।
ईच्छया अनेक देहानां ग्रहणं च अपि अनुग्रहः ।। १५ ।।

સર્વલોક વિશે એની સ્વેચ્છાએ ગતિ થૈ શકે
ઈચ્છાનુસાર દેહો એ ઘણા ધારે અનુગ્રહે. ૧૫

આવો યોગી ઈચ્છા અનુસાર સમસ્ત લોકોમાં ફરી શકે છે, ઈચ્છા માત્રથી અનેક દેહ ધારણ કરી શકે છે, તથા બીજા પર અનુગ્રહ પણ કરી શકે છે.

कैलासं के अपि मुक्तानाम् लोकं आहुः मनीषिणः ।
एके वदन्ति वैकुण्ठं परे तु आदित्यमण्डलम् ।। १६ ।।

મુકતાત્માઓ જતા જ્યાંહિ તેને કૈલાસ કોઈ કે
કોઈ વૈકુંઠ ને બીજા સૂર્યમંડળ ભાખતા. ૧૬

મુકત પુરુષોના લોકને કોઈ વિદ્વાન કૈલાસ કહે છે, કોઈ વૈકુંઠ કહે છે તો કોઈ સૂર્ય-મંડળ કહે છે.

मुक्ता लोकाः च ते सर्वे विद्वन् भूमि आदि लोकवत् ।
चित्रवैभवया शक्त्या स्वरूपे परिकल्पिताः ।। १७ ।।

મુકતોના સર્વએ લોકો પૃથ્વી શા જયમ લોક આ
શકિત અદ્‌ભૂતને યોગે કલ્પાયે છે સ્વરૂપમાં. ૧૭

હે વિદ્વાન ! આ સમસ્ત મુકત લોક પૃથ્વી આદિ લોકની જેમ અદ્‌ભુત વૈભવયુકત શકિત વડે પોતાના "સ્વરૂપ" માં કલ્પવામાં આવ્યા છે.

इति श्री रमणगीतासु ब्रहमविद्यायां योगशास्त्रेरमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबंधे जीवन्मुक्ति विचारो नाम चतुर्दशोऽ ~~ध्यभ्भण~~ ध्यायः ।।

# ॥ पंचदशः अध्यायः ॥
# પંદરમો અધ્યાય

श्रवण मनन निदिध्यासन निरूपणम्
શ્રવણ - મનન અને ધ્યાનનું નિરૂપણ.

श्रवणं नाम किम् नाथ मननं नाम किम् मतम् ।
किं वा मुनिकुलश्रेष्ठ निदिध्यासनं उच्यते ।। १ ।।

પ્રભો ! શ્રવણ એ શું છે ? મનન, નાથ ! શું હશે ?
નિદિધ્યાસન શું હોયે ? હે વરિષ્ઠ મુનીશ્વર. ૧

હે નાથ ! શ્રવણ શું છે ? મનન શું છે? હે મુનિઓમાં શ્રેષ્ઠ ! ધ્યાન કોને કહે છે ?

इति एवं भगवान् पृष्टः मया ब्रह्मविदां वरः ।
द्वाविंशे दिवसे प्रातः अब्रवीत् शिष्यसंसदि ।। २ ।।

મારા એ પ્રશ્ન સંબંધે બ્રહ્મજ્ઞાની મહર્ષિએ
બાવીસમે દિને પ્રાતે શિષ્યસંસદને કહ્યું. ૨

આ પ્રમાણે મારા પૂછવાથી બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ એવા ભગવાન શ્રી રમણે ૨૨મી ઓગષ્ટ ૧૯૧૭ની પ્રાતકાલ ની સભામાં શિષ્યો સમક્ષ આ પ્રમાણે કહ્યું :

वेदशीर्षस्थ वाक्यानां अर्थ व्याख्यान पूर्वकम्
आचार्यात् श्रवणं केचित् श्रवणं परिचक्षते ।। ३ ।।

વેદવેદાંત વાકયોને અર્થવ્યાખ્યાનપૂર્વક
આચાર્યથી સુણે શિષ્ય, કોઈ શ્રવણ એ કહે. ૩

વેદાંત વાક્યોને અર્થની વ્યાખ્યા સહિત આચાર્ય પાસેથી સાંભળવા એને કોઈ શ્રવણ કહે છે.

अपरे श्रवणं प्राहुः आचार्यात् विदितात्मनः ।
गिरां भाषामयीनां च स्वरूपं बोधयन्ति याः ।। ४ ।।

બીજા કોઈ કહે છે કે બ્રહ્મજ્ઞાની ગુરુમુખે
સુણવું તત્વનું જ્ઞાન સાચું શ્રવણ તે જ છે. ૪

કોઈ કહે છે કે આત્મવેત્તા આચાર્યની પોતાની ભાષામાં વાણી, કે જે વાણી સ્વરૂપનો બોધ કરાવે છે, તે સાંભળવી એ શ્રવણ છે.

श्रुत्वा वेदान्तवाक्यानि निजवाक्यानि वा गुरोः
जन्मान्तरीय पुण्येन ज्ञात्वा वा उभयं अन्तराः ।। ५ ।।
अहं प्रत्ययमूलं त्वं शरीरादेः विलक्षणः ।
इति इदं श्रवणं चित्तात् श्रवणं वस्तुतो भवेत् ।। ६ ।।

સુણી વેદાંતના વાકયો ગુરુની નિજવાણી વા
જન્માન્તરતણાં પુણ્યે થાયે અભયજ્ઞાનથી. ૫

દેહથી ભિન્ન આત્મા છે વૃતિમૂલ અહમ્ તણો,
સુણવું ચિત પાસેથી ખરું શ્રવણ તે જ છે. ૬

ગુરૂમુખે વેદાંતવાક્યો સાંભળવાથી કે આત્મવિત્ ગુરૂ દ્વારા એમની પોતાની વાણી સાંભળવાથી અથવા આ બન્ને વિના પણ પૂર્વ જન્મો નાં પુણ્યથી ''હું છું એવી વૃત્તિરૂપી પ્રત્યયનો મૂળસ્ત્રોત તું શરીર ઈત્યાદિથી ભિન્ન છો'' એ પ્રમાણે ચિત્ત (હૃદય)માંથી સાંભળવું એ જ વાસ્તવિક શ્રવણ છે.

वदन्ति मननं केचित् शास्त्रार्थस्य विचारणम् ।
वस्तुतः मननं तात स्वरूपस्य विचारणम् ।। ७ ।।

શાસ્ત્ર વિચારણાને જ લેખે મનન કોઈક
આત્મ વિચારણા તે જ વત્સ ! મનન સાચું છે. ૭

કોઈ શાસ્ત્રોના અર્થના ચિંતનને મનન કહે છે.
વાસ્તવમાં પોતાના સ્વરૂપની વિચારણા એ જ મનન છે.

विपर्यासेन रहितं संशयेन च मानद ।
कैश्चिद् ब्रह्मात्मविज्ञानं निदिध्यासनं उच्यते ।। ८ ।।

બ્રહ્મને આત્માનું જ્ઞાન સ્પષ્ટને વિણસંશય
તેને કોઈ નિરૂપે છે નિદિધ્યાસન, સાધક. ૮

હે માનદ ! કોઈ ભ્રાંતિ અને સંશયરહિત બ્રહ્મ અને આત્મા એક છે
એવા નિશ્ચયને નિદિધ્યાસન કહે છે.

विपर्यासेन रहितं संशयेन च यद्यपि ।
शास्त्रीयं ऐक्य विज्ञानं केवलम् न अनुभूतये ।। ९ ।।

પરંતુ આવું જે જ્ઞાન શાસ્ત્રઅભ્યાસથી મળ્યું
ભલે હો સત્યને સ્પષ્ટ, કરાવે અનુભૂતિ ના. ૯

પણ ભ્રાન્તિ અને સંશયરહિત હોવા છતાં પણ કેવળ શાસ્ત્ર આધારે
બ્રહ્મ - આત્માની એકતાનાં નિશ્ચયથી આત્મ અનુભૂતિ થતી નથી.

संशयः च विपर्यासः निर्वार्येते उभौ अपि ।
अनुभूत्या एव वासिष्ठ न शास्त्र शतकैः अपि ।। १० ।।

સંશયો, ભૂલ એ સર્વ ઓસરે અનુભૂતિથી
સેંકડો શાસ્ત્રગ્રંથોથી તેઓ ના ટળતાં કદી. ૧૦

હે વાસિષ્ઠ ! સંશય અને ભ્રાન્તિ બંને કેવળ અનુભૂતિથી જ હટે છે,
સેંકડો શાસ્ત્રોથી પણ નહીં.

शास्त्रं श्रद्धावतः हन्यात् संशयम् च विपर्ययम् ।
श्रद्धायाः किंचित् उनत्वे पुनः अभ्युदयः तयोः ।। ११ ।।

શાસ્ત્રો શ્રદ્ધાળુનાં ટાળે મિથ્યા તર્ક, અસ્પષ્ટતા,
શ્રદ્ધા ન્યૂન થતાં પાછા તર્ક, સંશયઉદ્‌ભવે. ૧૧

શ્રદ્ધાવાન પુરુષનાં સંશય અને ભ્રાન્તિ શાસ્ત્રો દૂર કરે છે પણ શ્રદ્ધા મોળી પડતાં ફરી તે ઉદય પામે છે.

मूलच्छेदः तु वासिष्ठ स्वरूप अनुभवे तयोः ।
स्वरूपे संस्थितिः तस्मात् निदिध्यासनं उच्यते ।। १२ ।।

સાવ નિર્મૂળ થાયે તે માત્ર આત્માનુભૂતિથી,
સ્વરૂપે સંસ્થિતિને જ નિદિધ્યાસન છે કહ્યું. ૧૨

હે વાસિષ્ઠ ! ભ્રાન્તિ અને સંશયનો મૂળથી છેદ તો કેવળ સ્વરૂપની અનુભૂતિથી જ થાય છે. આથી સ્વરૂપમાં દ્રૃઢ સ્થિતિજ ધ્યાન કહેવાય છે.

बहिः संचरतः तात स्वरूपे संस्थितिं विना ।
अपरोक्षः भवेत् बोधः न शास्त्र शत चर्चया ।। १३ ।।

બાહ્યવૃતિ મહીં વાળી સ્વરુપે સ્થિત થાયના
ત્યાં સુધી શાસ્ત્ર ચર્ચાથી પ્રત્યક્ષ જ્ઞાન થાયના. ૧૩

નિજ સ્વરૂપમાં નિષ્ઠા વિના બર્હિમુખ પુરુષને અપરોક્ષ અનુભૂતિ સેંકડો શાસ્ત્રોની ચર્ચાથી પણ નથી થતી.

स्वरूप संस्थितिः स्यात् चेत् सहजा कुण्डिनर्षभ ।
सा मुक्तिः सा परा निष्ठा सः साक्षात्कारः ईरितः ।। १४ ।।

સ્વરૂપે સંસ્થિતિ સ્હેજે થાયે તે સહજસ્થિતિ.
તે જ મુકિત, પરા નિષ્ઠા, સાક્ષાત્કાર, નરોતમ ! ૧૪

હે વસિષ્ઠ કુલ શ્રેષ્ઠ ! અગર સ્વાભાવિક આત્મનિષ્ઠા પ્રગટે તો એ જ મુક્તિ છે, એ જ પરા નિષ્ઠા (સર્વોત્તમ સ્થિતિ) છે અને એ જ સાક્ષાત્કાર કહેવાય છે.

इतिश्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे श्रवण मनन निदिध्यासन निरूपणं नाम पंचदशोऽध्यायः

# ॥ षोडशः अध्यायः ॥
# સોળમો અધ્યાય

भक्तिविचारः
ભક્તિ વિચાર

अथ भक्तिं समुदिश्य पृष्टः पुरूषसत्तमः ।
अभाषत महाभागः भगवान् रमणः मुनिः ।। १ ।।

ભકિત સંબંધમાં પૂછયું રમણમુનિશ્રેષ્ઠને
ભગવંત ઋષિ સંત બોલ્યા એ પુરુષોતમ. ૧

પછી પુરુષોત્તમ મહાભાગ શ્રી રમણ મુનિએ ભક્તિનાં વિષયમાં પૂછતાં આ પ્રમાણે કહ્યું:

आत्मा प्रियः समस्तस्य प्रियं न इतरत् आत्मनः ।
अच्छिन्ना तैलधारावत प्रीतिः भक्तिः उदाहृता ।। २ ।।

સર્વને પ્રિયઆત્મા છે તેથી કૈં પ્રિયના વધુ
અખંડ તેલધારાશી પ્રીતને ભકિત છે ગણી. ૨

આત્મા સૌને પ્રિયછે. આત્માથી વધારે વહાલું કાંઈ નથી.
તેલની ધારાની જેમ આત્મામાં અવિચ્છિન્ન પ્રીતિ એ જ ભક્તિ છે.

अभिन्नं स्वात्मनः प्रीत्या विजानाति ईश्वरं कविः ।
जानन् अपि अपरः भिन्नं लीनः आत्मनि तिष्ठति ।। ३ ।।

જ્ઞાની પ્રીત થકી જાણે ઇશ ને આત્મ ના જુદા
ભકત ઇશ લહે જુદો છતાં રે આત્મમાં સ્થિત. ૩

પ્રેમ દ્વારા આત્મવેત્તા ઈશ્વરને આત્માથી અભિન્ન જાણે છે જ્યારે ભકત ભિન્નતાને જાણવા છતાં આત્મામાં લીન રહે છે.

वहन्ती तैलधारावत् या प्रीतिः परमेश्वरे ।
अनिच्छतः अपि सा बुद्धिं स्वरूपं नयति ध्रुवम् ।। ४ ।।

પ્રભુપ્રીત વહે જેની અખંડ તેલધાર શી
ઈચ્છે ના તોય બુદ્ધિને નિશ્ચે દોરે સ્વરૂપમાં. ૪

જે પ્રેમ તેલની ધારની જેમ અવિચ્છિન્ન પરમેશ્વર તરફ વહે છે, તે ઈચ્છા ન હોય તો પણ બુદ્ધિને સ્વરૂપ ની તરફ લઈ જાય છે.

परिच्छिन्नं यदा आत्मानं स्वल्पज्ञं अपि मन्यते ।
भक्तः विषयिरूपेण तदा क्लेश निवृत्तये ।। ५ ।।
व्यापकं परमं वस्तु भजते देवताधिया ।
भजन्च देवता बुद्धया तत् एव अन्ते समश्नुते ।। ६ ।।

અલ્પજ્ઞાની પરિછિન્ન પોતાને જેહ માનતો
કલેશનિવારણાર્થે જે ભકત આત્મસ્વરૂપથી ૫

દેવતાબુદ્ધિથી પૂજે શકિત શ્રેષ્ઠ અનંતને
ભજતાં દેવબુદ્ધિથી ઈશમાં લીન થાયછે. ૬

જ્યારે ભકત આત્માને વિષયી ગણી સીમિત અને અલ્પજ્ઞ માને છે, ત્યારે કલેશ - નિવૃત્તિ માટે વ્યાપક પરમ વસ્તુ (પરમાત્મા) ને દેવ - બુદ્ધિથી ભજે છે. દેવ - બુદ્ધિથી ભજતાં ભજતાં એ જ આત્મારૂપી ઈશ્વરને અંતે પામે છે.

देवतायाः नरश्रेष्ठ नामरूप प्रकल्पनात् ।
ताभ्यां तु नामरूपाभ्यां नामरूपे विजेष्यते ।। ७ ।।

દેવોનાં હે નરશ્રેષ્ઠ ! નામ ને રૂપ કલ્પતાં
નામરૂપ પ્રભાવેથી જીતે છે નામરૂપને. ૭

હે નર શ્રેષ્ઠ ! ઈશ્વર (દેવતા) નાં નામ-રૂપની કલ્પના કરી ભક્ત એ નામ-રૂપ વડે નામ-રૂપ પર વિજય મેળવે છે.

भक्तौ तु परिपूर्णायाम् अलम् श्रवणं एकदा ।
ज्ञानाय परिपूर्णाय तदा भक्तिः प्रकल्पते ।। ८ ।।

ભકિતની પૂર્ણતા થાતાં શ્રવણ એકદા પૂરું
ભકિત એ જ્ઞાનપ્રાપ્તિનું યોગ્યસાધન છે કહ્યું. ૮

ભક્તિ પરિપૂર્ણ થયે એકાદ વારનું શ્રવણ પણ પુરંતુ છે. આવી ભક્તિ પરિપૂર્ણ જ્ઞાન પ્રદાન કરવામાં સમર્થ છે.

धारा व्यपेता या भक्तिः सा विछिन्ना इति कीर्त्यते ।
भक्तेः परस्याः सा हेतुः भवति इति विनिर्णयः ।। ९ ।।

ધારાવિહીન જે ભકિત તે ત્રોટક ગણાયછે
પરંતુ અંતમાં તેથી પરાભકિત સધાયછે. ૯

જે ભક્તિની ધારા વચ્ચે તૂટી જાય છે એવી ભક્તિને વિચ્છિન્ન ભક્તિ કહેવાય છે. તો પણ આવી ભક્તિ પરાભક્તિનું કારણ છે, એ નિશ્ચિત છે.

कामाय भक्तिं कुर्वाणः कामं प्राप्य अपि अनिर्वृतः ।
शाश्वताय सुखाय अन्ते भजते पुनः ईश्वरम् ।। १० ।।

કામાર્થે ભજનારો ના વિરમે કામપ્રાપ્તિથી
અનન્ત સુખને માટે ફરી ઈશ્વરને ભજે. ૧૦

કામનાથી પ્રેરાઈને ભક્તિ કરનારો કામના પૂરી થયે પણ દુઃખી રહે છે. અંતે શાશ્વત સુખ માટે ફરી ઈશ્વરને ભજે છે.

भक्तिः कामसमेता अपि कामाप्तौ न निवर्तते ।
श्रद्धा वृद्धा परे पुंसि भूयः एव अभिवर्धते ।। ११ ।।

સકામ ભકિત ના થંભે ઈચ્છા પૂર્ણ થયે કદી
શ્રદ્ધા ઈશ્વરમાં થાતી દૃઢ ને વાધતી જતી. ૧૧

ભક્તિ સકામ હોવા છતાં કામના-પૂર્તિ થયે છૂટી નથી જતી, ઉલટું પુરુષોત્તમ માં શ્રદ્ધા વધવાથી ઉલટી વધે છે.

वर्धमाना च सा भक्तिः काले पूर्णा भविष्यति ।
पूर्णया परया भक्त्या ज्ञानेन इव भवं तरेत् ।। १२ ।।

વાધતી જતી આ ભકિત પૂર્ણ કાલક્રમે બને
જ્ઞાનશી પૂર્ણ ભકિત આ સમર્થ ભવ તારવા. ૧૨

આ રીતે વધતાં વધતાં સમય આવ્યે ભક્તિ પૂર્ણતાએ પહોંચે છે. પૂર્ણ અને પરમ ભક્તિથી ભકત એ રીતે સંસાર તરી જાયછે જે રીતે જ્ઞાની જ્ઞાનથી.

इति श्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रेषु रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे भक्ति विचारः नाम षोडशोध्यायः ।।

# सप्तदशः अध्यायः
# સત્તરમો અધ્યાય

ज्ञानप्राप्ति विचारः
જ્ઞાનપ્રાપ્તિ વિચાર

पंचविशे तु दिवसे वैदर्भः विदुषां वरः ।
प्रश्रय अवनतः भूत्वा मुनिं भूयः अपि पृष्टवान् ।। १ ।।

પચીસમે દિને પાછો વૈદર્ભ પંડિતોતમે
શિર નામી મહર્ષિને પ્રશ્ન એક પૂછયો વળી. ૧

સન ૧૯૧૭ ના ઓગષ્ટ મહિનાની પચ્ચીસમી તારીખે વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવાં પંડિત વૈદર્ભે હાથ જોડી મહર્ષિને પૂછ્યું :

वैदर्भ उवाच
વૈદર્ભ બોલ્યા :

क्रमेण आयाति किं ज्ञानं किं चित् किंचित् दिने दिने ।
एकस्मिन् एव काले किम् पूर्णम् आभाति भानुवत् ।। २ ।।

જ્ઞાન શું ક્રમમાં વાધે કિંચિત કિંચિત દિને દિને ?
અથવા એક સાથે તે પ્રકટે ભાનુની જયમ ? ૨

શું જ્ઞાન પ્રતિદિન થોડું - થોડું પ્રગટે છે ? કે એક જ સમયે સૂર્યની જેમ પૂર્ણ પ્રકાશિત થાયછે ?

भगवान् उवाच
ભગવાન બોલ્યા :

क्रमेण आयाति न ज्ञानं किं चित् किंचित् दिने दिने ।
अभ्यास परिपाकेन भासते पूर्णं एकदा ।। ३ ।।

જ્ઞાન ના ક્રમમાં વાધે કિંચિત કિંચિત દિને દિને
અભ્યાસ પકવ થાતાં એ પ્રકટે એક સામટું. ૩

જ્ઞાન થોડું થોડું પ્રતિદિન પ્રગટતું નથી પણ અભ્યાસ પરિપક્વ થયે એકસાથે પૂર્ણરૂપે ભાસે છે.

वैदर्भ उवाच
વૈદર્ભ બોલ્યા:

अभ्यासकाले भगवन् वृत्तिः अन्तः बहिः तथा ।
यातायातं प्रकुर्वाणा या तत् किं ज्ञानं उच्यते ।। ४ ।।

અભ્યાસકાળમાં દેવ વૃતિ ઉઠે અને શમે
વૃતિની જાગૃતિ સુપ્તિ જ્ઞાન કેવાય શું મુનિ ! ૪

ભગવન ! અભ્યાસ કાળ દરમ્યાન વૃત્તિ અંદર - બહાર આવ-જા કરે છે. શું વૃત્તિનીઆવી આવ જા જ્ઞાન કહેવાય છે ?

भगवान् उवाच
ભગવાન બોલ્યા:

अन्तः याता मतिः विद्वन् बहिः आयाति चेत् पुनः ।
अभ्यासं एव तां आहुः ज्ञानं हि अनुभवः अच्युतः ।। ५ ।।

વૃતિની જાગૃતિ સુપ્તિ અભ્યાસકાલની દશા
જ્ઞાન એવી અવસ્થા છે જે છે અચલ અચ્યુત. ૫

હે વિદ્વાન ! વૃત્તિ અંતર્લીન થયા પછી ફરી બહિર્મુખી બને તો તે હજી ''અભ્યાસ'' જ છે જ્ઞાન તો અચ્યુત અનુભવ છે.

वैदर्भ उवाचः
વૈદર્ભ બોલ્યા :

ज्ञानस्य मुनिशार्दूल भूमिकाः काश्चित् ईरिताः ।
शास्त्रेषु विदुषां श्रेष्ठैः कथं तासां समन्वयः ।। ६ ।

જ્ઞાનની ભૂમિકાઓ જે શાસ્ત્રોમાં પંડિતે કહી
આનાથી મેળ તેનો શો ? કહો હે મુનિપુંગવ ! ૬

હે મુનિશ્રેષ્ઠ ! શાસ્ત્રોમાં વિદ્વાનોએ જ્ઞાનની કેટલીક ભૂમિકાઓ કહી છે. એ વાત અને આ વાતને મેળ કેમ બેસે ?

भगवान् उवाच
ભગવાન બોલ્યા :

शास्त्रोक्ता भूमिकाः सर्वाः भवन्ति परबुद्धिगाः ।
मुक्तिभेदा इव प्राज्ञ ज्ञानं एकं प्रजानताम् ।। ७ ।।

શાસ્ત્રોકત ભૂમિકાઓ છે અબુધોની જ કલ્પના
મુકિતના ભેદ હોયે ના જ્ઞાન તેમ અભેદ છે. ૭

હે વિદ્વાન ! શાસ્ત્રોક્ત સમસ્ત ભૂમિકાઓ મુકિતભેદ ની જેમ કેવળ બીજાની બુદ્ધિને પ્રતીત થાય છે. જ્ઞાનીની દ્રષ્ટિએ જ્ઞાન એક અને અદ્વિતીયછે.

चर्यां देहेन्द्रियादीनां वीक्ष्य आरब्धानुसारिणीम्
कल्पयन्ति परे भूमीः तारतम्यं न वस्तुतः ।। ८ ।।

પેખી પ્રારબ્ધપ્રેરી આચર્યા ઈંદ્રિયદેહની
કલ્પી છે ભૂમિકા કિંતુ વસ્તુતઃ ભૂમિકા નથી. ૮

પ્રારબ્ધને અનુસરવા વાળા દેહ તથા ઈન્દ્રિય આદિના વર્તનને જોઈને બીજા લોકો જ્ઞાનની ભૂમિકાઓની કલ્પના કરે છે. વસ્તુત: જ્ઞાનની ભૂમિકાઓ જેવું કશું હોતું નથી.

वैदर्भ उवाच
વૈદર્ભ બોલ્યા :

प्रज्ञानं एकदा सिद्धं सर्व अज्ञान निबर्हणम् ।
तिरोधत्ते किं अज्ञानात् साक्षात् अंकुरितात् पुनः ।। ९ ।।

સર્વ અજ્ઞાન ફેડીને પ્રકટે જ્ઞાન એકદા
પાસ અજ્ઞાનનો લાગ્યે ફરી તે લય થાયકે ? ૯

શું સમસ્ત અજ્ઞાન ને નષ્ટ કરવા વાળું પ્રજ્ઞાન એક વાર સિદ્ધ થયા પછી પણ આસક્તિ ને લીધે અંકુરિત અજ્ઞાન ને લીધે ફરી તિરોહિત થઈ જાય ખરૂં ?

भगवान् उवाच
ભગવાન બોલ્યા :

अज्ञानस्य प्रतिद्वन्द्वी न पराभूयते पुनः ।
प्रज्ञानं एकदा सिद्धं भारद्वाज कुलोद्वह ।। १० ।।

જ્ઞાન અજ્ઞાનનું વેરી એકદા સિદ્ધ તે થતાં
ભારદ્વાજ કુલશ્રેષ્ઠ ! પામતું ના પરાભવ. ૧૦

હે ભારદ્વાજ કુલશ્રેષ્ઠ ! અજ્ઞાનનું વિરોધી એવું પ્રજ્ઞાન એકવાર સિદ્ધ થયે ફરી પરાજિત નથી થતું.

इतिश्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे ज्ञानप्राप्तिविचारः नाम सप्तदशःअध्यायः ।।

## ॥ अष्टादशः अध्यायः ॥
## અઢારમો અધ્યાય

सिद्ध महिमानुकीर्तनम्
સિદ્ધ મહિમા

वरपराशरगोत्रसमुद्भवं
वसुमतीसुरसंघयशस्करम् ।
विमल सुन्दर पण्डित नन्दनं
कमलपत्र विशाल विलोचनम् ।। १ ।।

અવતર્યા શુભ ગોત્ર પરાશરે
ધરણીદેવ સમાજ ઉજાળતા
વિમલ સુંદર પંડિત પુત્રને
કમલપત્ર વિશાલ સુનેણને. ૧

પરાશર ઋષિના ઉત્તમ ગોત્રમાં જન્મેલા, બ્રાહ્મણોની કીર્તિ વધારનારા નિર્મલ સુંદર પંડિતના પુત્ર અને કમળનાં પાંદડાં જેવા વિશાળ નેત્ર વાળા -

अरूणशैलगताश्रम वासिनं
परमहंसं अनंजनं अच्युतम् ।
करूणया दधतं व्यवहारितां
सततं आत्मनि संस्थितम् अक्षरे ।। २ ।।

અરૂણપર્વત આશ્રમવાસીને
પરમહંસ પવિત્ર દૃઢસ્થને
જીવનનિર્ગમતા જગ કારણે
સતત અક્ષર આત્મવિલીનને. ૨

શ્રી અરુણાચલ પર્વત પર આવેલા આશ્રમમાં વસવાવાળા, પરમહંસ, નિર્મલ, અચ્યુત, કરુણા - વશ વ્યાવહારિકતાને ધારણ કરવાવાળા અને નિત્ય આત્મ - સ્વરૂપમાં સ્થિત -

अखिल संशय वारण भाषणं
भ्रममदद्विरद अंकुश वीक्षणम्।
अविरतं पर सौख्यधृत उदयमं
निज तनू विषयेषु अलसालसम् ।। ३ ।।

સકળ સંશયવાણી વડે હરે
નજર અંકુર શી ગજમસ્તને
પરસુખે નિત ઉદ્યમશીલને
સ્વતનુની ન સ્પૃહા કરનારને. ૩

જેમની વાણી સમસ્ત સંશયોનો નાશ કરવાવાળી છે, જેમની દ્રષ્ટિ ભ્રમ રૂપી મદોન્મત હાથી માટે અંકુશ જેવી છે, જેઓ બીજાનાં સુખ માટે અવિરત ઉદ્યમ કરે છે, પરંતુ પોતાના દેહની સુખાકારી પ્રત્યે અત્યંત ઉદાસીન છે.

परिणत आम्रफल प्रभविग्रहं
चलतर इन्द्रिय निग्रह सग्रहम् ।।
अमृत चिद्घन वल्लिपरिग्रहं
मितवचो रचित आगम संग्रहम् ।। ४ ।।

સુરસ આમ્રફલો સમ વર્ણ છે
ચલિત ઇંદ્રિયનિગ્રહ જે કરે
અમૃત ચિદ્દ્યન વલ્લી પરિગ્રહી
નિગમ સંકલતી મિત વાણી છે. ૪

જેમના દેહની પ્રભા પાકેલી કેરી જેવી છે, જેમનો ચંચલ ઈન્દ્રિયો પર પૂર્ણ નિગ્રહ છે, પ્રજ્ઞાન રૂપી લક્ષ્મી જેમની સદા સંગિની છે અને જેમના થોડાંક વચનોમાં સમસ્ત આગમ- નિગમ નો સાર આવી જાયછે -

अमल दीप्ततर आत्ममरीचिभिः
निज करैः इव पंकज बान्धवम्
पदजुषां जडभावं अनेहसा
परिहरन्तं अनन्त गुणाकरम् ।। ५ ।।

અમલ તેજકરે ચળકંત જે
રવિકરે જયમ પંકજ ઉઘડે
નિજ પદાશ્રિતની જડતા હરે
ગુણ અનંતભર્યા ગુણરાશિ ચે. ૫

જેઓ મળ રહિત છે, અત્યંત તેજસ્વી છે, જેવી રીતે સૂર્ય પોતાના કિરણોથી અંધકારને દૂર કરે છે તેવી રીતે પોતાના ચરણોનો આશ્રય લેવા વાળાની જડતા યથા સમયે જેઓ દૂર કરે છે, જેઓ અનંત ગુણોના ભંડાર છે

मृदुतमं वचने द्रशि शीतलं
विकसितं वदने सरसीरूहे ।
मनसि शून्यं अहः शशि संनिभे
हृदि लसन्तम् अनन्त इव अरूणम् ।। ६ ।।

વચનમાં મૃદુ, શીતલ, દૃષ્ટિમાં
કમલ શા વદને વિકસેલ છે;
ગરક માનસ ઈંદુ શું રે દિને
રવિ નભે ત્યમ અંતર તે લસે. ૬

બોલવામાં જેઓ અત્યંત મૃદુ છે, દ્રષ્ટિ જેમની શીતલ છે, પૂર્ણ વિકસિત કમળ જેવું જેમનું વદન છે, બપોરનાં ચંદ્રની જેમ જેમનું મન શૂન્ય છે એવા તેઓ હૃદય રૂપી આકાશમાં સૂર્યની જેમ પ્રકાશે છે.

अदयं आत्मतनौ कठिनं व्रते
परूषचित्तंअलं विषयव्रजे ।
ऋषिं अरोषं अपेतमनोरथं
धृतमदं धनचिल्लहरीवशात् ।। ७ ।।

શરીર કષ્ટ સહે વ્રત ઘોરને
કઠણ ચિત ધરી વિષયો ત્યજે
ઋષિ અરોષ મનોરથહીણ જે
નિજ મનોર્મિ થકી વળી મસ્ત છે. ૭

પોતાના દેહ પ્રત્યે દયારહિત હોઈ કઠિન વ્રત ધારણ કરવાવાળાં, વિષયજાળ પ્રત્યે અતિ કઠોર - ચિત્ત, ઋષિ, રોષ-રહિત, નિષ્કામ, પ્રજ્ઞાન-ધન ના પ્રવાહને લીધે દેહ-ભાનથી પર એવા -

विगतमोहं अलोभं अभावनं
शमितमत्सरं उत्सविनं सदा ।
भवमहोदधि तारण कर्मणि
प्रतिफलेन विना एव सदा उद्यतम् ।। ८ ।।

રહિત મોહ, અ લોભ, અ ભાવ છે
રહિત મત્સર, નિત્યપ્રસન્ન જે,
ભવમહોદધિતારણ કામમાં
પ્રતિફલાશ વિના રત જે રહે. ૮

જેઓ મોહ રહિત છે, લોભ-રહિત છે, ભાવના-રહિત છે, મત્સર રહિત છે, સદા પ્રસન્ન છે અને જેઓ પ્રતિફળની અપેક્ષા વિના સંસાર મહાસાગરમાંથી જીવોને તારવાનાં કર્મમાં સદા તત્પર છે એવા -

माता मम इति नगराज सुतोरूपीठं
नागानने भजति याहि पिता ममेति ।
अंकं हरस्य समवाप्य शिरसि अनेन
संचुम्बितस्य गिरिरन्ध्रकृतः विभूतिम् ।। ९ ।।

આ માત મારી કહી પાર્વતીના ઉછંગે
બેઠા ગણેશ નિરખી તવ સુબ્રહ્મણ્યમ્ !
આપેય તાત મમ આ કહી શંભુ અંકે
બેઠા જઈ; શિવજીએ બહુ લાડ કીધા. ૯

મારી માં છે એમ કહી ગણેશજી પાર્વતીની ગોદમાં બેસી ગયા ત્યારે આ મારા પિતા છેએવું કહી જેઓ શિવજીની ગોદમાં બેસી જવાથી જેમણે એમના મસ્તક પર ચુંબન કરેલું એવા ક્રૌંચ પર્વતને વિદીર્ણ કરવાવાળા સ્કંદ (કાર્તિકેય)ની વિભૂતિ છે - એવા -

वेदादि पाक दमन उतर कच्छपेशैः
युक्तैः धराधर सुषुप्ति अमरेश्वरैः च ।
सूक्ष्मामृतायुक् अमृतेन सह प्रणत्या
सम्पन्न शब्द पटलस्य रहस्यं अर्थम् ।। १० ।।

એ ૐ નમો વચદ્ભુવે ગુરુમંત્રદાતા
તેનું રહસ્યઅતિ ગૂઢ પિછાણનારા
આચાર્ય શ્રી રમણદેવ ગુરુ મહાત્મા
વંદુ મુનિ પરમ પાવનકારી આત્મા. ૧૦

જેઓ "ૐ વચદ્ભુવે નમઃ" મંત્રનાં પ્રતિપાદ્ય દેવતા છે. વેદાદિ ૐ સુચવે છે. પાક દમન = ઈન્દ્ર લ કાર, એનો ઉત્તર વર્ણ વ કાર, કચ્છપેશ નામના રૂદ્ર જેમનું બીજ ચ કાર ધરાધર પર્વતનો દ કાર, સુષુપ્તિનો ભકાર અમરેશ્વર નામના રૂદ્ર જેમનું બીજ ઉ કાર, સૂક્ષ્મ - અમૃતનામ શકિત એ કાર, અમૃતનો વ કાર અને પ્રણતિ = નમઃ આ રીતે આ ગુરૂ મંત્ર બન્યો છે

दण्डं विना एव यतिनं बत दण्डपाणिं
दुखाब्धि तारकं अरिं बत तारकस्य
त्यक्त्वा भवं भवमहो सततं भजन्तं
हंसं तथा अपि गत मानससंगरागम् ।। ११ ।।

છો દંડપાણિ પણ દંડ ન ધારનારા
દુઃખાબ્ધિતારક છતાં પણ તારકારિ,
જેણે ત્યજયો ભવ છતાં ભવને ભજંતા,
જે હંસ છે તદપિ પ્રીત ન માનસે છે. ૧૧

જેઓ દંડ વિનાનાં યતિ હોવા છતાં દંડપાણિ કુમાર છે. દુઃખનાં સાગર માંથી તારવાવાળા હોવા છતાં જેઓ તારકાસુર ના શત્રુ છે. ભવસંસારને ત્યાગવા છતા ભવ (ભગવાન શંકર) ને નિરંતર ભજવાવાળા છે. હંસ (સંન્યાસી) હોવા છતા જેઓ માનસ સરોવર (મન) ની આસકિત થીરહિત છે.

धीरत्व सम्पदि सुवर्णगिरेः अनूनं
वारांनिधेः अधिकम् एव गभीरतायाम् ।
क्षान्तौ जयन्तं अचलांअखिलस्य धात्रीं
दान्तौ निदर्शनम् अशान्तिकथा दविष्ठम् ।। १२ ।।

ધીરત્વસંપદ વિષે ગિરિ મેરૂ જેવા
ગંભીર સાગર થકીયગંભીર આપ,
ધૈર્યે ચઢો ધરણીથી સહુ ધારનારી,
આદર્શ ઈંદ્રિયદમે, ચલ જ્યાં ન પ્હોંચે. ૧૨

જેઓ મેરૂ પર્વત કરતાં પણ ધીર અડગ છે. જેઓ સમુદ્ર કરતાં પણ અધિક ગંભીર છે. ધરતીમાતા કરતાં પણ જેનામાં ઘણી ધીરજ છે. જેઓ ઈન્દ્રિય-નિગ્રહમાં આદર્શ છે, જેઓ અશાંતિની ચર્ચાથી અત્યંત દૂર છે -

नीलारविन्द सहृदा सदृशं प्रसादे
तुल्यं तथा महसि तोयजबान्धवेन ।
ब्राह्मां स्थितौ तु पितरं वटमूलवासं
संस्मारयन्तं अचलं तम् अनूदितं मे ।। १३ ।।

નીલારવિંદસુસખા શશિ શા મધુર
તેજસ્વી છો કમલબાંધવ સૂર્ય જેવા
બ્રહ્મે દઢસ્થ વટછાંયતલે સુસ્વસ્થ
બેઠેલનું સ્મરણ દો; મુજ છો અનુજ. ૧૩

પ્રસન્નતામાં જેઓ નીલા રંગના કમળ ના મિત્ર (ચંદ્ર ) સમાન છે, અને તેજસ્વિતામાં કમળના બંધુ (સૂર્ય) સમાન છે.જેઓ બ્રાહ્મી સ્થિતિમાં વટમૂળવાસી પોતાના પિતા (દક્ષિણામૂર્તિ શિવ) ની યાદ અપાવે છે, જેઓ અચલ છે અને જેઓ મારા (ગણપતિ) નાના ભાઈ છે.

यस्य अधुना अपि रमणी रमणीय भावा
गीर्वाणलोक पृतना शुभवृति रूपा ।
संशोभते शिरसि न अपि मनोजगन्धः
तत् ताद्धृशं गृहिणं अपि अधिपं यतीनाम् ।। १४ ।।

એ રમ્યભાવ રમણી શુભવૃતિરૂપા
જેના શિરે હજીય શોભતી દેવસેના
જેને ન કામ કદિ યે સ્પરશી શકે છે.
તેવા ગૃહસ્થ તદપિ યતિશ્રેષ્ઠ આપ. ૧૪

જેમનાં મસ્તકમાં શુભ વિચારો રૂપી સુંદર દેવસેના (ભગવાન-સુબ્રહ્મણ્યમ્‌ના પત્ની) સુશોભિત છે છતાં કામદેવે એમનો ક્યારેય સ્પર્શ કર્યો નથી. આમ ગૃહસ્થ હોવા છતાં પણ જેઓ યતિ (સંન્યાસી) માં પ્રમુખ છે.

वन्दारूलोकवरदं नरदन्तिनः अपि
मन्त्रेश्वरस्य महतः गुरूतां वहन्तं ।
मन्दारवृक्षम् इव सर्वजनस्य पादच्छायां
श्रितस्य परितापं अपाहरन्तम् ।। १५ ।।

અર્પોછ ભકતજનને વર નિત્યઆપ
ને છો ગુરુ ગણપતિ સમ શાસ્ત્રીના ય
છાયા તળે સકળ જે જન આશ્રિતોના
મંદારવૃક્ષ સમ આપ હરો ત્રિતાપ. ૧૫

વંદન કરવા વાળાને જેઓ વરદાન દેવાવાળા છે, મહાન મન્ત્રેશ્વર ગણપતિના જે ગુરૂ છે, મન્દારવૃક્ષની જેમ જેમનાં ચરણોની છાયાનો આશ્રયલેવા વાળા સર્વે લોકોના જેઓ પરિતાપ હરવા વાળા છે-

यः तन्त्रवार्तिकं अनेक विचित्र युक्ति
संशोभितं निगम जीवनं आततान ।
भट्टस्य तस्य बुधसंहति संस्तुतस्य
वेषान्तरं तु निगमान्तवचोविचारि ।। १६ ।।

એ તંત્રવાર્તિક મહા દલીલે ભરેલ
વેદાપદેશ કરવા રચનાર શ્રેષ્ઠ
વિદ્વાનમાન્યજ કુમારિલ ભટ્ટ તેના
વેદાંતબોધ કરવા અવતાર આપ. ૧૬

જેણે વેદની રચનાઓના સાર રૂપ ''તન્ત્ર વાર્તિક'' પુસ્તક લખ્યું છે અને પંડિતોની સભામાં જેમની ખૂબ સ્તુતિ છે તેવા વિદ્વાન કુમારિલ ભટ્ટનો જેઓ અવતાર છે, અને જેઓ હાલ વેષ બદલી કેવળ વેદાંતના અર્થોનો બોધ આપે છે.

वेदशीर्षचयसार संग्रहं
पंचरत्नं अरूणाचलस्य यः ।
गुप्तं अल्पं अपि सर्वतोमुखं
सूत्रभूतं अतनोत् इमं गुरूम् ।। १७ ।।

સાર વેદઉપનિષદો તણા
પંચરત્ન અરૂણાચલે કવ્યાં
અર્થગૂઢ વળી સર્વતોમુખી
કાવ્યશ્રેષ્ઠ રચનાર હે ગુરૂ! ૭

જેમણે વેદાંત - વાક્યોના સાર રૂપ ટૂંકમાં સૂત્રાત્મક ''શ્રી અરૂણાચલ પંચરત્ન'' ની રચના કરી છે એ ગુરૂદેવને -

देववाचि सुतरां अशिक्षितं
काव्यगंधरहितं च यद्यपि ।
ग्रन्थकर्मणि तथा अपि संस्फुरत्
भाषित अनुचर भाव संचयम् ।। १८ ।।

દેવવાણી મહિ જે અજાણ છે
કાવ્યશાસ્ત્રવિણ છે છતાંય જે
સ્ફુર્તિદાયિ કવિ ગ્રંથરૂપમાં
ભાવપ્રેરક તમે મહાગુરૂ! ૧૮

સંસ્કૃત ભાષાનું શિક્ષણ મેળવ્યું ન હોવા છતાં તેમજ કાવ્યશાસ્ત્રનો લેશમાત્ર પરિચય ન હોવા છતાં જેમની ગ્રંથ રચનામાં સ્ફુરિત વાણીને અનુરૂપ ભાવ સમૂહનું અનુસરણ જોવામાં આવે છે એવા -

लोकमातृकुचदुग्धपायिनः
शंकरस्तवकृतः महाकवेः ।
द्राविड द्विज शिशोः नटद्गिरः
भूमिकान्तरं अपारमेधसम् ।। १९ ।।

લોકમાતસ્તનદૂધ પામીને
શંકરસ્તવન કાવ્ય જે રચે
દ્રાવિડદ્વિજશિશુ ગિરા ઝરે
તે જ સંત અવતાર આપે છો. ૧૯

શ્રી જગદંબાના સ્તનનું પાન કરવાવાળા, શિવની સ્તુતિ કરવાવાળા અને સરસ્વતીને નચાવડાવવા વાળા દ્રવિડ બ્રાહ્મણ બાલક જ્ઞાન સંબંધ ના જેઓ અવતાર છે, જેઓ અપાર મેધાયુકત છે -

भूतले तु इह तृतीयं उद्भवं
क्रौंच भूम्रिधररन्ध्र कारिणः ।
ब्रह्मनिष्ठित दशा प्रदर्शनात्
युक्तिवाद तिमिरस्य शान्तये ।। २० ।।

કાર્તિકેયઅહિં ત્રીજી વાર શા
આત્મનિષ્ઠ સ્થિતિ દાખવી રહ્યા
યુક્તિ વાદ તિમિરે છવાયલી
ભૂમિમાં પરમ શાંતિ સ્થાપવા. ૨૦

ક્રૌંચ પર્વતને વિદીર્ણ કરવાવાળા ભગવાન સુબ્રહ્મણ્યમનો આપૃથ્વી પર આ ત્રીજો અવતાર છે, જે આપે બ્રહ્મનિષ્ઠાની દશા સૌને દેખાડી તર્ક-વાદ રૂપી અંધકારનો નાશ કરવા ધારણ કર્યો છે.

कुम्भयोनिमुखमौनिपूजिते
द्राविडे वचसि विश्रुतं कविम् ।
दृष्टवन्तम् अजरं परं महः
केवलं धिषणया गुरूं विना ।। २१ ।।

કાવ્યદ્રાવિડ ગિરા વિષે કર્યાં
અગસ્ત્ય સમ સંતની ગિરા
દષ્ટિ દીર્ઘ થકી જયોતિ મેળવી
આપબુદ્ધિબળથી, ગુરૂ વિના. ૨૧

જેઓ અગસ્ત્ય આદિ મુનિઓ દ્વારા પૂજિત દ્રવિડ ભાષાના પ્રખ્યાત કવિ છે, જેમણે ગુરૂ વિના કેવળ પોતાની પ્રતિભાથી અજર અમર મહાન જયોતિનાં દર્શન કર્યાં છે એવા -

बालके अपि जड गोपके अपि वा
वानरे अपि शुनि वा खले अपि वा ।
पण्डिते अपि पदसंश्रिते अपि वा
पक्षपात रहितं समेक्षणम् ।। २२ ।।

બાલ, ગોપ જડ, વાનરો પ્રતિ
શ્વાન, ભકત, ખલ, પંડિતો પ્રતિ
સર્વે કોઇ નિજ આશ્રિતો પ્રતિ
પક્ષપાતવિણ દષ્ટિ આપની. ૨૨

જેઓ બાળક, જડગોવાળ, વાનર, કૂતરું, પંડિત અને પોતાના ભકતમાં પક્ષપાત-રહિત સમદ્રષ્ટિ રાખે છે.

शक्तिमन्तं अपि शान्तिसंयुतं
भक्तिमन्त् अपि भेदवर्जितं ।
वीतरागं अपि लोकवत्सलं
देवतांशं अपि नम्रचेष्टितम् ।। २३ ।।

શકિતમંત પણ શાંતિપૂર્ણ છે,
ભકિતવંત પણ ભેદહીણ છે,
વીતરાગી પણ લોકપ્રેમી છે,
દેવતાંશ પણ નમ્રતાભર્યા. ૨૩

જેઓ શક્તિશાળી હોવા છતા શાંત છે, ભકત હોવા છતાં ઈશ્વરથી ભેદ દ્રષ્ટિ વિનાના છે, રાગ રહિત હોવા છતાં બધાંને પ્રેમ કરવાવાળા છે અને દેવાંશી હોવા છતાં નમ્ર ચેષ્ટાવાળા છે -

एषः यामि पितुः अन्तिकं मम
अन्वेषणं तु न विधीयतां इति ।
संविलिख्य गृहतः विनिर्गतं
शोणशैलचरणं समागतम् ।। २४ ।।

જાઉં છું મુજ પિતા સમીપ હું
શોધ નાહિ કરશો લગીર કો
પત્ર એમ લખી ચાલી નીકળ્યા
શોણશૈલચરણે જઇ રહ્યા. ૨૪

"મારા પિતા પાસે જઈ રહ્યો છું મારી શોધખોળ ન કરશો "એવું લખીને જેઓ ઘરેથી નીકળી ગયા અને શ્રી અરુણાચલનાં ચરણોમાં આવી પહોંચ્યા-

इदृशं गुणगणैः अभिरामं
प्रश्रयेण रमणं भगवन्तम् ।
सिद्धलोकमहिमानं अपारं
पृष्टवान् अमृतनाथ यतीन्द्रः ।। २५ ।।

પૂર્ણ જે ગુણગણે સુખદાતા
તે ગુરૂ રમણપાયચૂમીને
સિદ્ધ આત્મા મહિમા પ્રીછવાને
પૂછયું તુ અમૃતનાથ યતીંદ્રે. ૨૫

આવા સદ્‌ગુણોથી સુંદર ભગવાન શ્રી રમણને અમૃતનાથ યતીન્દ્ર દ્વારા સિદ્ધ પુરુષોનાં અપાર મહિમા વિશે વિનયપૂર્વક પ્રશ્ન પૂછવામાં આવ્યો.

आह तं सः भगवान् अगवासी
सिद्धलोकमहिमा तु दुरूहः ।

ते शिवेन सदृशाः शिवरूपाः
शक्नुवन्ति च वराणि अपि दातुम् ।। २६ ।।

તે શૈલવાસી ભગવંત મહર્ષિ ઉચર્યા
છે સિદ્ધ આત્મ મહિમા અણકલ્પ્યદુષ્કર
છે સિદ્ધ શંકર સમા શિવના સ્વરૂપે
છે તે સમર્થ વર આશિષ આપવાને. ૨૬

ત્યારે અરુણાચલ વાસી ભગવાન શ્રી રમણે ઉત્તર આપ્યો કે સિદ્ધ લોકોનો મહિમા કલ્પનામાં પણ ન આવે તેવો છે. તેઓ શિવજી સમાન છે. સાક્ષાત્ શિવરૂપ છે અને વરદાન દેવામાં પણ સમર્થ છે.

इति श्री रमणगीतासु ब्रह्मविद्यायां योगशास्त्रे
रमणान्तेवासिनो वासिष्ठस्य गणपतेरूपनिबन्धे
सिद्धमहिमानुकीर्तनं नाम अष्टादशोऽ~~ध्यायः~~
ध्याय: ।।

इति श्री रमणगीता समाप्ता ।।
ॐ तत्सत् ।। श्री रमणार्पणम् अस्तु ।।